# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

તારીખ : ૦૯ જૂન ૨૦૨૫, સોમવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, જેઠ સુદ ૧૩ | અંક : ૩૩૭ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. મો. : ૯૯૯૮૮ ૫૦૯૯૨ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886


### ન્યૂઝ બ્રિફ

## ચિરાગ પાસવાન બિહારમાં એકલા હાથે ચૂંટણી લડશે



। (એજન્સી) પટણા, તા.૮ ।
આ વર્ષના અંતે બિહારમાં વિધાનસભા ચૂંટણી યોજાવાની છે, ત્યારે ભાજપની આગેવાની હેઠળના NDA ગઠબંધનના સાથી પક્ષે ગઠબંધનની વિરુદ્ધમાં જઈને રાજ્યની તમામ બેઠકો પર ઉમેદવારો ઉતારવાની જાહેરાત કરી છે. લોક જનશક્તિ પાર્ટી (રામવિલાસ)ના રાષ્ટ્રીય અધ્યક્ષ અને કેન્દ્રીય મંત્રી ચિરાગ પાસવાને મોટી જાહેરાત કરીને બિહારની તમામ ૨૪૩ બેઠકો પર એકલા હાથે ચૂંટણી લડવાની જાહેરાત કરી છે. ચિરાગે આક્ષેપ કર્યો છે કે, બિહારમાં મને અને અમારી પાર્ટીને ખતમ કરવા માટે કેટલાક લોકોએ મોટું ષડયંત્ર રચ્યું છે. મને તોડવા માટે મારા પરિવારને પણ તોડવામાં આવ્યો, મને ઘરમાંથી પણ કાઢી મુકાયો, પરંતુ મેં ક્યારે હાર માની નથી, કારણ કે, હું સિંહનો પુત્ર છે.

## એલોન મસ્કને ભોગવવા પડી શકે છે ગંભીર પરિણામો



। (એજન્સી) વોશિંગ્ટન, તા.૮ ।
યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને ટેસ્લાના માલિક એલોન મસ્ક વચ્ચેની મિત્રતાનો અંત આવી ગયો છે. હવે બંને એકબીજા સાથે સમાધાન કરવાના મૂડમાં હોય તેવું લાગતું નથી. શનિવાર, ૭ જૂન, ૨૦૨૫ ના રોજ, ટ્રમ્પે સ્પષ્ટ કર્યું કે તેમને મસ્ક સાથેના સંબંધો સુધારવામાં કોઈ રસ નથી, જોકે તેમણે ચોક્કસપણે મસ્કને ચેતવણી આપી છે કે જો તેઓ આગામી ચૂંટણીઓમાં ડેમોક્રેટ્સને મદદ કરશે, તો તેમને ગંભીર પરિણામોનો સામનો કરવો પડી શકે છે. એક ઈન્ટરવ્યુમાં ટ્રમ્પને પૂછવામાં આવ્યું કે શું તેમના અને મસ્ક વચ્ચેના સંબંધો પૂરો થઈ ગયો છે, જેના જવાબમાં ટ્રમ્પે જવાબ આપ્યો, 'હા, મને એવું લાગે છે.' ટ્રમ્પે કહ્યું કે તેઓ હાલમાં અન્ય કામમાં વ્યસ્ત છે. તેમણે આગળ કહ્યું, 'તમે જાણો છો કે મેં ભારે મતદાનથી ચૂંટણી જીતી હતી. મેં તેમને ઘણી તકો આપી હતી, આવું થયું તે પહેલાં. મેં તેમને મારા પહેલા વહીવટમાં તકો આપી હતી.'

### પિનકોડ હવે ભૂતકાળ બની જશે!

# DIGI પિનકોડ બનાવ્યા બાદ સરનામું આપવાની જરૂર નહીં રહે

### ભારત સરકારના પોસ્ટલ ડિપાર્ટમેન્ટે હવે ડીજીપિન વિકસાવી છે, તેમાં દરેક વ્યક્તિ પોતાના ઘર અને ઓફિસનો અલગ ડીજીપિન જનરેટ કરી શકશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૮ ।
તમારુ ઘર ક્યાં છે, એડ્રેસ મળતું જ નથી જેવી ફરિયાદ સાથે હવે તમને કોઈનોય ફોન આવશે નહિ. આ કમાલ છે DIGI પિનની. હા, ભારત સરકારના પોસ્ટલ ડિપાર્ટમેન્ટે હવે ડીજીપિન વિકસાવી છે. તેમાં દરેક વ્યક્તિ પોતાના ઘર અને ઓફિસનો અલગ ડીજીપિન જનરેટ કરી શકશે. આ ડીજીપિનને કારણે ઘર અને ઓફિસનું એક્ઝેટ લોકેશન જોઈ શકાશે. એડ્રેસ શોધવા માટે કોઈને પણ પૂછવાની જરૂર ઊભી થશે નહિ. એકવાર તમે તમારો ડીજીપિન ડેવલપ કરી લેશો તો પછી પોસ્ટલ એડ્રેસમાં તમારે પિનકોડ લખવાની જફા પણ કરવી પડશે નહિ. આ ડીજીપિનના ૧૦ અક્ષરના આલ્ફાન્યુમરિક કોડની મદદથી તમારા ઘરનું એકદમ ચોક્કસ લોકેશન જાણી શકાશે. ભારત સરકારના પોસ્ટ ડિપાર્ટમેન્ટે ડીજીપિન ડેવલપ કરી છે. તેની પાછળનો મૂળભૂત હેતુ તમારી કોઈપણ વસ્તુની ડિલીવરી એકદમ સરળતાથી થઈ જાય તે જોવાનો છે. એડ્રેસ શોધવા માટે કોઈને પૂછવાની કે એક જગ્યાએથી બીજી જગ્યાએ જવાની તકલીફથી છુટકારો મળશે. ડીજીપિન ૧૦ અક્ષર આલ્ફાન્યુમરિક કોડ એટલે કે અને આંકડા અને અક્ષરનો મિક્સ કોડ છે. આ કોડ પ્રોપર્ટીનું અત્યંત ચોકસાઈપૂર્ણ લોકેશન બતાવે છે. અત્યાર સુધી ચાલી રહેલી પિનકોડ સિસ્ટમમાં બહુ જ મોટા એરિયામાં આવેલી મિલકતોમાંથી તમારી મિલકત કઈ છે તે શોધી કાઢવાની ઝંઝટ કરવી પડતી હતી. હવે ડીજીપિનથી ઘર કે ઓફિસનો એક્ઝટ લોકેશન જાણી શકાય છે.

ડીજીપિન જનરેટ કરવા માટે સરકારની વેબસાઈટ પર જઈને તેના પર તમારા ઘરનું કે ઓફિસનું લોકેશન શોધી કાઢીને તમે પોતે જ તમારો યુનિક કોડ જનરેટ કરી શકશો. યુનિક કોડ જનરેટ થઈ ગયા પછી દૂરસુદૂરના કે ગામડાંના અંતરિયાળ વિસ્તારમાં પણ ઘર શોધવામાં તકલીફ પડશે નહિ.

ઓનલાઈન શોપિંગ કરનારા, લોજિસ્ટિકની એટલે કે માલની હેરફેર કરવાની સેવા પૂરી પાડનારાઓ અને કોઈ ઈમરજન્સીમાં કોઈને ફોન કર્યો હોય તો ૧૦૮ જેવી સુવિધા આપનારાઓને ઘર કે ઓફિસ કે જે તે લોકેશન શોધી કાઢવામાં જરાય તકલીફ પડશે નહિ. એડ્રેસ પર ડિલીવરી કરવામાં અત્યારે જે ભૂલ થાય છે તે ભૂલ થવાની સંપૂર્ણપણે અટકી જવાની સંભાવના છે. ઓનલાઈન વસ્તુની ખરીદી કરનાર ડીજીપિન આપી દે તો તેમણે મંગાવેલા પ્રોડક્ટ્સની ડિલીવરી બીજે થવાની સંભાવના નહિવત થઈ જશે. ડિલીવરી આપવાની કામગીરી ઝડપી બની જશે. ડીજીપિન રાષ્ટ્રીય સ્તરની જિયો (ભોગોલિક વિસ્તારના કોડ) કોડેડ એડ્રેસ સિસ્ટમ છે.

### અખિલેશ-જયાએ આશીર્વાદ આપ્યા

## સ્ટાર ક્રિકેટર રિંકુ સિંહ અને સાંસદ પ્રિયા સરોજે કરી સગાઈ

### આ ખાસ પ્રસંગે પૂર્વ ક્રિકેટર પ્રવીણ કુમાર, પિયુષ ચાવલા અને આર્યન જુયાલ સહિતના મહેમાનો પહોંચ્યા હતા



। (એજન્સી) લખનઉ, તા.૮ ।
ભારતીય ટીમના સ્ટાર ક્રિકેટર રિંકુ સિંહ અને સમાજવાદી પાર્ટી (SP) ના સાંસદ પ્રિયા સરોજે આજે લખનઉમાં સગાઈ કરી. શહેરની ૫-સ્ટાર હોટલમાં સગાઈ રાખવામાં આવી હતી. આ ખાસ પ્રસંગે પૂર્વ ક્રિકેટર પ્રવીણ કુમાર, પિયુષ ચાવલા અને ઉત્તર પ્રદેશ રણજી ટીમના કેપ્ટન આર્યન જુયાલ સહિતના મહેમાનો પહોંચ્યા હતા. રિંકુ સિંહ અને પ્રિયા સરોજ બંને એકબીજાના હાથમાં હાથ નાખી સ્ટેજ પર પહોંચ્યા હતા અને રિંગ સેરેમની યોજાઈ હતી. અખિલેશ સિંહ, જયા બચ્ચન સહિતના દિગ્ગજો પણ કાર્યક્રમમાં પહોંચ્યા હતા. સગાઈ માટે બંનેએ એકબીજા માટે સ્પેશિયલ રિંગ મગાવી હતી. પ્રિયાએ કોલકાતાથી ડિજાઈનર રીંગ ખરીદી હતી જોકે રિંકુએ મુંબઈથી ખાસ અંગૂઠી મગાવી હતી. જેની કિંમત આશરે અઢી લાખ રૂપયા જણાવવામાં આવી છે.

હોટલમાં રિંગ સેરેમની માટે ૧૫ રૂમ બુક કરવામાં આવ્યા હતા, જેમાંથી ૫ રૂમ રિંકુના મિત્રો માટે રિઝર્વ રખાયા હતા. આ સગાઈ સમારોહમાં અખિલેશ યાદવ, ડિમ્પલ યાદવ અને પ્રિયાના સાંસદ મિત્ર ઈકરા હસન પણ હાજર રહ્યા હતા. સુરક્ષા માટે ખાસ વ્યવસ્થા કરવામાં આવી હતી. ૩૦૦ મહેમાનોને સ્પેશિયલ પાસથી એન્ટ્રી આપવામાં આવી હતી, જેમાં બારકોડ સ્કેનિંગ સિસ્ટમ લગાવવામાં આવી હતી.

રિંકુના પરિવારના સભ્યો, તેમના ભાઈ, બહેન અને અન્ય સંબંધીઓ સગાઈના પ્રસંગે મસ્તી કરતા અને સેલ્ફી લેતા જોવા મળ્યા હતા. આ દરમિયાન, પરિવારના સભ્યો અને તેમના મહેમાનોએ લખનવી ભોજનનો આનંદ માણ્યો હતો. હોટલના 'ફલકર્ન હોલ' ને સગાઈ સમારોહ માટે પસંદ કરવામાં આવ્યો હતો. તેમજ ભોજનમાં લખનવી ડીશનો સમાવેશ કરવામાં આવ્યો છે, જેમાં રિંકુ અને પ્રિયાની ફેવરીટ ડિશનું ખાસ ધ્યાન રાખવામાં આવ્યું છે.

જાન્યુઆરીમાં કેરાકતથી સમાજવાદી પાર્ટીના ધારાસભ્ય અને પ્રિયા સરોજના પિતા તુફાની સરોજે જણાવ્યું હતું કે તેમના પરિવારે અલીગઢમાં રિંકુ સિંહના પિતા સાથે બંનેના સંભવિત લગ્ન વિશે ચર્ચા કરી હતી. બંને પરિવારો સંબંધ માટે રાજી થઈ ગયા હતા. તુફાની સરોજે એ પણ જણાવ્યું હતું કે, પ્રિયાની મુલાકાત રિંકુ સાથે એક કોમન ફ્રેન્ડ દ્વારા થઈ હતી, જેના પિતા પણ ક્રિકેટર છે. રિંકુ અને પ્રિયા એકબીજાને એક વર્ષથી વધુ સમયથી જાણે છે.

### પીએમ મોદીએ 'X' પર ૫૧ સેકન્ડનો વિડીયો પોસ્ટ કર્યો

## પ્રધાનમંત્રી મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકારે ૧૧ વર્ષ પૂર્ણ કર્યા

### મહિલાઓ માટે શરૂ કરાયેલી જન કલ્યાણકારી યોજનાઓથી મહિલાઓના જીવનમાં ઘણો બદલાવ આવ્યો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૮ ।
પ્રધાનમંત્રી મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકારે ૧૧ વર્ષ પૂર્ણ કર્યા છે. પ્રધાનમંત્રી મોદીના કાર્યકાળ દરમિયાન મહિલાઓ માટે શરૂ કરાયેલી જન કલ્યાણકારી યોજનાઓથી મહિલાઓના જીવનમાં ઘણો બદલાવ આવ્યો છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર ૫૧ સેકન્ડનો વિડીયો પોસ્ટ કર્યો છે અને કહ્યું કે, ૧૧ વર્ષમાં આપણી નારી શક્તિની સફળતા દેશવાસીઓ માટે એક મોટી વાત



છે જેને લઈને દરેક વ્યક્તિ ગર્વ અનુભવે છે. આ વીડિયોમાં જોવા મળી રહ્યું છે કે, ઉજ્જવલા યોજના હેઠળ લાખો મહિલાઓને મફત LPG કનેક્શન મળ્યા, જેનાથી તેમની જીવનશૈલીમાં સુધારો થયો છે. 'બેટી બચાઓ બેટી પઢાઓ' અભિયાને લિંગ સમાનતા અને છોકરીઓના શિક્ષણને પ્રોત્સાહન આપ્યું છે. પ્રધાનમંત્રી મુદ્રા યોજનાએ સ્વરોજગાર માટે મહિલાઓને સરળ લોન આપીને આર્થિક સશક્તિકરણમાં વધારો કર્યો છે. પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ મહિલાઓના નામે મકાનની માલિકી આપવાથી તેમની સામાજિક સુરક્ષા વધુ મજબૂત બની છે. આ બધી યોજનાઓથી મહિલાઓનાજીવનમાં સકારાત્મક પરિવર્તન આવ્યો છે અને સામાજિક તેમજ આર્થિક તરફનો માર્ગ પણ ખુલી ગયો છે. પીએમ મોદીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર વીડિયો પોસ્ટ કર્યો અને લખ્યું કે, 'આપણી માતાઓ, બહેનો અને પુત્રીઓએ એવો યુગ પણ જોયો છે કે જેમાં તેમને દરેક પગલે મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો. જો કે, આજે તેઓ માત્ર વિકસિત ભારતના સંકલ્પ માં ભાગીદારી જ નથી આપી રહી પણ શિક્ષણ અને વ્યવસાયથી લઈને દરેક ક્ષેત્રમાં પ્રેરણા બની રહી છે. છેલ્લા ૧૧ વર્ષોમાં અમારી નારી શક્તિની સફળતાઓ દેશવાસીઓને ગૌરવ અપાવે તેવી રહી છે.

### નેતાને છોડાવવા દેખાવો

## મણિપુરમાં ફરી તણાવઃ ૫ જિલ્લામાં કરફ્યુ અને ઈન્ટરનેટ સેવા બંધ કરાઈ

। (એજન્સી) મણિપુર, તા.૮ ।
મણિપુરમાં ફરી એકવાર સ્થિતિ તણાવપૂર્ણ બની રહી છે. અહેવાલ છે કે મૈતેઇ નેતાઓની ધરપકડ બાદ ઘણા વિસ્તારોમાં વિરોધ પ્રદર્શનો શરૂ થઈ ગયા હતા. પરિસ્થિતિને જોતા, મણિપુર સરકારે રાજ્યના ઈમ્ફાલ પશ્ચિમ, ઈમ્ફાલ પૂર્વ, થૌબલ, કાકચિંગ અને વિષ્ણુપુર એમાં પાંચ જિલ્લાઓમાં પાંચ દિવસ માટે ઈન્ટરનેટ સેવા બંધ કરી દીધી છે. આ સાથે જ આ જિલ્લાઓમાં વધુ લોકોને એકઠા થવા પર પણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. રાજ્યમાં વધતા તણાવ અને અફવાઓથી બચવા માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે. સરકારને આશંકા છે કે કેટલાક લોકો સોશિયલ મીડિયા પર ભડકાઉ સંદેશાઓ અને ખોટા સમાચાર ફેલાવીને વાતાવરણ બગાડી શકે છે. સરકારના આદેશમાં કહેવામાં આવ્યું છે કે, આનાથી લોકોના જીવને જોખમ, સંપત્તિને નુકસાન અને સાંપ્રદાયિક તણાવ ફેલાઈ શકે છે. તેથી, મોબાઈલ ઈન્ટરનેટ, સોશિયલ મીડિયા એપ્સ, VPN, ડોંગલ જેવી સેવાઓ રાત્રે ૧૧:૪૫ વાગ્યાથી બંધ કરી દેવામાં આવી છે." મીડિયા રિપોર્ટ્સ અનુસાર શનિવારે મોડી રાત્રે મૈતેઇ નેતા અરંબાઈ ટેંગોલની ધરપકડ કરવામાં આવતા ઈમ્ફાલ પૂર્વ અને પશ્ચિમ જિલ્લામાં ભારે વિરોધ પ્રદર્શનો ફાટી નીકળ્યા હતા.

### પોલીસે આરોપી હુમલાખોરની ધરપકડ કરી

## કોલંબિયાના રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર પર જીવલેણ હુમલો

### કોલંબિયામાં રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર મિગુએલ ઉરીબે ને ચૂંટણી પ્રચાર દરમિયાન એક યુવકે ગોળી મારી દીધી

। (એજન્સી) કોલંબિયા, તા.૮ ।
કોલંબિયાના રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર મિગુએલ ઉરીબેને ચૂંટણી પ્રચાર દરમિયાન ગોળી વાગી છે. આ ઘટના બાદ તેમને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા, જ્યાં તેમની હાલત ગંભીર છે. જ્યારે ઉરીબે પર આ હુમલો થયો ત્યારે તેઓ બોગોટામાં એક રેલીને સંબોધિત કરી રહ્યા હતા.



તમને જણાવી દઈએ કે કોલંબિયામાં આવતા વર્ષે ચૂંટણી યોજાવાની છે, તેથી ઉરીબે ને જીતનો મુખ્ય દાવેદાર માનવામાં આવતા હતા. ઉરીબે વિરોધી પાર્ટી સેન્ટ્રો ડેમોક્રેટિકો કન્ઝર્વેટિવ પાર્ટીના સભ્ય છે. આ કેસમાં પોલીસે આરોપી હુમલાખોરની ધરપકડ કરી છે. આ કેસમાં માહિતી આપતા બોગોટાના મેયરે કહ્યું કે હુમલો શહેરના ફોતિંબોન વિસ્તારમાં થયો હતો. હુમલાને ધ્યાનમાં રાખીને શહેરભરની હોસ્પિટલો એલર્ટ પર છે. ટ્રમ્પ સરકારમાં વિદેશ પ્રધાન માર્કો રુબિયોએ કહ્યું કે અમે હત્યાના પ્રયાસની નિંદા કરીએ છીએ. આ હુમલો લોકશાહી માટે ખતરો છે. તમને જણાવી દઈએ કે ઉરીબે કોલંબિયાના જાણીતા નેતા છે. તે કોલંબિયાના એક અગ્રણી રાજકીય પરિવાર સાથે સંબંધ ધરાવે છે.

### ૨૦% યુક્રેન હવે રશિયાના તાબા હેઠળ

## પુતિનની આર્મીએ યુક્રેનના વધુ એક શહેર ઉપર કબજો કર્યો

। (એજન્સી) મોસ્કો, તા.૮ ।
રશિયા-યુક્રેન યુદ્ધને ત્રણ વર્ષ પૂર્ણ થઈ ગયા છે પરંતુ હજુ પણ આ યુદ્ધ દિવસેને દિવસે ભયાનક રૂપ ધારણ કરી રહ્યું છે. તાજેતરમાં યુક્રેન દ્વારા રશિયા પર કરાયેલા ઘાતક હુમલા અને રશિયાના વળતા હુમલાએ આ યુદ્ધને વધુ ખતરનાક બનાવી દીધુ છે. આ મહાયુદ્ધની સૌથી ભયાનક બાબત એ છે કે તે ત્રણ વર્ષથી સતત ચાલુ જ છે. એક તરફ યુક્રેન રશિયાની અંદર સેંધ લગાવીને તેની ધરતીને હચમચાવી રહ્યું છે તો બીજી તરફ રશિયન આર્મી સતત યુક્રેનના શહેરો પર કબજો કરી રહી છે. રવિવારે રશિયન રક્ષા મંત્રાલયે દાવો કર્યો કે, અમારી સેનાએ યુક્રેનના ડોનેટ્સક ક્ષેત્રમાં ઝોરિયા નામના શહેર પર કબજો કરી લીધો છે. આ સાથે જ રશિયાએ યુક્રેનના લગભગ ૨૦% પ્રદેશ પર નિયંત્રણ સ્થાપિત કરી લીધું છે. એક અહેવાલ પ્રમાણે યુક્રેનમાં અત્યાર સુધીમાં રશિયન સેનાએ ૧,૧૨,૦૦૦ ચોરસ કિલોમીટરથી વધુ જમીન પર કબજો કરી લીધો છે. તેમાં ક્રીમિયા, ડોનેટ્સક, લુહાન્સ્ક, ખેરસોન અને ઝાપોરિજ્જિઝયાનો મોટો ભાગ શામેલ છે. આ પ્રદેશ યુક્રેનના કુલ વિસ્તારના લગભગ પાંચમા ભાગ જેટલો છે. રશિયાની આ તાજેતરની સૈન્ય સફળતા અચાનક બનેલી ઘટના નથી.




## સુરેન્દ્રનગર-ધ્રાંગધ્રા હાઈવે પર હિટ એન્ડ રન

। (એજન્સી) સુરેન્દ્રનગર, તા.૮ ।

ગુજરાતમાં અવારનવાર અકસ્માતની ઘટના સામે આવતા હોય છે. ત્યારે સુરેન્દ્રનગર-ધ્રાંગધ્રા હાઈવે પર હિટ એન્ડ રનની ઘટના સામે આવી છે. દુધરેજ ફાટક પાસે અકસ્માતમાં ૩ યુવકોના મોત નિપજ્યાં છે. ટ્રક અને બાઈક વચ્ચે અકસ્માતમાં ૩ યુવકોના મોત થયું છે. અકસ્માત સર્જાતા તાત્કાલિક ધોરણે સ્થાનિકો ઘટના સ્થળે દોડી આવ્યા હતા. પરંતુ અકસ્માતમાં બાદ ટ્રક ચાલક ઘટના સ્થળેથી ફરાર થઈ ગયો છે. પોલીસ મૃતદેહોને પી.એમ અર્થે ખસેડી વધુ તપાસ હાથ ધરી છે. બીજી તરફ રાજકોટ શહેરમાં હિટ એન્ડ રનની ઘટના સામે આવી છે. લીમડા ચોક પાસે કારે વૃદ્ધને અડફેટે લેતા ઘટના સ્થળે જ મોત થયું છે. કાર ચાલક અકસ્માત સર્જી ઘટના સ્થળેથી ફરાર થઈ ગયો હતો. પરિવારનો આધારસ્તંભ છીનવાઈ જતા પરિવારમાં આક્રંદ જોવા મળ્યો છે. આરોપી પકડાય નહીં ત્યાં સુધી પરિવારનો મૃતદેહ સ્વીકારવાનો ઈન્કાર કર્યો છે. પોલીસે કારચાલકને ઝડપી પાડવા કામગીરી હાથ ધરી છે.

## ખેડૂતો અને પશુપાલકોને પારાવાર મુશ્કેલી પડી રહી છે

। (એજન્સી) પાલનપુર, તા.૮ ।

પાલનપુર અને વડગામ તાલુકાનો ધાણધાર વિસ્તાર જે દસ વર્ષ અગાઉ ભૂગર્ભજળથી સમુદ્ધ હતો. તે આજે પાણી માટે વલખા મારી રહ્યો છે. કારણ કે છેલ્લા દસ વર્ષમાં પાણીના ભૂગર્ભજળ ઊંડા ઊતરી ગયા છે. નદી નાળા સુકાઈ ગયા છે. તો બીજી તરફ ખેડૂતો અને પાણી આપી શકે એવા નથી કોઈ ડેમ અથવા તો કોઈ કેનાલ નથી. ત્યારે ખેડૂતોને સિંચાઈના પાણી માટે વલખાં મારવાનો વારો આવ્યો છે. ગ્રામજનોને પણ પીવાના પાણી માટે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. ત્યારે સ્થાનિકોને મોટી આશા છે કે નર્મદાની જે પાઈપ લાઈન દ્વારા સરકારની સૌની યોજના હેઠળ ગામડે ગામડે તળાવ ભરવાનું અને મુક્તેશ્વર અને ધર્માવદ તળાવમાં પાણી નાખવાનું કામ છે. તે ઝડપથી થાય. જેથી આસપાસના ગામનાં પાણીના તળ ઊંચા આવે અને આ સમસ્યામાંથી મૂક્તી મળે. બનાસકાંઠામાં પાણીની સ્થિતિને લઈને સરકાર પણ ચિંતિત છે. ભૂગર્ભ જળ માટે જળ સિંચાઈ અંતર્ગત બનાસકાંઠામાં સતર સૌથી વધુ તળાવો ઊંડા કરાયા છે.

### નાગરિકોના હિતમાં સરકારનો મોટો નિર્ણય

## ૧૪૯ નગરપાલિકાઓને કુલ ૧૦૭ કરોડ રૂપિયાની ગ્રાન્ટ ફાળવવાની સૈદ્ધાંતિક મંજૂરી

। (એજન્સી) ગાંધીનગર, તા.૮ ।

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ચાલુ વર્ષે ચોમાસા દરમિયાન ભારે વરસાદને કારણે રાજ્યના શહેરી વિસ્તારોના રસ્તાઓને ભારે નુકસાન થાય તો રિસરફેસ અને રિપેરીંગ કામગીરી તાકીદે શરૂ થઈ શકે તેવું આગોતરું આયોજન કર્યું છે.

આ હેતુસર, મુખ્યમંત્રીએ સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અન્વયે મુખ્યમંત્રી શહેરી સડક યોજનામાંથી રાજ્યની ૧૪૯ નાગર પાલિકાઓને કુલ ૧૦૭ કરોડ રૂપિયાની ગ્રાન્ટ ફાળવવાની સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. ચોમાસાની ઋતુ દરમિયાન ભારે વરસાદને પરિણામે રાજ્યના શહેરી વિસ્તારોના રસ્તાઓને ભારે નુકસાન થવું સંભવિત છે. નુકસાન પામેલા આવા રસ્તાઓનું વહેલી તકે રિસરફેસિંગ અને રિપેરીંગ કરીને નગરોમાં વધુ માર્ગ સલામતી તથા સારા રસ્તાની સુવિધા મળી રહે તેવો જનહિત અભિગમ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અપનાવ્યો છે. એટલું જ નહિં, જે નગરોમાં રસ્તાઓની પ્રવર્તમાન સ્થિતિ ગટર, પીવાના પાણી માટેની પાઈપલાઈન સહિતના કામો માટે રસ્તાઓના ખોદકામના કારણે પણ જો સારી ન હોય તો તેવા નગરોમાં ચોમાસા પૂર્વે રોડ રિપેરિંગ માટે સંબંધિત નગરપાલિકાઓની માંગણી અનુસાર રાજ્ય સરકાર નાણાં ફાળવણી કરે છે. મુખ્યમંત્રીએ રાજ્યની નગર પાલિકાઓને રોડ રિપેરીંગ-રિસરફેસિંગ માટેના આગોતરા આયોજનના ભાગરૂપે નગરપાલિકાઓના વર્ગ મુજબ ગ્રાન્ટ ફાળવવાની મંજૂરી આપી છે. તદઅનુસાર, 'અ' વર્ગની ૩૭ નગરપાલિકાઓને પ્રત્યેકને ૧ કરોડ પ્રમાણે કુલ ૩૭ કરોડ, 'બ' વર્ગની ૩૪ નગરપાલિકાઓને દરેકને ૮૦ લાખ મુજબ ૨૭ કરોડ, 'ક' વર્ગની ૬૧ નગરપાલિકાઓને નગરપાલિકાદીઠ ૬૦ લાખ પ્રમાણે કુલ ૩૬ કરોડ તેમજ 'ડ' વર્ગની ૧૭ નગરપાલિકાઓને પ્રતિ નગરપાલિકા ૪૦ લાખ પ્રમાણે કુલ ૬.૮૦ કરોડ મળીને સમગ્રતયા ૧૦૭ કરોડ રૂપિયાની ગ્રાન્ટ મુખ્યમંત્રી શહેરી સડક યોજનામાંથી ગુજરાત અર્બન ડેવલપમેન્ટ મિશન દ્વારા સંબંધિત નગરપાલિકાઓને ફાળવવામાં આવશે.

આ ઉપરાંત રાજ્યના નગરોમાં જો ચોમાસાં દરમિયાન ભારે વરસાદના કારણે માર્ગોને વધુ નુકસાન થાય તો તેમને ફાળવવામાં આવેલી આ રકમ ઉપરાંત નગરપાલિકાઓની વધુ જરૂરિયાત અને માંગણી મુજબ રોડ રિપેરિંગ માટે નાણાં ફાળવવાનો પ્રજાલક્ષી અભિગમ પણ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે અપનાવ્યો છે.

### ૨૪ કલાકમાં કેસમાં તોતિંગ વધારો

## રાજકોટની ૭૦ સોસાયટીમાં ફેલાયો કોરોના વાયરસ

। (એજન્સી) રાજકોટ, તા.૮ ।

રાજકોટમાં કોરોનાએ હાફ સેન્ચ્યુરી વટાવી છે. છેલ્લા ૨૪ કલાકમાં, કિશાનપરા, પ્રગતિ સોસાયટી, નેહરુનગર, સરકારી વસાહત ક્વાર્ટર, શક્તિ સોસાયટી, ભોમેશ્વર, હરીનગર અને એ.જી. સોસાયટી પાસેના વિસ્તારોમાં વધુ નવ નવા કેસ નોંધાયા છે. આ સાથે જ રાજકોટ શહેરમાં કુલ સક્રિય કેસનો આંક ૫૧ પર પહોંચ્યો છે. રાજકોટ શહેરમાં કોવિડ-૧૯ના કેસોમાં ફરીથી વધારો જોવા મળ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં વધુ નવ નવા કોવિડ-૧૯ના કેસ નોંધાતા આરોગ્ય તંત્રમાં ચિંતા વ્યાપી છે. પ્રાપ્ત માહિતી અનુસાર, રાજકોટની વિવિધ ૭૦ સોસાયટીઓ સુધી કોરોના ફેલાયો છે. ૨૦ દિવસમાં ૧૦૨ કેસ નોંધાયા છે. દર્દીઓમાં ૫૦ યુવાનોનો પણ સમાવેશ થાય છે. રેસકોર્સ, રામકૃષ્ણ, રૈયારોડ સહિતના વિસ્તારોમાં કોરોનાના બે થી ચાર કેસ નોંધાયા છે. સૌથી વધુ વોર્ડ નંબર ૮ માં ૨૧ કોરોના દર્દીઓ નોંધાયા છે.

### સુરતમાં આપઘાતના કિસ્સા વધી રહ્યાં છે

## બે યુવકોએ આર્થિક તંગીથી કંટાળીને મોત વ્હાલું કર્યું

### છેલ્લા બે વર્ષથી શેરબજાર અને ક્રિપ્ટો કરન્સીમાં નુકશાન થયું હતું : આર્થિક સંકડામણના કારણે યુવકનો આપઘાત

। (એજન્સી) સુરત, તા.૮ ।

સુરતમાં આપઘાતના કિસ્સા વધી રહ્યાં છે. આર્થિક સંકડામણને કારણે સુરતના રત્ન કલાકારે આપઘાત કર્યો છે. જહાંગીરપુરામાં યુવાન રત્નકલાકારે ફાંસો ખાંઈ જીવન ટુંકાવી લીધું છે. છેલ્લા બે વર્ષથી શેરબજાર અને ક્રિપ્ટો કરન્સીમાં નુકશાન થયું હતું. આર્થિક સંકડામણના કારણે યુવકે આપઘાતનું પગલું ભર્યું હોવાનું સામે આવ્યું છે. યુવકે સ્યુસાઈડ નોટમાં પોતે શેરબજાર અને ક્રિપ્ટોમાં નુકશાનીના કારણે દેવું થઈ જતા પગલું ભરી રહ્યા હોવાનો ઉલ્લેખ કર્યો છે. અંકુરપાર્ક સોસાયટીમાં રહેતા ૩૧ વર્ષીય જયદિપ વિનયચંદ્ર ડોબરીયા અગાઉ હીરાના કારખાનામાં કામ કરતા હતા. રત્નકલાકાર યુવક મંદીના લીધે છેલ્લા ઘણા સમયથી બેકાર હતો. યુવકે તેમણે પોતાના ઘરે પહેલા માળે બેઠક રૂમમાં પંખા સાથે ચાદર બાંધી ફાંસો ખાઈ લીધો. જયદિપભાઈએ આપઘાત પહેલા પોતાની દીકરીની નોટબુકમાં પાછળના પાના પર સ્યુસાઈડ નોટ લખીને છોડી છે. જેમાં તેમણે 'હું આપઘાત કરૂ છું તેમાં કોઈનો હાથ નથી. હું મારી મરજીથી આર્થિક સંકડામણના કારણે પગલું ભરૂ છું. મેં જેને પૈસા આપ્યા છે તેમણે મને નથી આપ્યા તેનો મને કોઈ ગમ નથી' તેવો ઉલ્લેખ કર્યો છે. જયદીપે બે વર્ષમાં શેરબજારમાં અને ક્રિપ્ટો કરન્સીમાં નુકશાન થયું હોવાથી આર્થિક સંકડામણ અનુભવતા હોવાનો પણ તેમાં ઉલ્લેખ કર્યો.

સુરતમાં વધુ એક યુવકનો આર્થિક તંગીના લીધે આપઘાત કર્યો છે. પાંડેસરાના દક્ષેશ્વર નગરમાં ૨૫ વર્ષીય યુવકે આપઘાત કર્યો. વિશાલ નરવાડે નામના યુવકની મંદીના લીધે નોકરી છૂટી ગઈ હતી. યુવક ૫ મહિનાથી નોકરીની શોધમાં હતો.

### આજે તે અહેસાસ કરાવી જ દીધો કે હું કઈજ નથી તારા માટે

## ઈન્સ્ટાગ્રામ પર સ્ટોરી મૂકી સુરતની મોડલનો આપઘાત

### અંજલી વરમોરા નામની યુવતીએ સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને જીવન ટૂંકાવતા પોલીસે તપાસ શરૂ કરી

। (એજન્સી) સુરત, તા.૮ ।

સુરતના અઠવા વિસ્તારમાં એક ચોંકાવનારી ઘટના સામે આવી છે, જેમાં અઠવા વિસ્તારમાં આવેલી ખાનગી એજન્સીમાં કામ કરતી મોડલ અંજલી વરમોરાએ આત્મહત્યા કરી લીધી હોવાનું જાણવા મળ્યું છે. આ ઘટનાએ સ્થાનિક સમુદાય અને સોશિયલ મીડિયામાં ભારે ચર્ચા જગાવી છે. પોલીસે આ મામલે તપાસ શરૂ કરી છે, પરંતુ આત્મહત્યાનું ચોક્કસ કારણ હજુ સુધી અકબંધ છે.પોલીસની પ્રાથમિક તપાસમાં આત્મહત્યાનું કારણ પ્રેમ પ્રકરણ હોવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. અંજલી વરમોરાની છેલ્લી સોશિયલ મીડિયા પોસ્ટ, જે હાલમાં વાયરલ થઈ રહી છે. તેમાં તેણે લખ્યું હતું કે, "આજે તે અહેસાસ કરાવી જ દીધો કે હું કઈજ નથી તારા માટે..." આ પોસ્ટે આ ઘટનાને વધુ રહસ્યમય બનાવી દીધી છે અને લોકોમાં અનેક પ્રશ્નો ઉભા કર્યા છે. જોકે, પોલીસે હજુ સુધી આ પોસ્ટની સત્યતા અને તેના સીધા આત્મહત્યા સાથેના સંબંધની પુષ્ટિ કરી નથી. અંજલા વરમોરા એક ઉભરતી મોડલ હતી, જે સુરતના અઠવા વિસ્તારમાં આવેલી ખાનગી એજન્સી સાથે સંકળાયેલી હતી. તેની સોશિયલ મીડિયા પ્રોફાઈલ પર તે ખૂબ જ સક્રિય હતી અને તેની પોસ્ટ્સ દ્વારા યુવાનોમાં લોકપ્રિયતા મેળવી રહી હતી. તેના અચાનક આપ ઘાતથી પરિવારમાં શોકનું મોજુ ફરી વળ્યું છે. અઠવા પોલીસે આ ઘટનાની તપાસ શરૂ કરી દીધી છે. પોલીસ અધિકારીઓના જણાવ્યા મુજબ, અંજલીના મોતના ચોક્કસ કારણોની તપાસ કરવામાં આવી રહી છે. તેના પરિવારજનો, મિત્રો અને સાથીઓની પૂછપરછ કરવામાં આવી રહી છે.

## રસ્તો ઓળંગી રહેલા એક યુવાનનું અજાણ્યા કારની ટક્કરે કરૂણ મૃત્યુ

। (એજન્સી) જામજોધપુર, તા.૮ ।

જામનગર જિલ્લાના જામજોધપુર તાલુકાના જામવાડી ગામમાં રહેતા તુષારભાઈ રમણીકભાઈ ખાંટ (ઉ.વ.૪૫) કે જેઓ ગત ૨૩.૫.૨૦૨૫ના રોજ રાત્રિના ૮:૪૫ વાગ્યે એક ખાનગી ટ્રાવેલ્સની બસમાંથી ઉતરીને જામવાડીના પાટીયા પાસે પોતાના ગામ તરફ જવા માટે રસ્તો ઓળંગી રહ્યા હતા. જે દરમિયાન પુરપાટ ઝડપે આવી રહેલી એક અજાણ્યા કારના ચાલકે તેઓને હડફેટમાં લઈ લેતાં હાથ- પગમાં ફેક્ચર સહિતની ઈજા થઈ હતી. જેને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયા બાદ તેનું મૃત્યુ નીપજ્યું છે. આ અકસ્માતના બનાવ અંગે મૃતકના પિતા રમણીકભાઈ મૂળજીભાઈ ખાંટએ જામ જોધપુર પોલીસ મથકમાં અજાણ્યા કાર ચાલક સામે ફરિયાદ નોંધાવતાં પોલીસે અકસ્માત સર્જનાર કાર ચાલકની શોધખોળ હાથ ધરી છે.

### બે બોટ દ્વારા શોધખોળ શરૂ

## સુરતમાં આરોપીએ પોલીસથી બચવા નદીમાં છલાંગ મારી

। (એજન્સી) સુરત, તા.૮ ।

સુરતથી ફિલ્મી સ્ટાઈલની વિચિત્ર ઘટના સામે આવી છે. આરોપીએ પોલીસથી બચવા માટે નદીમાં છલાંગ લગાવી કૂદકો લગાવી ભાગી ગયો હતો. પોલીસ આરોપીને લઈ જઈ રહી હતી ત્યારે આરોપીએ તકનો લાભ લઈ કૂદકો લગાવીને નદીમાં આવેલા ટાપુ પર પહોંચી ગયો હતો. પોલીસે તાત્કાલિક કંટ્રોલ રૂમ દ્વારા ફાયર વિભાગને જાણ કરી હતી. ઘટનાની જાણ થતાં ફાયરના જવાનો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. ફાયરના જવાનો અને સ્થાનિક રહીશો બોટની મદદ વડે આરોપી શોધખોળ શરૂ કરી હતી. આ ઘટનામાં પોલીસે બેદરકારી પણ છતી થઈ છે. આવી ઘટનાઓ ફિલ્મોમાં જ જોવા મળતી હોય છે ત્યારે સુરતમાં હકીકતમાં પોલીસને થાપ આપીને ફિલ્મી સ્ટાઈલમાં નાસી છૂટ્યો છે. અમદાવાદના પણ સાતમી જૂનના રોજ ઓઢવ વિસ્તારમાં પોલીસ એક વોન્ટેડ આરોપીની ધરપકડ કરવા માટે શિવમ આવાસ યોજનાના ફ્લેટમાં પહોંચી હતી. અભિષેક તોમર નામના આરોપીએ પહેલાં પોલીસથી બચવા માટે ભાગવાનો પ્રયાસ કર્યો હતો. આ દરમિયાન તે ભાગવાનો પ્રયાસ કરતા પાંચમાં માળની ગેલેરીમાંથી બહાર નીકળી ડક પર પહોંચી ગયો હતો.

## અમદાવાદમાં વટવા GIDCની કેમિકલ ફેક્ટરીમાં લાગી આગ

। (પ્રતિનિધી) અમદાવાદ, તા.૮ ।

ગુજરાતમાં આગના બનાવની ઘટનાઓ સામે આવતી હોય છે, ત્યારે અમદાવાદના વટવા GIDC ફેઝ ૪માં આજે રવિવારે (૮ જૂન) આગ લાગવાની દુર્ઘટના સર્જાઈ હતી. વટવાના રામદેવ એસ્ટેટ-૪માં જયશ્રી કેમિકલ ફેક્ટરીમાં આગ લાગતા સ્થાનિકોમાં ભયનો માહોલ જોવા મળ્યો હતો. સમગ્ર ઘટનાને પગલે ફાયર વિભાગની ૩ ગાડીઓ સ્થળ પર પહોંચીને આગ પર કાબૂ મેળવ્યો હતો. મળતી માહિતી મુજબ, અમદાવાદના વટવા GIDCના ફેઝ ૪માં ફરી એક વખત આગ લાગવાની ઘટના બની છે. જેમાં કેમિકલની ફેકટરીમાં આગ લાગતા અફરા-તફરી સર્જાઈ હતી. વેલ્ડિંગની કામગીરી દરમિયાન સ્પાર્કના કારણે આગ લાગી હોવાનું સામે આવ્યું છે. જ્યારે આગના બનાવમાં કોઈ પ્રકારે જાનહાનિ થઈ ન હતી.

**વિશેષ**

### પીએમ મોદીના ૧૧ વર્ષઃ ગુજરાતે કરી પ્રગતિ બેમિસાલ

# વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં વિકાસ અને વિરાસતના પથ પર ભારતની આગેકૂચ

૨૦૧૪ની સામાન્ય ચૂંટણીમાં ભારતના લોકોએ નવી આશાઓ અને અપેક્ષાઓ સાથે શ્રી નરેન્દ્ર મોદીજીના નેતૃત્વમાં ભાજપને પ્રચંડ બહુમત સાથે સત્તાનું સુકાન સોંપ્યું હતું. ૨૬ મે, ૨૦૧૪ના રોજ વડાપ્રધાન પદની શપથ લીધા પછી શ્રી નરેન્દ્ર મોદીજીએ સામાન્ય જનતાને કેન્દ્રમાં રાખીને યોજનાઓ તૈયાર કરી અને અમલમાં મૂકી. આજે સરકારની તમામ પ્રમુખ યોજનાઓ ગરીબોના જીવનમાં બદલાવ લાવી છે અને તેમના નેતૃત્વમાં ભારત આર્થિક અને સામાજિક વિકાસના ક્ષેત્રોમાં સફળતાના નવા માપદંડો સ્થાપિત કરી રહ્યું છે. ૨૬ મે, ૨૦૨૫ના રોજ વડાપ્રધાન તરીકેના તેમના કાર્યકાળના ૧૧ વર્ષ પૂર્ણ થઈ ચૂક્યા છે. મોદી સરકારના આ સફળ ૧૧ વર્ષ સેવા, સુશાસન અને ગરીબ કલ્યાણને સમર્પિત રહ્યા છે.

ગુજરાત ભારતના ગ્રોથ એન્જિન તરીકે ઉદ્યોગ-વેપાર, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, આરોગ્ય, શિક્ષણ અને પ્રવાસન જેવા ક્ષેત્રોમાં વિકાસની લાંબી છલાંગ લગાવી રહ્યું છે. ગુજરાત પોતાના સપૂત અને યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીજી દ્વારા આપવામાં આવેલા 'વિકસિત ભારત @2047'ના વિઝનને સાકાર કરવા માટે તત્પર છે. મને યાદ છે કે, જ્યારે તેઓ ગુજરાતના મુખ્યમંત્રી હતા, ત્યારે તેમણે 'દેશના વિકાસ માટે ગુજરાતનો વિકાસ' નો મંત્ર આપ્યો હતો. પરિણામે, વડાપ્રધાનશ્રીના વિકસિત ભારતના વિઝનને સાકાર કરવામાં ગુજરાતની જવાબદારી ખૂબ વધી જાય છે.

**ગરીબ કલ્યાણ માટે સમર્પિત ગુજરાત સરકાર**

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ હંમેશાં ગામડાઓ, ગરીબો અને ખેડૂતોની ચિંતા કરી છે. હકીકતમાં, મોદીજીએ ગરીબીને જીવી છે, એટલે જ તેઓ ગરીબોના દુઃખ અને પીડાને વધુ સારી રીતે સમજે છે અને તેને દૂર કરવા માટે તેઓ એવી યોજનાઓ અમલમાં મૂકે છે જે ગરીબોને તેમની ગરીબીમાંથી બહાર કાઢવા માટે કારગર નીવડે. તાજેતરમાં જાહેર થયેલા એક રિપોર્ટ મુજબ, મોદી સરકારના છેલ્લા ૧૦ વર્ષોના કાર્યકાળમાં દેશમાં ૨૫ કરોડથી વધુ લોકો ગરીબીમાંથી બહાર આવ્યા છે.

અમે ગુજરાતમાં વડાપ્રધાનશ્રીના માર્ગદર્શનમાં કેન્દ્ર સરકારની યોજનાઓનું અસરકારક અમલીકરણ સુનિશ્ચિત કર્યું છે. ગુજરાત સરકારે છેવાડાના માનવીઓ સુધી સરકારી યોજનાઓના લાભ પહોંચાડીને તેમની જિંદગીમાં બદલાવ લાવવા માટેનો એક પ્રામાણિક પ્રયાસ કર્યો છે. વડાપ્રધાનશ્રીના દિશાનિર્દેશનમાં અમે 'જ્ઞાન-GYAN' (ગરીબ, યુવા, અન્નદાતા અને નારી)ના વિકાસને પણ વિશેષ મહત્વ આપ્યું છે. વડાપ્રધાનશ્રીએ કહ્યું છે કે તેમના માટે દેશમાં ફક્ત ચાર જાતિઓ- ગરીબ, યુવા, ખેડૂતો અને નારી છે, અને તેઓ તેમના સશક્તિકરણ માટે કામ કરી રહ્યા છે.

ગુજરાતમાં પ્રધાનમંત્રી આવાસ યોજના શહેરી અને ગ્રામીણ હેઠળ ક્રમશઃ ૮ લાખ ૯૮ હજાર અને ૫ લાખ ૭૭ હજારથી વધુ આવાસોનું નિર્માણ કરવામાં આવ્યું છે. પીએમ ગરીબ કલ્યાણ અન્ન યોજના હેઠળ ૩.૬૫ કરોડ લોકોને નિઃશુલ્ક અનાજનું વિતરણ કરવામાં આવી રહ્યું છે. પ્રધાનમંત્રી કિસાન સમ્માન નિધિ યોજના અન્વયે રાજ્યના ૬૮.૬૮ લાખ ખેડૂત કુટુંબોને રૂા.૬૦૦૦ની વાર્ષિક આર્થિક સહાય આપવામાં આવી રહી છે. રાજ્યમાં ૪૮,૬૦,૦૪૬થી વધુ શૌચાલયોનું નિર્માણ, પીએમ સ્વનિધિ યોજના હેઠળ ૪,૭૯,૧૪૧ શેરી વિક્રેતાઓને લોન સુવિધા, પ્રધાનમંત્રી ઉજ્જ્વલા યોજના હેઠળ ૪૩ લાખથી વધુ નિઃશુલ્ક એલપીજી ગેસ કનેક્શન, પ્રધાનમંત્રી જન-ધન યોજના હેઠળ ૧,૯૨,૯૮,૦૦૧ લોકોના બેંક અકાઉન્ટ, પ્રધાનમંત્રી મુદ્રા યોજના હેઠળ ૧,૫૧,૮૪,૮૫૫ ખાતાઓમાં રૂા.૧,૨૯,૪૦૭ કરોડની લોન, પીએમ સૂર્યઘર યોજના હેઠળ ૩.૫૫ લાખ સોલાર રૂફટોપ પેનલની સ્થાપના, આયુષ્માન ભારત ડિજિટલ મિશન અંતર્ગત ગુજરાતના ૭૦ ટકા નાગરિકો એટલે કે ૪.૮૦ કરોડથી વધુ



લોકોનું આયુષ્માન ભારત હેલ્થ અકાઉન્ટ (ABHA) હેઠળ રજિસ્ટ્રેશન અને ૧૦,૨૮૦થી વધુ આયુષ્માન આરોગ્ય મંદિરોના સંચાલન સાથે ગુજરાત પોતાના સાડા છ કરોડ નાગરિકોને વિવિધ યોજનાઓના લાભ પ્રદાન કરીને તેમના જીવનને સરળ બનાવવાનો પ્રયાસ કરી રહ્યું છે.

**યુવાનોના સપનાઓને આપી નવી પાંખ**

યુવા વર્ગ ભારતની સૌથી મોટી તાકાત છે અને ભારત પોતાના આ ડેમોગ્રાફિક ડિવિડન્ડનો મોટો લાભ મેળવવા માટે સજ્જ છે. મોદીજીના શાસનમાં દેશના યુવા વર્ગને તે તમામ તકો ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે, જે તેમના સપનાઓને નવી પાંખો આપી રહી છે.

ગુજરાતે યુવાશક્તિની ક્ષમતાઓને ઓળખીને અનેક કાર્યક્રમો અમલી બનાવ્યા છે. શિક્ષણથી લઈને નવા ઉદ્યોગોની સ્થાપના અને રોજગારની તકો ઉપલબ્ધ કરાવવામાં ગુજરાત સરકારનું પ્રદર્શન ઘણું નોંધપાત્ર રહ્યું છે. વડાપ્રધાનશ્રીના માર્ગદર્શનમાં ગુજરાતમાં ગુજરાત ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી (GFSU), રક્ષા શક્તિ યુનિવર્સિટી (RSU) અને દેશની પ્રથમ રેલવે યુનિવર્સિટી જેવી સેક્ટર સ્પેસિફિક યુનિવર્સિટીઓ કાર્યરત છે. કેન્દ્ર સરકારે વર્ષ ૨૦૨૦માં GFSU અને RSUને રાષ્ટ્રીય મહત્વની સંસ્થાઓનો દરજ્જો આપ્યો છે, અને તે આજે નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી અને રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી તરીકે જાણીતી બની છે. આ ઉપરાંત, ગત ૧૧ વર્ષોમાં ગુજરાતમાં ૨૨ નવી મેડિકલ કોલેજોની સ્થાપના કરવામાં આવી છે અને રાજ્યના વિદ્યાર્થીઓ માટે ૪૩૦૦ નવી મેડિકલ સીટ્સ ઉપલબ્ધ થઈ છે.

અમે રાજ્યના યુવાનોને રોજગારીની વ્યાપક તકો પ્રદાન કરવા માટે નવા અને ઉભરતા ક્ષેત્રોના ઉદ્યોગોની સ્થાપના પર વિશેષ ભાર મૂક્યો છે. રાજ્ય સરકારે સેમિકન્ડકટર ક્ષેત્રના બિઝનેસને આકર્ષિત કરવા માટે ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રોનિક્સ મિશનની રચના કરી છે. સેમિકન્ડકટર ક્ષેત્રની કેટલીક મોટી કંપનીઓ ગુજરાતમાં રોકાણ કરવા માટે આગળ આવી છે. તેના કારણે ગુજરાત ભારતના સેમિકન્ડકટર હબ તરીકે ઉભરી રહ્યું છે.

**ભારતમાં સાંસ્કૃતિક પુનરુત્થાનનો એક નવો યુગ**

વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં ૨૦૧૪ પછી દેશમાં સાંસ્કૃતિક પુનરુત્થાનનો એક નવો યુગ શરૂ થયો છે. તેમની સરકાર છેલ્લા ૧૧ વર્ષોમાં 'વિકાસ ભી, વિરાસત ભી'ના મંત્ર સાથે ભારતીય સંસ્કૃતિ, તેના વારસા અને પરંપરાઓને એક નવી ઉંચાઈ પર લઈ ગઈ છે. અયોધ્યામાં રામમંદિરના નિર્માણની સાથે વારાણસીમાં કાશી વિશ્વનાથ કોરિડોર અને ઉજ્જૈનમાં મહાકાલ લોક પ્રોજેક્ટ થકી ભારતના આધ્યાત્મિક સ્થળોની કાયાપલટ થઈ છે. તેમણે ભારતના યોગ અને આયુર્વેદ જેવા પ્રાચીન વારસાને પણ વૈશ્વિક ફલક પર સ્થાપિત કરી દીધા છે.

ગુજરાત સરકાર પણ ધાર્મિક પ્રવાસનને વેગ આપવા માટે કરોડો રૂપિયાના ખર્ચે સોમનાથ, અંબાજી, પાવાગઢ, માધવપુર અને દ્વારકા જેવા મોટા અને પ્રમુખ યાત્રાધામોના વિકાસ ઉપરાંત નાના-નાના ધાર્મિક સ્થળોનો પણ શાનદાર વિકાસ કરી રહી છે.

**વિકસિત ભારત-સશક્ત ભારત**

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ 'વિકસિત ભારત @2047' એટલે કે દેશની આઝાદીના શતાબ્દી વર્ષ ૨૦૪૭ સુધીમાં ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવાનો સંકલ્પ કર્યો છે. તેમણે 'મેક ઈન ઈન્ડિયા' અને 'આત્મનિર્ભર ભારત' જેવી નવતર પહેલો સાથે વિકસિત ભારતનો પાયો નાખ્યો છે. પરિણામ એ આવ્યું છે કે હવે ભારત વિશ્વનું મેન્યુફેક્ચરિંગ હબ બનવાની દિશામાં ઝડપથી આગળ વધી રહ્યું છે. આજે ભારત ૪ ટ્રિલિયન ડોલરથી વધુની જીડીપી સાથે વિશ્વની ચોથી સૌથી મોટી અર્થવ્યવસ્થા બની ગયું છે.

વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં ભારતે 'ઑપરેશન સિંદૂર' દ્વારા આતંકવાદીઓ અને તેમના આકાઓને જડબાતોડ જવાબ આપીને એ સ્પષ્ટ કરી દીધું છે કે દેશ હવે કોઈપણ આતંકી હુમલાને સહન નહીં કરે, અને દરેક આતંકી હુમલાનો જવાબ સૈન્ય કાર્યવાહી દ્વારા આપવામાં આવશે. આ નવા ભારતના મજબૂત નેતૃત્વ અને બદલાયેલા મિજાજને પ્રતિબિંબિત કરે છે.

**વડાપ્રધાનશ્રીના પદચિહ્નો પર આગળ વધતું ગુજરાત**

ગુજરાતમાં અમારી સરકાર વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના પદચિહ્નો પર આગળ વધીને વિકસિત ભારતના નિર્માણમાં યોગદાન આપવા માટે તત્પર છે. શ્રી નરેન્દ્ર મોદીએ ભૂતપૂર્વ સરકારોના કાર્યકાળ દરમિયાન ગુજરાત સાથે થયેલા અન્યાયનો સ્વયં અનુભવ કર્યો છે, એટલે તેમણે ગુજરાતની તે તમામ ન્યાયોચિત માંગોને જ પૂરી નથી કરી, પરંતુ રાજ્યને અનેક ભેટ પણ આપી છે. મોદીજીએ વડાપ્રધાન પદની શપથ લીધાના ૧૭ જ દિવસોમાં સરદાર સરોવર ડેમ પર દરવાજા લગાવવાની મંજૂરી આપીને ગુજરાતના કરોડો લોકોનું વર્ષો જૂનું સપનું સાકાર કર્યું છે.

આ ઉપરાંત, વડાપ્રધાનશ્રીએ ગુજરાતને ભારતની પ્રથમ બુલેટ ટ્રેન, ગિફ્ટ સિટી અને ભારતનું પ્રથમ આંતરરરાષ્ટ્રીય ફાઈનાન્શિયલ સર્વિસ સેન્ટર ઓથોરિટી (IFSCA), સ્ટેચ્યુ ઑફ યુનિટી, રાજકોટ ગ્રીનફિલ્ડ એરપોર્ટ, AIIMS-રાજકોટ, અમદાવાદ મેટ્રો રેલ પ્રોજેક્ટ, તારંગા હિલ-અંબાજી-આબુ રોડ રેલવે લાઈન પ્રોજેક્ટ, દાહોદમાં ઈલેક્ટ્રિક લોકોમોટિવ એન્જિન ઉત્પાદન યુનિટ, વિશ્વનો સૌથી મોટો હાઈબ્રિડ રિન્યુએબલ એનર્જી પાર્ક, ધોલેરા સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રિજન, પીએમ મિત્ર પાર્ક, વિશ્વનું સૌપ્રથમ સીએનજી ટર્મિનલ અને અમદાવાદમાં સાબરમતી રિવરફ્રન્ટની ભેટ આપી છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

### રશિયાએ કહ્યું જરૂર પડી તો શરણ આપીશું

# ટ્રમ્પ સાથે વિવાદ બાદ રશિયાએ ઈલોન મસ્કને આપી બમ્પર ઓફર

## રશિયાના એક વરિષ્ઠ સાંસદે આ દરમિયાન ઈલોન મસ્કને રશિયામાં રાજકીય શરણ આપવાની ઓફર કરી છે



। (એજન્સી) મોસ્કો, તા.૮ ।

ઈલોન મસ્ક અને ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચે તણાવ હવે રાજકીય ઘર્ષણમાં બદલાઈ ગયો છે. આ દરમિયાન રશિયાના એક વરિષ્ઠ સાંસદે મસ્કને રશિયામાં રાજકીય શરણ આપવાની ઓફર કરી છે. આ પગલાથી ક્રેમલિનની તરફથી ભૂતકાળમાં આપવામાં આવેલી હાઈ-પ્રોફાઈલ સુરક્ષાની યાદ અપાવે છે.

રશિયન સાંસદ (ડ્યૂમા)ની આંતર રાષ્ટ્રીય બાબતની સમિતિ પહેલા ઉપાધ્યક્ષ ત્રમિત્રી નોવિકોવે રશિયાની સરકારી ન્યૂઝ એજન્સી TASS સાથે વાતચીતમાં કહ્યું કે, જો મસ્ક ઈચ્છે તો રશિયા તેમને શરણ આપવા પર વિચાર કરી શકે છે. મસ્કનો ખેલ એકદમ અલગ છે, તેમને કોઈ રાજકીય શરણની જરૂર નહીં પડે. પરંતુ, જો જરૂર પડી તો રશિયા નિશ્ચિત રૂપે તેમને શરણ આપી શકે છે. રશિયાના એક વરિષ્ઠ સાંસદે ઈલોન મસ્કને રશિયામાં રાજકીય શરણ આપવાની ઓફર કરી છે.



આ ટિપ્પણી એવા સમયે સામે આવી છે, જ્યારે અમેરિકાના રાજકારણમાં ઉથલ-પાથલ મચી છે. ટ્રમ્પના પૂર્વ સલાહકાર સ્ટીવ બેનને મસ્કને ગેરકાયદે પ્રવાસી કહી તેમના દેશનિકાલ અને સ્પેસએક્સને જપ્ત કરવાની માંગ કરી છે. મસ્ક તરફતી હાલમાં જ પોતાના ડ્રેગન સ્પેસક્રાફ્ટ (જે NASA અને ISS વચ્ચે મોટી કડી છે)ને બંધ કરવાની ધમકીએ અમેરિકાની રાષ્ટ્રીય સુરક્ષાને લઈને ચિંતા ઊભી કરી છે, જેનાથી સરકારના હસ્તક્ષેપની માંગ તેજ થઈ છે.

જોકે, ક્રેમલિને પ્રવક્તા દિમિત્રી પેસકોવે આ વિવાદને રશિયાથી અલગ જણાવ્યો અને કહ્યું કે, આ અમેરિકાનો આંતરિક મામલો છે અને અમે તેમાં દખલગીરી નહીં કરીએ. પરંતુ, રશિયાનો ઈતિહાસ કંઈક અલગ જ કહે છે. એડવર્ડ સ્નોડન સિવાય, બ્રિટિશ બ્લોગર ગ્રાહમ ફિલિપ્સ જેવા અનેક પશ્ચિમી ટીકાકારોને રશિયાએ પહેલાં પણ શરણ આપી છે. ટ્રમ્પ-મસ્ક સંબંધોમાં આવેલી ખટાશે વોશિંગ્ટનમાં ખળભળાટ મચાવી દીધો છે. ક્યારેક એકબીજાની નજીકના માનવામાં આવતા સંબંધ ત્યારે સમયે બગડ્યા જ્યારે ટ્રમ્પના ખર્ચ બિલની સામે ઊભા થઈ ગયા. જવાબમાં ટ્રમ્પે મસ્ક પર પ્રહાર કરતા કહ્યું કે, મસ્કનું મગજ ખરાબ થઈ ગયું છે અને સંકેત આપ્યો કે, તે સ્પેસએક્સની સરકાર સાથે કોન્ટ્રાક્ટ્સની સમીક્ષા કરી શકે છે. ત્યારબાદ ટ્રમ્પે પોતાના વલણને થોડું નરમ કર્યું અને કહ્યું કે, હું બસ શુભકામના આપું છું પરંતુ, જોખમ હજુ પણ છે. વળી, મસ્કે પણે પોતાનો સ્વર શાંત કર્યો અને નાસા મિશન બંધ કરવાની ધમકી પાછી ખેંચી લીધી.

### કામચલાઉ સરકારના વડા યુનુસથી સૈન્ય, વિપક્ષો-સમર્થકો પણ નારાજ

## બાંગ્લાદેશને નવી ચૂંટાયેલી સરકાર મળશેઃ આગામી વર્ષે એપ્રિલમાં ચૂંટણી

। (એજન્સી) ઢાકા, તા.૮ ।



બાંગ્લાદેશમાં ચૂંટણીની તારીખોની જાહેરાત કરવામાં આવી છે. એપ્રિલ ૨૦૨૬ના પ્રથમ સપ્તાહમાં રાષ્ટ્રીય ચૂંટણી યોજાશે. હાલ બાંગ્લાદેશમાં મોહમ્મદ યુનુસના નેતૃત્વમાં વચગાળાની સરકાર કામ કરી રહી છે. છેલ્લા કેટલાક દિવસોથી વિવિધ રાજકીય પક્ષો ડિસેમ્બર સુધી ચૂંટણી કરાવવાની માંગ કરી હતી. જેનાથી યુનુસ પર દબાણ વધ્યુ હતું. આ દરમિયાન, શુક્રવારે બાંગ્લાદેશમાં સામાન્ય ચૂંટણીની તારીખોની જાહેરાત કરવામાં આવી છે. બાંગ્લાદેશ નેશનાલિસ્ટ પાર્ટી (બીએનપી)ના સિનિયર નેતા સલાહુદ્દીન અહમદે કહ્યું કે દેશમાં ડિસેમ્બર પહેલા રાષ્ટ્રીય ચૂંટણી કરાવવી શક્ય છે, કારણ કે સર્વ સંમતિના આધાર પર આવશ્યક સુધારા પૂરા કરવામાં એક મહિનાથી ઓછો સમય લાગી શકે છે.એક ન્યૂઝ ચેનલે સલાહુદ્દીનના હવાલાથી કહ્યું કે, ડિસેમ્બરને હજુ વાર છે. તેનાથી પહેલા ચૂંટણી કરાવવી શક્ય છે. જો બંધારણીય સંશોધનોથી સંબંધિત પ્રસ્તાવોને છોડીને સુધારાના પ્રસ્તાવો રાષ્ટ્રીય સહમતિથી સ્વીકારી લેવામાં આવે છે તો તેને એક મહિનાથી પણ ઓછા સમયમાં લાગુ કરવામાં આવી શકે છે.

### બેંગલુરુ નાસભાગ કેસ

## FIRમાં નામ આવ્યા બાદ KSCAમાં એક બાદ એક બે રાજીનામાં પડ્યા

। (એજન્સી) બેંગલુરુ, તા.૮ ।

કર્ણાટક રાજ્ય ક્રિકેટ સંઘ (KSCA)ના સચિવ એ શંકર અને કોષાધ્યક્ષ ઈ જયરામે રાજીનામું આપી દીધું છે. બેંગલુરુના ચિન્ના સ્વામી સ્ટેડિયમમાં ભાગદોડના કેસમાં નૈતિક જવાબદારી લેતા બંનેએ રાજીનામું આપ્યું છે. નોંધનીય છે કે, આ ભાગદોડમાં ૧૧ લોકોના મોત નીપજ્યા હતા અને ૫૦ થી વધુ લોકોને ઈજા પહોંચી હતી. આ અંગે એક પ્રેસ રિલીઝ જારી કરવામાં આવી છે. તેમાં લખ્યું છે કે, છેલ્લા બે દિવસમાં અણધારી અને દુર્ભાગ્યપૂર્ણ ઘટનાઓ બની છે. જોકે, આમાં અમારી ભૂમિકા ખૂબ જ મર્યાદિત હતી. પરંતુ નૈતિક જવાબદારીને કારણે અમે (એ શંકર અને ઈ જયરામે) KSCA ના સેક્રેટરી અને કોષાધ્યક્ષ તરીકે અમારા પદો પરથી રાજીનામું આપી દીધું છે. આ સંદર્ભમાં KSCA ના પ્રમુખને પત્ર લખવામાં આવ્યો છે. ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં થયેલી ભાગદોડ મામલે ત્રણ FIR નોંધવામાં આવી છે. બેંગલુરુ પોલીસ દ્વારા નોંધેલા કેસમાં KSCA ના ઉચ્ચ અધિકારીઓને આરોપી બનાવવામાં આવ્યા છે. એ શંકર અને ઈ જયરામ ઉપરાંત કેએસસીએના પ્રમુખ રઘુરામ ભટનું પણ આરોપીઓમાં નામ છે.

### યુએસ સાંસદે બિલાવલના પ્રતિનિધિમંડળને કહ્યું

# આતંકવાદનો સફાયો કરો, JeM સામે કાર્યવાહી કરોઃ યુએસ સાંસદ

## અમેરિકા પહોંચેલા પાકિસ્તાની પ્રતિનિધિમંડળને આઘાત લાગ્યો, અહીં તેને આતંકવાદનો અંત લાવવાની સલાહ આપવામાં આવી

। (એજન્સી) ઇસ્લામાબાદ, તા.૮ ।

ભારતના ઓપરેશન સિંધુરથી પાકિસ્તાન સંપૂર્ણપણે હચમચી ગયું હતું. આ જ કારણ છે કે હવે તેના નેતાઓ ભારતની ફરિયાદ કરવા માટે વિશ્વ સુધી પહોંચી ગયા છે. અમેરિકા પહોંચેલા પાકિસ્તાની પ્રતિનિધિમંડળને આઘાત લાગ્યો હતો કારણ કે, અહીં તેને આતંકવાદનો અંત લાવવાની સલાહ આપવામાં આવી હતી. ગુરુવારે, યુએસ કોંગ્રેસમેન બ્રેડ શેરમેને ભૂતપૂર્વ પાકિસ્તાની વિદેશ પ્રધાન બિલાવલ ભુટ્ટો ઝરદારીના નેતૃત્વ હેઠળના પ્રતિનિધિમંડળને સ્પષ્ટ શબ્દોમાં કહ્યું - તમારા દેશે જૈશ-એ-મોહમ્મદ જેવા આતંકવાદી સંગઠનોને નાબૂદ કરવા માટે દરેક શક્ય પગલાં લેવા જોઈએ. એટલું જ નહીં, શેરમેને પાકિસ્તાનમાં રહેતા ખ્રિસ્તી, હિન્દુ અને અહમદિયા મુસ્લિમ લઘુમતીઓની સુરક્ષા અંગે પણ ઊંડી ચિંતા વ્યક્ત કરી હતી. બ્રેડ



શેરમેને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર લખ્યું, મેં પાકિસ્તાની પ્રતિનિધિમંડળને સ્પષ્ટપણે કહ્યું હતું કે, આતંકવાદ સામે લડવું ખૂબ જ મહત્વપૂર્ણ છે, ખાસ કરીને જૈશ-એ-મોહમ્મદ, જેણે ૨૦૦૨માં મારા મતવિસ્તારના પત્રકાર ડેનિયલ પર્લની હત્યા કરી હતી. તેમણે આગળ કહ્યું, પર્લનો પરિવાર હજુ પણ મારા જિલ્લામાં રહે છે. પાકિસ્તાને આ ગંદા સંગઠનનો અંત લાવવો પડશે. ડેનિયલ પર્લનું કરાચીમાં એક ઈસ્લામિક ધર્મગુરુનો ઈન્ટરવ્યૂ લેવા જતાં અપહરણ કરવામાં આવ્યું હતું. બાદમાં તેમની નિર્દયતાથી હત્યા કરવામાં આવી હતી. પાકિસ્તાની પ્રતિનિધિમંડળ ભારત વિરુદ્ધ હવા બનાવવા માટે પહોંચ્યું હતું. પરંતુ અહીં તેના પોતાના રહસ્યો ખુલ્લા થવા લાગ્યા. સાંસદ શેરમેને પાકિસ્તાનને બીજો સ્પષ્ટ સંદેશ આપ્યો. આતંકવાદી ઓસામા બિન લાદેનનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું કે, ડૉ. શકીલ આફ્રિદીએ આ કુખ્યાત આતંકવાદીને મારવામાં અમેરિકાને મદદ કરી હતી. તેમને મુક્ત કરવા જોઈએ. ડૉ. આફ્રિદીએ CIAની મદદથી બિન લાદેનના પરિવારના DNA ઓળખવા માટે પોલિયો રસીકરણ કેમ્પ ચલાવ્યો હતો.



નવી દિલ્હીમાં ઉનાળાની બપોરે મહિલાઓ પોતાના ચહેરાને તડકાથી બચાવવા માટે સ્કાર્ફનો ઉપયોગ કરતા નજરે પડે છે.

## દિલ્હી એરપોર્ટ પર ૧૫મીથી 3 માસ માટે રોજની ૧૧૪ ફ્લાઈટ રદ થશે



। (એજન્સી) નવી દિલ્હી, તા.૮ ।

દિલ્હી એરપોર્ટ પર રનવેને અપગ્રેડ કરવાની ક્વાયત હાથ ધરાઈ છે, જેના કારણે ૧૫ જૂનથી ત્રણ મહિના માટે રોજની ૧૧૪ ફ્લાઈટ રદ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. દિલ્હી એરપોર્ટ ઓપરેટર DIAL દ્વારા જણાવાયું હતું કે, એક રનવેને અપગ્રેડ કરવાનો હોવાથી તેને બંધ રાખવામાં આવશે અને તેથી આ એરપોર્ટ પરથી રોજ ઊડાન ભરતી ફ્લાઈટમાંથી ૭.૫ ટકાને અસર પહોંચશે. રનવે ૧૦/૨૮ને અપગ્રેડ કરવા માટે ૧૫ જૂનથી ૧૫ સપ્ટેમ્બર દરમિયાન કામગીરી થશે. અગાઉ મે મહિનામાં તેને અપગ્રેડ કરવાનો હતો, પરંતુ કન્જેશનની સમસ્યાના કારણે કામગીરી મુલતવી રખાઈ હતી. રનવે ને CAT III ધોરણો મુજબનો બનાવવા માટે ધ ઈન્સ્ટ્રુમેન્ટ લેન્ડિંગ સીસ્ટમને અપગ્રેડ કરાશે. જેના કારણે ધુમ્મસના સમયે પણ ફ્લાઈટ ઓપરેટ કરવાનું સરળ બનશે.

## ભારતમાં કોરોના વાયરસના કેસોનો આંક ૫૦૦૦ને પાર



। (એજન્સી) નવી દિલ્હી, તા.૮ ।

દેશમાં કોરોના વાયરસના કેસોની સંખ્યા સતત વધી રહી છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયના આંકડા મુજબ ભારતમાં કોરોના વાયરસના સક્રિય કેસોનો આંકડો ૫૦૦૦થી ઉપર પહોંચી ગયો છે, જેમાં કેરળમાં સૌથી વધુ કેસો નોંધાઈ રહ્યા છે. કેરળ પછી ગુજરાત, પશ્ચિમ બંગાળ અને દિલ્હીમાં નવા કેસો નોંધાઈ રહ્યા છે. કોરોના વાયરસના ચેપના નવા કેસોમાં વૃદ્ધિને જોતાં, કેન્દ્ર સરકાર કોવિડ-૧૯ માટે તૈયારીની ચકાસણી માટે મોક ડ્રિલ કરી રહી છે. તમામ રાજ્યોને કોવિડ-૧૯ના વધી રહેલા કેસોને પગલે ઓક્સિજન, આઈસોલેશન બેડ, વેન્ટિલેટર અને જરુરી દવાઓ ઉપલબ્ધિ સુનિશ્ચિત કરવા માટે સૂચના આપી છે. ભારતમાં કોવિડ-૧૯ના સક્રિય કેસોની સંખ્યા ૫૩૬૪ છે અને છેલ્લા ૨૪ કલાકમાં વધુ ચાર લોકોના મોત થયા છે. સત્તાવાર સૂત્રોના કહેવા મુજબ મોટાભાગના કેસો હળવા છે અને દર્દીઓની પોત-પોતાના ઘરમાં સારવાર થઈ રહી છે. આ વર્ષે જાન્યુઆરીથી હમણાં સુધી દેશમાં કોરોનાના ચેપને લીધે ૫૫ લોકોના મોત થયા છે. ૨૨મી મેએ દેશમાં કોરોના વાયરસના ચેપના ૨૫૭ દર્દીઓ હતા. હેલ્થ સર્વિસના ડાયરેક્ટર જનરલ ડૉ.સુનિતા શર્માના અધ્યક્ષપદમાં દિલ્હીમાં કેન્દ્ર સરકારની હોસ્પિટલોના પ્રતિનિધિઓ તથા તમામ રાજ્યો-કેન્દ્રશાસિત પ્રદેશોના પ્રતિનિધિઓની સાથે ટેકનિકલ રિવ્યુ બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં વર્તમાનમાં કોવિડ-૧૯ની સ્થિતિ-તૈયારીઓના ઉપાયોનું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું.

### વાવાઝોડાને લઈ હવામાન વિભાગનું એલર્ટ

# પૂર્વોત્તરથી લઈ ઉત્તર ભારત સુધી ભારે વરસાદની આગાહી

## આગામી ૭ દિવસ સુધી પૂર્વોત્તર રાજ્યોમાં હળવોથી મધ્યમ અને કેટલાક સ્થળોએ ભારે વરસાદ ચાલુ રહેવાની સંભાવના છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૮ ।

દેશભરમાં ચોમાસાની ગતિ વિધિઓ તીવ્ર બની છે. ભારતીય હવામાન વિભાગ (IMD) એ આગામી દિવસોમાં ઘણા રાજ્યોમાં ભારે વરસાદ, વાવાઝોડા અને વીજળી પડવાની ચેતવણી જારી કરી છે. ભારે વરસાદને કારણે પૂર્વોત્તર ભારતના ઘણા ભાગોમાં પૂર જેવી સ્થિતિ સર્જાઈ છે, જ્યારે પશ્ચિમી રાજ્યોમાં ગરમી અને દુષ્કાળની સ્થિતિ હજુ પણ યથાવત છે. હવામાન વિભાગ



અનુસાર, આગામી ૭ દિવસ સુધી પૂર્વોત્તર રાજ્યોમાં હળવોથી મધ્યમ અને કેટલાક સ્થળોએ ભારે વરસાદ ચાલુ રહેવાની સંભાવના છે. ૦૯-૧૨ જૂન દરમિયાન અરુણાચલ પ્રદેશ, આસામ અને મેઘાલયમાં ભારે વરસાદની સંભાવના છે. ૦૭ જૂને ત્રિપુરામાં ભારે વરસાદની સંભાવના છે. મધ્યપ્રદેશમાં ભારે પવન (૪૦-૫૦ કિમી/કલાક) અને વીજળી સાથે હળવા/મધ્યમ વરસાદની સંભાવના છે. વિદર્ભ, છત્તીસગઢ અને ઓડિશામાં વરસાદ અને ભારે પવન ફૂંકાય છે. બિહાર અને ઝારખંડમાં પવનની ગતિ વધી શકે છે. પશ્ચિમ બંગાળ અને બિહારમાં વરસાદ સાથે વાવાઝોડાની શક્યતા છે. હિમાલયના પશ્ચિમ બંગાળ અને સિક્કિમમાં હળવો/મધ્યમ વરસાદ ચાલુ રહેશે.

### માઈકલ ક્લાર્કે બિયોન્ડ૨૩ ક્રિકેટ પોડકાસ્ટ પર કહ્યું

# ટેસ્ટ નિવૃત્તિ તોડીને વિરાટ કોહલી લાલ બોલ ક્રિકેટમાં પાછો ફરશે

## જો ટીમ ઈન્ડિયા આગામી ટેસ્ટ શ્રેણી ૫-૦થી હારી જાય છે, તો વિરાટ કોહલી ફરી એકવાર રેડ બોલ ક્રિકેટમાં પાછો ફરશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૮ ।

વિરાટ કોહલીએ તાજેતરમાં ટેસ્ટ ક્રિકેટમાંથી અચાનક નિવૃત્તિની જાહેરાત કરીને બધાને ચોંકાવી દીધા હતા. વિરાટ કોહલીએ ભારત માટે ૧૨૩ ટેસ્ટ મેચ રમી છે. તેણે આ મેચોમાં ૪૬.૮૫ની સરેરાશ સાથે ૯,૨૩૦ રન બનાવ્યા. તેણે ટેસ્ટ ક્રિકેટમાં ૩૦ સદી અને ૩૧ અડધી સદી ફટકારી. ટેસ્ટ ક્રિકેટમાં વિરાટ કોહલીનો સર્વોચ્ચ સ્કોર ૨૫૪ અણનમ રહ્યો છે. વિરાટ કોહલી વિશે એક



ચોંકાવનારો દાવો કરવામાં આવ્યો છે કે તે ટેસ્ટ નિવૃત્તિ તોડીને ફરી એકવાર લાલ બોલ ક્રિકેટમાં પાછો ફરશે. ઓસ્ટ્રેલિયાના ભૂતપૂર્વ કેપ્ટન માઈકલ ક્લાર્કે દાવો કર્યો છે કે જો ટીમ ઈન્ડિયા ઈંગ્લેન્ડની ધરતી પર આગામી ટેસ્ટ શ્રેણી ૫-૦થી હારી જાય છે, તો વિરાટ કોહલી ફરી એકવાર રેડ બોલ ક્રિકેટમાં પાછો ફરશે. માઈકલ ક્લાર્કે કહ્યું કે ટીમ ઈન્ડિયા ઈંગ્લેન્ડમાં ટેસ્ટ શ્રેણી ૫-૦થી હારી ગયા પછી, ભારતીય ટીમ મેનેજમેન્ટ અને પસંદગીકારો વિરાટ કોહલીને ટેસ્ટ ક્રિકેટમાં પાછા ફરવા વિનંતી કરી શકે છે. માઈકલ ક્લાર્કે બિયોન્ડ૨૩ ક્રિકેટ પોડકાસ્ટ પર કહ્યું, હું આ માનું છું. જો ટીમ ઈન્ડિયા ઈંગ્લેન્ડમાં ખરાબ રીતે હારે છે અને જો તે ટેસ્ટ શ્રેણી ૫-૦થી હારી જાય છે.

## તંત્રી લેખ...

# નવી સરકારે બદલી દીધા વિઝાના નિયમ

કેનેડાની ઈમીગ્રેશન ઓથોરિટીએ તેના વિઝા નિયમોમાં ફેરફાર કર્યો છે. આ ફેરફાર તે માઈગ્રેન્ટ્સ પર લાગુ થશે, જેમણે એકથી વધારે વિઝા કે પરમિટ માટે અરજી કરી છે. ઈમીગ્રેશન, રિફ્યૂજીજ અને સિટીઝનશીપ કેનેડાના આ પગલાથી હજારો આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ અને વર્કર્સ પ્રભાવિત થઈ શકે છે. તેનાથી ભારત પણ બાકાત નથી. શું બદલાયું?- અત્યાર સુધી જો કોઈ પ્રવાસીના પ્રથમ વિઝાની મુદત સમાપ્ત થવાની હોય તો તેઓ કેનેડાનો પ્રવાસ ચાલુ રાખવા માટે બીજી અરજી કરી શકતા હતા. આ દરમિયાન મેન્ટેનેડ સ્ટેટ્સ અતંર્ગત તેની કાયદાકીય સ્થિતિ સુરક્ષિત રહેતી હતી. હવે આ સુરક્ષા હટાવી દેવામાં આવી છે. લિટિલ એન્ડ કંપનીના પાર્ટનર જુબિન મોરિસે બિઝનેસ સ્ટાન્ડર્ડને જણાવ્યું કે, આ ફેરફાર આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ, વર્કર્સ અને ખાસ કરીને ભારતથી આવનારા લોકોને અસર કરી શકે છે. જુબિન મોરિસના કહેવા પ્રમાણે, IRCCના અનુસાર, જો પહેલી અરજી રિજેક્ટ કરી દેવામાં આવે છે, તો કોઈપણ બીજી અરજી પર વિચાર નહીં કરવામાં આવે, ભલે તે એડવાન્સમાં સબમિટ કરવામાં આવી હોય. આ ફેરફાર હેઠળ પોર્ટ્સ પર વર્કિંગ કે સ્ટડી પરમિટ માટે અરજી કરવાનો વિકલ્પ પણ હટાવી દેવામાં આવ્યો છે, જેનાથી ફ્લેગપોલિંગની પ્રેક્ટિસ સમાપ્ત થઈ ગઈ છે. ફ્લેગપોલિંગમાં અરજદાર પરમિટ રિન્યુએબલમાં તેજી લાવવા માટે થોડા સમય માટે કેનેડાની બહાર નીકળી જતા હતા અને ફરીથી પ્રવેશ કરતા હતા. ભારતીય વિદ્યાર્થીઓએ શું કરવું?- આ ફેરફારોના કારણે ભૂલની શક્યતા બહુ ઓછી છે. બિઝનેસ સ્ટાન્ડર્ડના પ્રમાણે, જે વિદ્યાર્થીઓની પરમિટ એક્સપાયર થવાની છે, તેમણે તેમની પહેલી એક્સટેન્શન અરજીને બહુ ધ્યાનથી ભરવી જોઈએ. આ દરમિયાન એક ભૂલ કે મિસિંગ દસ્તાવેજો ઘણા ભારે પડી શકે છે, જેના કારણે તેમને કેનેડા છોડવું પડી શકે છે. આ પ્રકારે વર્કર્સને પણ એક ભૂલના કારણે નોકરી ગુમાવવી પડી શકે છે. હાલમાં, દુનિયાભરના મોટા દેશો આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ સંબંધિત તેમના વિઝા નિયમો કડક કરી રહ્યા છે. યુએસમાં વિઝા ઈન્ટરવ્યુ મુલતવી રાખવા, યુકે દ્વારા સંખ્યા મર્યાદિત કરવા અને ઓસ્ટ્રેલિયા દ્વારા પ્રવેશ નિયમો કડક કરવાને કારણે વિદ્યાર્થીઓને ઘણી સમસ્યાઓનો સામનો કરવો પડી રહ્યો છે.

## વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૨૦૨૫માં આપત્તિ સ્થિતિસ્થાપક માળખા પર આંતરરાષ્ટ્રીય પરિષદને સંબોધિત કરી..


### ભારત નાના ટાપુ વિકાસશીલ રાજ્યોને મોટા મહાસાગર દેશો તરીકે ઓળખે છે અને તેમની નબળાઈઓ પર વિશેષ ધ્યાન આપવાની જરૂરિયાતઃ વડાપ્રધાન

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે વિડીયો કોન્ફરન્સિંગ દ્વારા આપત્તિ સ્થિતિસ્થાપક માળખાગત સુવિધાઓ ૨૦૨૫ પર આંતરરાષ્ટ્રીય પરિષદને સંબોધિત કરી હતી. સભાને સંબોધતા, તેમણે યુરોપમાં પ્રથમ વખત આયોજિત આપત્તિ સ્થિતિસ્થાપક માળખાગત સુવિધાઓ ૨૦૨૫ પર આંતરરાષ્ટ્રીય પરિષદમાં સહભાગીઓનું સ્વાગત કર્યું હતું. તેમણે આ કાર્યક્રમના આયોજનમાં સહયોગ આપવા બદલ ફ્રાન્સના રાષ્ટ્રપતિ, મહામહિમ શ્રી ઈમેન્યુઅલ મેક્રોન અને ફ્રાન્સ સરકારનો આભાર માન્યો. પ્રધાનમંત્રીએ આગામી સંયુક્ત રાષ્ટ્ર મહાસાગર પરિષદ માટે પણ શુભેચ્છાઓ પાઠવી હતી.પ્રધાનમંત્રીએ આપત્તિ સ્થિતિસ્થાપકતાને મજબૂત બનાવવા માટે ૫ મુખ્ય વૈશ્વિક પ્રાથમિકતાઓની રૂપરેખા આપી ભારતે ૨૯ દેશોને લાભદાયી સુનામી ચેતવણી પ્રણાલી સ્થાપિત કરીઃ પ્રધાનમંત્રી, ભારત નાના ટાપુ વિકાસશીલ રાજ્યોને મોટા મહાસાગર દેશો તરીકે ઓળખે છે અને તેમની નબળાઈઓ પર વિશેષ ધ્યાન આપવાની જરૂરિયાતઃ પ્રધાનમંત્રી, પ્રારંભિક ચેતવણી પ્રણાલીઓ અને સંકલનને મજબૂત બનાવવી મહત્વપૂર્ણ છેઃ પ્રધાનમંત્રી, આપત્તિઓમાંથી પાછા ફરવાની શ્રેષ્ઠ પદ્ધતિઓ અને શિક્ષણનો વૈશ્વિક ડિજિટલ ભંડાર સમગ્ર વિશ્વ માટે ફાયદાકારક રહેશેઃ પ્રધાનમંત્રી, 'દરિયાકાંઠાના પ્રદેશો માટે સ્થિતિસ્થાપક ભવિષ્યનું નિર્માણ' વિષય પર પ્રકાશ પાડતા, શ્રી મોદીએ કુદરતી આફતો અને આબોહવા પરિવર્તન માટે દરિયાકાંઠાના પ્રદેશો અને ટાપુઓની સંવેદનશીલતા પર ભાર મૂક્યો હતો. તેમણે તાજેતરની આફતોનો ઉલ્લેખ કર્યો હતો, જેમાં ભારત અને બાંગ્લાદેશમાં ચક્રવાત રેમલ, કેરેબિયનમાં વાવાઝોડું બેરીલ, દક્ષિણ-પૂર્વ એશિયામાં ટાયફૂન યાગી, યુનાઈટેડ સ્ટેટ્સમાં વાવાઝોડું હેલેન, ફિલિપાઈન્સમાં ટાયફૂન ઉસાગી અને આફ્રિકાના ભાગોમાં ચક્રવાત ચિડોનો સમાવેશ થાય છે. શ્રી મોદીએ ઉલ્લેખ કર્યો કે આ આફતોએ જાનમાલને નોંધપાત્ર નુકસાન પહોંચાડ્યું છે, જે સ્થિતિસ્થાપક માળખાગત સુવિધાઓ અને સક્રિય આપત્તિ વ્યવસ્થાપનની જરૂરિયાતને મજબૂત બનાવે છે. ૧૯૯૯ના સુપર-સાયક્લોન અને ૨૦૦૪ના સુનામી સહિતની વિનાશક આફતો સાથેના ભારતના ભૂતકાળના અનુભવોને યાદ કરીને, પ્રધાનમંત્રીએ ભાર મૂક્યો કે ભારતે કેવી રીતે સ્થિતિસ્થાપકતા સાથે અનુકૂલન અને પુનર્નિર્માણ કર્યું હતું, સંવેદનશીલ વિસ્તારોમાં ચક્રવાત આશ્રયસ્થાનોનું નિર્માણ કર્યું અને ૨૯ દેશોને લાભદાયક સુનામી ચેતવણી પ્રણાલીની સ્થાપનામાં યોગદાન આપ્યું હતું, ૨૫ નાના ટાપુ વિકાસશીલ રાજ્યો સાથે સ્થિતિસ્થાપક ઘરો, હોસ્પિટલો, શાળાઓ, ઉર્જા પ્રણાલીઓ, જળ સુરક્ષા પગલાં અને પ્રારંભિક ચેતવણી પ્રણાલીઓના નિર્માણ માટે ગઠબંધન ફોર ડિઝાસ્ટર રેઝિલિયન્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર (CDRI)ના ચાલી રહેલા કાર્ય પર ભાર મૂકતા, શ્રી મોદીએ પેસિફિક હિંદ મહાસાગર અને કેરેબિયન પ્રદેશોના પ્રતિનિધિઓની હાજરી બદલ પ્રશંસા વ્યક્ત કરી અને ગઠબંધનમાં આફ્રિકન યુનિયનની ભાગીદારીનું સ્વાગત કર્યું હતું. મુખ્ય વૈશ્વિક પ્રાથમિકતાઓ તરફ ધ્યાન દોરતા, પ્રધાનમંત્રીએ ૫ મુખ્ય વિષયો રજૂ કર્યા. પ્રથમ, ભવિષ્યના પડકારોનો સામનો કરવા માટે સજ્જ કુશળ કાર્યબળ બનાવવા માટે ઉચ્ચ શિક્ષણમાં આપત્તિ સ્થિતિસ્થાપકતા અભ્યાસક્રમો, મોડ્યુલો અને કૌશલ્ય વિકાસ કાર્યક્રમોને એકીકૃત કરવાનું મહત્વ. બીજું, તેમણે આપત્તિઓનો સામનો કરી ચૂકેલા અને સ્થિતિસ્થાપકતા સાથે પુનઃનિર્માણ કરનારા દેશો પાસેથી શ્રેષ્ઠ પ્રથાઓ અને શિક્ષણનું દસ્તાવેજીકરણ કરવા માટે વૈશ્વિક ડિજિટલ ભંડારની જરૂરિયાત પર ધ્યાન દોર્યુ હતું. શ્રી મોદીએ ભાર મૂક્યો હતો કે આપત્તિ સ્થિતિસ્થાપકતા માટે નવીન ધિરાણની જરૂર છે.

---

**સ્ત્રીઓ જ શું કામ વ્રત કરે? પરંતુ વ્રત એ કોઈ ફરજિયાત કરવામાં આવતી વાત નથી, કે નથી કોઈ અંધશ્રદ્ધાનો વિષય**

# જેઠ સુદ પૂર્ણિમા એટલે વડ સાવિત્રી પૂનમ અને રમતા રામનું સૂત્ર આપનાર કબીરની જયંતિ!



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**આયુષ્ય શબ્દનો સીધો સાદો અર્થ કરીએ તો જન્મથી મૃત્યુ સુધીની અવસ્થાનો અંક, ભારતીય સંસ્કૃતિમાં પહેલા લોકો ખૂબ જ લાંબું આયુષ્ય ભોગવતાં, અને ઋષિમુનિઓ હજારો વર્ષ સુધી સમાધિમાં પણ જીવતા રહેતાં, એટલે કે આપણે ત્યાં આયુષ્ય વર્ષ મુજબ જોઈએ તો ખૂબ જ લાંબા રહેતાં, અને સૌના દીર્ઘાયુષ્યનું એક કારણ તેની શારીરિક અને માનસિક સ્વસ્થતા પણ કહી શકાય.**

આવતી કાલે જેઠ સુદ પૂનમ છે, આ વ્રત કરીને પોતાનાં પતિનું લાંબુ આયુષ્ય અને તેના જીવનમાં કાયમ જ્ઞાનનાં અજવાળા રહે, એવી પ્રાર્થનાં કરતી દરેકે દરેક સ્ત્રીને વંદન કરવા ઘટે. પતિ પરમેશ્વર એ લગભગ દરેક ભારતીય સ્ત્રીનો પાયાનો સંસ્કાર છે. સાવિત્રી યમરાજ પાસેથી પોતાના પતિ સત્યવાનનાં પ્રાણ પાછો મેળવે છે, અને એ મહિમાને યાદ કરી દરેક પતિવ્રતા સ્ત્રી પોતાનાં પતિનાં લાંબા આયુષ્ય માટે આજનાં દિવસે વ્રત રાખે છે. સત્યવાનનું આયુષ્ય એક જ વર્ષનું હોવા છતાં પણ, સાવિત્રી તેની સાથે લગ્ન કરે છે. એક વર્ષ બાદ જ્યારે તેના પતિને યમરાજ લઈ જાય છે, ત્યારે તે તેની પાછળ પાછળ ચાલે છે, અને યમરાજને કહે છે કે જ્યાં મારો પતિ ત્યાં જ હું, યમરાજ તેને પાછી મોકલવા માટે વરદાન આપે છે, અને દરેક વરદાનમાં તે પોતાના પરિવારને સમૃદ્ધ કરનારી વાત માંગે છે. એટલે કે પોતાનાં સસરા અંધ હોય છે, તો તેની માટે ચક્ષુદાન માગે છે, પોતાની માતાને પુત્ર નથી હોતા તો, તેની માટે સો પુત્ર માગે છે, અને દરેક વખતે યમરાજ તથાસ્તુ કહે છે, એમ સાવિત્રી પોતાની બુદ્ધિથી પોતાની માટે પણ સો પુત્રનું વરદાન માંગે છે, અને યમરાજ તથાસ્તુ કહે છે. એટલે પોતે કહે છે કે પતિ વગર સો પુત્રની માતા કઈ રીતે બની શકું! અને હું એક પતિવ્રતા સ્ત્રી છું. યમરાજા પ્રસન્ન થઈને સત્યવાનના પ્રાણ પાછાં આપે છે, અને તેનું આયુષ્ય ૪૦૦ વર્ષનું કરે છે, અને ઈતિહાસ મુજબ સાવિત્રી ૧૦૦ બળવાન પુત્રોની માતા બને છે. હિન્દુ સંસ્કૃતિમાં આવી તો કેટલીયે વ્રત પરંપરાઓ જોડાયેલી છે, જેના થકી આપણે તે વ્રતનું પાલન કરીને આપણા પતિવ્રતા વ્રત ધર્મને મજબૂત બનાવી શકીએ છીએ. દિવસે દિવસે વ્રત અને તેને લગતા તહેવારોનું મહત્વ ઓછું થતું જાય છે. સ્ત્રી પુરુષ સમોવડીની વાત પણ આની સાથે જોડીને ઘણા દલીલ કરે છે, કે સ્ત્રીઓ જ શું કામ વ્રત કરે? પરંતુ વ્રત એ કોઈ ફરજિયાત કરવામાં આવતી વાત નથી, કે નથી કોઈ અંધશ્રદ્ધાનો વિષય. ત્યાં તો આપણી સંસ્કૃતિનો પૂર્ણ પ્રેમ અને શ્રદ્ધા વિશ્વાસનો મહત્વનો પાયો નંખાયો છે. વ્રત કરીએ કે ના કરીએ, પરંતુ આ નાજુક સંબંધોમાં શ્રદ્ધા અને વિશ્વાસ ટકી રહે એ બહુ જ જરૂરી છે. જેઠ મહિનાથી શરૂ કરીને શ્રાવણ વદ અમાસને દિવસે આ વ્રતનો દોર પૂરો થાય છે. અષાઢમાં નાની કુમારિકાઓના વ્રતનાં દિવસો આવશે, અને પોતાનાં ભાવિ જીવનસાથી રૂપે યોગ્ય સાથી પ્રાપ્ત કરવા માટે આ પ્રકારના વ્રતો આપણે ત્યાં થાય છે. તો આજે યમરાજ પાસેથી સાવિત્રી પોતાના પતિનાં પ્રાણ એટલે કે આયુષ્ય પાછુ મેળવે છે. આયુષ્ય શબ્દનો સીધો સાદો અર્થ કરીએ તો જન્મથી મૃત્યુ સુધીની અવસ્થાનો અંક. ભારતીય સંસ્કૃતિમાં પહેલા લોકો ખૂબ જ લાંબું આયુષ્ય ભોગવતાં, અને ઋષિમુનિઓ હજારો વર્ષ સુધી સમાધિમાં પણ જીવતા રહેતાં. એટલે કે આપણે ત્યાં આયુષ્ય વર્ષ મુજબ જોઈએ તો ખૂબ જ લાંબા રહેતાં, અને સૌના દીર્ઘાયુષ્યનું એક કારણ તેની શારીરિક અને માનસિક સ્વસ્થતા પણ કહી શકાય. એટલે કે લાંબા આયુષ્ય માટે તન મન બંને તંદુરસ્ત હોવા જોઈએ. જેઠ સુદ પૂનમને દિવસે કબીર જયંતિ પણ ઉજવવામાં આવે છે.અરબીમાં કબીરનો અર્થ 'મહાન' થાય છે. કબીરદાસ ભારતના ભક્તિ કાવ્ય પરંપરાનાં મહાનતમ કવિઓમાંના એક હતા. કબીર પંથ એક ધાર્મિક સમુદાયમાં કબીરનાં સિદ્ધાંતો અને ઉપદેશોને પોતાની જીવન શૈલીનો આધાર માને છે, તેમના મતાનુસાર કબીરનો જન્મ ૧૩૯૮ ઈ.સ.માં થયો અને તેમનું મૃત્યુ ૧૫૧૮ ઈ.સ. માં થયું, અર્થાત કબીર અસાધારણ રુપે ૧૨૦ વર્ષ જીવ્યા હતા. સંત રામાનંદના શિષ્ય બન્યાં અને અલખ જગાડવા લાગ્યા. કબીર સરળ ભાષામાં કોઈ પણ સમ્પ્રદાય અને રૂઢિઓની પરવા કર્યા વગર સાચી વાત કહેતા હતા. હિંદૂ-મુસલમાન બધા સમાજમાં વ્યાપ્ત રૂઢિવાદ તથા કટ્ટરપંથનો ખુલ્લેઆમ વિરોધ કર્યો. કબીરની વાણી તેમનાં મૌખીક ઉપદેશ તેમની સાખી, રમૈની, બીજક, બાવન-અક્ષરી, ઉલટબાસી વગેરેમાં જોઈ શકાય છે. ગુરુ ગ્રંથ સાહેબમા તેમનાં ૨૦૦ પદ અને ૨૫૦ સાખીઓ છે. કાશીમાં પ્રચલિત માન્યતા છે, કે જે અહીં મરે છે તેને મોક્ષ પ્રાપ્ત થાય છે. રૂઢિગતતાનાં વિરોધી કબીર કાશી છોડીને મગહર ગયા અને ત્યાંજ દેહ ત્યાગ કર્યો. મગહરમાં કબીરની સમાધિ છે, જેને હિન્દુ મુસ્લિમ બંને પૂજે છે. કબીર રામ ઉપાસક રહ્યાં અને એ એકેશ્વરવાદને પ્રતિપાદિત કરતાં હતાં. કબીરના રામ તો અગમ છે, અને સંસારના કણ-કણમાં વિરાજે છે. કબીરના રામ, એકસત્તાવાદી ખુદા પણ નથી. ઈસ્લામમાં ખુદા કે અલ્લાહને સમસ્ત જગત તેમજ જીવોથી ભિન્ન તેમજ પરમ સમર્થ માનવામાં આવે છે. પણ કબીરના રામ પરમ સમર્થ અને, સમસ્ત જીવો અને જગતથી ભિન્ન તો કદાપિ નથી, આથી વિપરીત તેઓ તો બધામાં વ્યાપ્ત રહેવાવાળા રમતા રામ છે. તેઓ કહે છે:

> **વ્યાપક બ્રહ્મ સબ મૈં એકૈ,**
> **ને પંડિત ને જોગી ।**
> **રાવણ-રાવ કવનસૂં કવન**
> **તેઓદ ને રોગી ॥**
> **સંતો, ધોખા કાસૂં કહિયે**
> **ગુનમૈં નિરગુન ।**
> **નિરગુનમૈં ગુન, બાટ છાંડ઼ી**
> **ક્યૂં બહિસે ॥**

આમ તો ઈશ્વર વિશે બધા બુદ્ધ પુરુષ એક જ વાત કહે છે, કે જે સર્વ વ્યાપ્ત છે, અને સર્વ પ્રાપ્ય પણ છે. સદગુરુનું ચિંતન કહે છે, ઈશ્વરને પણ જ્યાં જન્મ લેવાનું મન થાય, તેવી આ સુંદર પૃથ્વી, અને સુંદર પ્રકૃતિમાં આપણને જન્મ મળ્યો છે, આપણે આ પૃથ્વી પર જન્મ લીધો છે, એટલે કે પરમ પ્રેમનો સંદેશ આપવા માટે, કઈ કેટલાય ચરિત્રો આ પૃથ્વી પર આવી ગયાં, અને ઈશ્વરે પણ અવતાર ગાથા તરીકે અહીં જન્મ લીધો, અને દરેકે દરેક જણાં એ સિદ્ધ કર્યું કે પ્રકૃતિ જેમ નિષ્પક્ષ પ્રેમ કરવો, અને સર્વજન સુખાય, સર્વજન હિતાય જીવન જીવવું. ભૂલ દરેકથી થાય, અને એ ભૂલમાંથી કંઈક નવો પદાર્થ પાઠ ભણીને ફરી એ ભૂલ ન કરવાં કટિબદ્ધ બની આગળની યાત્રા કરવી જોઈએ. તેમ આપણે પણ આપણી ભૂલોને ઈશ્વરને સોંપી, અને હવે પછી એવી કોઈ ભૂલ નહીં થાય, એટલે કે પ્રકૃતિને નુકસાન થાય એવું જીવીશું નહીં, માનવતાના ધર્મે ફરી પાછો ઉજાગર કરીશું, કે પછી સ્વાર્થવૃત્તિ ત્યજી, અન્યોન્ય ભાઈચારા અને સંપની લાગણીથી જીવીશું,અને રાધા કૃષ્ણનાં અમર પ્રેમ કે પરમ પ્રેમનાં સંદેશ મુજબ જીવીશું!; જીવનની ક્ષણેક્ષણને અન્ય જીવોનાં ઉદ્ધાર માટે જીવવાનો સંકલ્પ કરીશું. તો આજે વડસાવિત્રી વ્રતના દિવસે સાવિત્રી પોતાના પ્રાણની પરવાહ કર્યા વગર, તેની પાછળ ચાલી નીકળી હતી,અને પોતાના પતિના પ્રાણ યમરાજ પાસેથી પાછા લાવી હતી. સદગુરુ કૃપા હી કેવલમ, એટલે કે સદગુરુની કૃપાથી વહેતી આ ચિંતનની ક્ષણેની નિર્મળ મંદાકિનીમાં રોજ રોજ સદગુરુ આપણને વિવિધ શબ્દાર્થનાં ભાવનાં મૂળ સુધી લઈ જાય છે, અને એ રીતે આપણે પણ આપણી સ્વાર્થવૃત્તિ ત્યાગી, અને આજે સમાજને જયારે જરૂર છે, ત્યારે કબીરજી જેમ અન્ય માટે આપણા આયુષ્યની ક્ષણેક્ષણ ખર્ચવા તૈયાર થઈએ, તો કદાચ યમરાજ આપણા આયુષ્યના વધારા માટે તથાસ્તુ એવું કહી શકે. આપણા ઉચ્ચ અને ગુણવત્તાવાળા ચરિત્રો થકી ભારતીય હિંદુ સંસ્કૃતિનું આયુષ્ય નિરંતર વધતું રહે, એવી આજના દિવસે અભ્યર્થના. સનાતન ધર્મની જય.



---

**માનવ પોતાના જીવન-કાળમાં જેટલાં કર્મો કે ક્રિયાએ કરે છે અને કરી શકે છે, તેના સ્થૂળરૂપે ત્રણ ભાગ પાડવામાં આવે છે**

# પૂજા માટે પોતે ચૂંટાવાના નથી, એ જાણતાં પાંદડા, પોતાના હિસ્સાની સુગંધ ફૂલોમાં ભરી દે છે



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**દરેક જાતનાં વ્યસન કરનારાને મર્યા પછી એવું જ કરવું પડે છે, તેથી જ કોઈના શરીરમાં પ્રવેશેલાં ભૂતોને આપણે કહેતા સાંભળીએ છીએ કે મને દારુ, માંસ આપ અથવા અમુક વસ્તુ આપ તો તને છોડી દઉં, એક શરીરમાં એક શાસ્ત્રી બ્રહ્મરાક્ષસ ભૂત થઈને પ્રવેશ્યો અને તેને ભૂતે સ્વરૂપે કહ્યું કે મને ભાગવતની સપ્તાહ કથા સંભળાવી દે તો હું તેમને છોડી દઉં.**

શાળા કૉલેજોમાં પાંત્રીસ દિવસનું ઉનાળુ વેકેશન પૂરું થયા પછી આજથી એટલે કે સોમવારથી નવા શૈક્ષણીક સત્રનો શુભારંભ થશે ત્યારે સૌને શુભકામનાઓ પાઠવીએ નવા વર્ષમાં શિક્ષકોની ભરતી સત્વરે થાય તેવી ડબલ એન્જીનની ભૂપેન્દ્ર પટેલ સરકાર પાસે આશા રાખીએ. ભારત પાકિસ્તાન વચ્ચે તણાવભરી પરિસ્થિતિમાં અચાનક સિંદૂર અને બે વિધાન સભા બેઠકની પેટા સામાન્ય ચૂંટણી ગ્રામ પંચાયતની આવતાં લોકશાહીના લોકસેવકો સમરસ બિનહરીફ અને પોતાનો જ ઉમેદવાર જીતે તેની વેતરણ પડયા છે.કડી વિસાવદર તરફ સૌનું ધ્યાન છે ગોપાલ અત્યારે તો વિસાવદરમાં હોટ ફેવરિટ છે પણ છેલ્લે તો જુનાગઢ પાલિકા જેવું જ થશે. ત્યારે આજે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો, માનવ પોતાના જીવન-કાળમાં જેટલાં કર્મો કે ક્રિયાએ કરે છે અને કરી શકે છે, તેના સ્થૂળરૂપે ત્રણ ભાગ પાડવામાં આવે છેઃ શુભ, અશુભ અને મિશ્ર. શુભ અને અશુભકર્મની કોઈ નિયત વ્યાખ્યા કરવીએ બહુ કઠિન કાર્ય છે. તેથી તેની ઝીણવટમાંરજૂઆત કરવાની આવશ્યક્તા નથી. સામાન્ય રીતે શુભ-અશુભ કર્મની એક જ વ્યાપક પરિભાષા હોઈ શકે છે અને તે એ કે "દેશ અને કાળને અનુસરી અમુક સમાજના હિત ચિંતક જે કર્મને પોતાના સમાજ કે જ્ઞાતિ માટે કર્તવ્યની સીમામાં લઈ આવ્યા તે શુભકર્મ; અને જેનો ત્યાગ થયો તે અશુભ કર્મ" એ જ વ્યાખ્યાને આધારે આપણે અતીત કાળનાં અને વર્તમાન કાળનાં ઉભય વિધ કર્મોને ઓળખી શકીએ છીએ. અને વર્તમાનની દષ્ટિએ કોઈ વિરોધ કે વિરોધાભાસ અતીત કાળમાં પ્રતીત થતો હોય તો તેનું સમાધાન પણ એ જ વ્યાખ્યા કરી શકશે. આપણે જાણીએ છીએ કે ગોમેધ એક વૈદિક યજ્ઞ હતો. તેમાં ગાયનો વધ થતો. આજેએ વાત સાંભળીને આપણ ને ગ્લાનિ અને કંપ થાય છે; પણ તે સમયે તે ધર્મ હતો. ત્યારે જ અશ્વમેધ, ગોમેધ, પિતરોને માંસ- પિંડદાન અને નિયોગ વિધિનો અંત આવ્યા. એક સમય હતો, આપણી આંખ આગળ પણ એ ભયંકર સમય હતો અને ઓછી વત્તી ભયંકરતા સાથે આજે પણ તે સમય વર્તે છે, જેમાં લોકો પરિવારને હિંદુસમાજથી ખાદ્ય ગણતા હતા પણ આજે જે મર્યાદા બંધાઈ છે તે પ્રમાણે તેઓ પણ હિંદુ સમાજનું એક અવિભાજ્ય અંગ મનાય છે. તેથી શુભઅશુભની કલ્પનાની કોઈ સીમા બાંધી શકાય નહીં. 'રાવણનાં રૂપનું, ધૈર્યનું, સત્યનું અને તેનું શું વર્ણન કરવું? આ રાક્ષસોના રાજામાં સર્વલક્ષણો- સારાં લક્ષણો ભરેલાં પડયા હતા જો એનામાં અધર્મની માત્રા વધારે ન હોત તો આ ઈન્દ્ર સહિત સુર લોકનો પણ રક્ષક રાજા થાત-.' કહેવાનું તાત્પર્ય એ છે કે અધમ માં અધમ માણસમાં પણ અનેક સારા ગુણો હોય છે અને શુભ કર્મની ભૂમિકામાં તે પણ વિહાર કરે છે. તેથી એમ જ માનવાનું કે દરેક મનુષ્ય મિશ્ર કર્મ જ કર્યા કરે છે. એવું તો બને જ કે કોઈનાં શુભ કર્મો વધારે હોય અને અશુભ કાર્યો ઓછાં તેમજ કોઈના અશુભ કર્મો વધારે અને શુભ કર્મો ઓછાં

આ મિશ્ર કર્મોનાં ફળ ઉભય લોક માં એટલે આ લોકમાં અને પર લોકમાં પણ મળે છે. એક માણસ ચોરી કરે છે, દારૂ પીએ છે, વ્યભિચાર કરે છે, જુગાર રમે છે, સટ્ટો રમે છે. તેને અહીં પણ રાજદંડ મળે છે અને મર્યા પછી ગંદા વિચારા અને ગંદા સંસ્કારો સાથે તેનું સૂક્ષ્મ શરીર બીજા શરીરમાં જાય છે. ત્યાં પણ તેને ભારે અજ્ઞાનાન્ધકારમાં ભટકવું પડે છે. એવા જીવને યમરાજના દરબારમાં કોઈ દંડ મળે છે કે કેમ તે તો ભાગવતના બનાવનાર વ્યાસ ભગવાન જાણે. તેમાં સાક્ષી પૂરી શકાય નહીં. પણ તેને મૃત્યુકાળે, પહેલાં કહ્યું છું તેમ, ઘણું કષ્ટ થાય છે. કદાચ કૃતમ સ્મર કૃતમ સ્મરનો અવાજ તે સમયે તેને સંભળાતો હશે અને અકળાતા હશે. મૃત દશામાં પણ તેને દુઃખ થાય છે.

"દારૂડીઓ જ્યારે અહીંનું સ્થૂળ શરીર છોડીને જાય છે, ત્યારે પોતાની ટેવ પ્રમાણે દારૂની ઈચ્છા તૃપ્ત કરવા જ્યાં ત્યાં ફાંફાં માર્યા કરે છે. અને દારૂના પીઠામાં કોઈ દારૂ પીતો દારુડીએ મળી જાય તો તેની આજુબાજું ભટકયા કરે છે. પોતે તેના શરીરમાં પ્રવેશ કરીને કોઈ રીતે દારૂ પીવાના જે અધમ આનંદમાં તે ફસાયેલા હતો, તે મેળવી લે છે."

દરેક જાતનાં વ્યસન કરનારાને મર્યા પછી એવું જ કરવું પડે છે. તેથી જ કોઈના શરીરમાં પ્રવેશેલાં ભૂતોને આપણે કહેતા સાંભળીએ છીએ કે મને દારુ,માંસ આપ અથવા અમુક વસ્તુ આપ તો તને છોડી દઉં. એક શરીરમાં એક શાસ્ત્રી બ્રહ્મરાક્ષસ ભૂત થઈને પ્રવેશ્યો અને તેને ભૂતે સ્વરૂપે કહ્યું કે મને ભાગવતની સપ્તાહ કથા સંભળાવી દે તો હું તેમને છોડી દઉં. સપ્તાહ કથા વંચાતી હતી ત્યારે વાંચનાર ક્યાંક ભૂલ કરતા તો તે ભૂત સુધારતું, અને કહેતું કે આમ નહિં, આમ બોલ. સપ્તાહ શ્રવણ કરીને તે ભૂત ચાલ્યું ગયું જે સ્ત્રી-પુરુષ અત્યંત વિષયલોલુપ હોય છે તેમના અંત કાળ અત્યંત ખરાબ નીવડે છે. તેઓને મૃત્યુકાળમાં પણ કામચેષ્ટા જ અને કામ વાસના જ રહ્યાં કરે છે. મૃત્યુના અંતે જયાં સુધી તેઓનો પુનર્જન્મ થાય નહિ ત્યાં સુધી તે વાસનાઓની પ્રબળતાથી પીડિત થઈ તે સૂક્ષ્મશરીર સાથે વૈશ્યાની પાસે વૈશ્યાગામીએ પાસે વ્યભિચારિણી અને વ્યભિચારી સ્ત્રી- પુરૂષો પાસે ભટક્યા કરે છે. અત્યંત કામવાસનાવાળી સ્ત્રી પ્રેત થયા પછી વેશ્યા અને વ્યભિ ચારિણીઓ પાસે જ સૂક્ષ્મ-શરીર થી રહે છે. લંપટ પુરુષો ત્યાં આવે છે,ભોગવિલાસ ચાલે છે; તે શાસ્ત્રો કહે છે કે જન્મ આયુ અને ભોગ એ ત્રણે વસ્તુઓ પૂર્વજન્મોમાં કરેલાં કર્મોનાં ફળ છે તેમનું તાત્પર્ય એ છે કે જીવ જેવાં કર્મો કરે છે તેવાં ફળ પરમાત્મા તરફથી પ્રાપ્ત કરે છે. એને એ રીતે સમજો ત્રણ પ્રકારની યોનિ સંભવે છેઃકર્મ યોનિ,ફળયોનિ અને ઉભયયોનિ એટલે તે યોનિ કે જેમાં કર્મનો આરંભ થાય છે. સૃષ્ટિના આરંભ માં જે જીવન્મુક્ત આત્માઓ સ્વેચ્છાએ જગતના બંધનમાં આવે અને કર્મનો આરંભ કરે,તે કર્મ યોનિ કહેવાય છે.એવા આત્માઓ બ્રહ્મા આદિ છે. પશુ પક્ષી આદિ ફળયોનિ કહેવાય છે. કેમ કે તે કેવળ પૂર્વ માનવજન્મમાં કરેલાં કર્મોનાં ફળો અનુભવે છે. તેઓ કોઈ બંધનકારક કર્મ કરતાં નથી. તેમને પુણ્ય-પાપનો વિચાર જ નથી. તેમને માટે કોઈ શાસ્ત્ર જ નથી, તે માટે વિધિ પણ નથી અને નિષેધ પણ નથી. પાપ-પુણ્ય સંકલ્પાધીન હોય છે. તેઓ સંકલ્પ કરતાં નથી, કરી શકતાં નથી. તેથી તે કર્મ કરવાની ખટપટથી મુક્ત છે કરે તો,તો કર્મ તેને બાંધી શકે નહી એક આખલો એક માણસને શીંગડાથી મારી નાખે તે તેને નર- હત્યાનું પાપ અને હથિયારબંધી નો ભંગ કરવાનો અપરાધ લાગુ પાડી શકાય નહિ.ત્રીજી ઉભય યોનિ એટલે કર્મયોનિ પણ અને ફળયોનિ પણ, તે મનુષ્ય યોનિ છે એમાં પૂર્વજન્મમાં કરાયેલાં કર્મોનું ફળ ભોગવાય છે. માનવ જીવનમાં કર્મોના ફળ ભોગવવા કટીબદ્ધ રહેવું પડે છેકારણકે માણસ સંગ્રહ કરે છે બીજા જીવોને એવી કોઈ લાલસા હોતી નથી.



### આ ફિલ્મનું ટ્રેલર એપ્રિલ ૨૦૨૪માં રિલીઝ થયું હતું

# સેન્સર બોર્ડ વિરુદ્ધ મદ્રાસ હાઇ કોર્ટના દ્વાર ખખડાવ્યાં

જાણીતા તમિલ ફિલ્મ મેકર અને પ્રોડ્યુસર વેટ્રી મારને મદ્રાસ હાઇ કોર્ટના દ્વાર ખખડાવ્યાં છે. સેન્ટ્રલ બોર્ડ ઓફ ફિલ્મ સર્ટિફિકેશન દ્વારા તેની તાજેતરની ફિલ્મ 'માનુષી'ને સેન્સર સર્ટિફિકેટ આપવાનો ઇનકાર કરી દેવાયો છે. આ એક રાજકારણ આધારીત ફિલ્મ છે જેમાં એન્ડ્રીઆ જેરેમીએ એક્ટિંગ કરી છે અને આ ફિલ્મ ગોપી નૈનાર દ્વારા ડિરેક્ટ કરવામાં આવી છે.આ મુદ્દે એક રીટ પિટિશન કરવામાં આવી છે, જેની સોમવારે, ૨ જૂને જસ્ટિસ એન.આનંદ સમક્ષ સુનાવણી થવાની હતી. જોકે, તેમાં વિલંબના કારણે ૬ વાગ્યા સુધી કેસનો વારો આવી શક્યો નહીં. તેથી કોર્ટે આ કેસ માટે ૪ જૂનની તારીખ આપી છે.આ પિટિશન મુજબ, વેટ્રી મારનના બેનર ગ્રાસરૂટ ફિલ્મ કંપનીએ પ્રોડ્યુસ કરેલી ફિલ્મ આતંકવાદમાં કેસમાં પકડાયેલી એક મહિલાની કસ્ટોડિયન ઈન્ટ્રોગેશન પર આધારીત છે. ફિલ્મ મેકરનો દાવો છે કે સેન્સર બોર્ડે સપ્ટેમ્બર ૨૦૨૪માં સર્ટિફિકેટ આપવાનો ઇનકાર કરી દીધો હતો, તેની પાછળ એવી ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી કે ફિલ્મમાં સરકારને અન્યાયી રીતે દર્શાવાઈ છે અને ડાબેરી તેમજ મુખ્ય પ્રવાહની સમાજવાદી વિચારધારા વચ્ચેના ભેદને ભુંસવાનો



પ્રયત્ન કરવામાં આવ્યો છે. વેટ્રી મારનનો દાવો છે કે તેને સાંભળ્યા વિના કે સ્પષ્ટતા કરવાની કોઈ તક આપ્યા વિના આ નિર્ણય લેવામાં આવ્યો હતો, તેમજ સેન્સર બોર્ડના સભ્યોના અંગત મંતવ્યોને આધારે નિર્ણય લેવાયો છે. તેના પ્રતિસાદમાં તેણે કાયદેસરની અરજી સેન્સર બોર્ડને ૨૯ માર્ચે મોકલી હતી. જેમાં માન અધિકારના ધોરણે પણ ફિલ્મને એક નિષ્ણાતોની પેનલ દ્વારા ફરી તપાસવાની વિનંતિ કરી હતી. જો ફિલ્મમાં કોઈ સીન કે ભાગ બંધારણની મર્યાદાનો ભંગ કરે તો તેણે જરૂરી ફેરફાર કરવાની તૈયારી પણ દર્શાવી હતી. આ ફિલ્મનું ટ્રેલર એપ્રિલ ૨૦૨૪માં રિલીઝ થયું હતું.

### વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ

# રામાયણ'ના શૂટિંગમાં રણબીરનો નવો લુક જોઈને ફેન્સ ચોંકી ગયા

### યુઝર્સ તેનો ક્લીન શેવ્ડ લુક પસંદ કરી રહ્યા છે, તે એનિમલમાંથી બાળક જેવો બની ગયો

'રામાયણ'ના શૂટિંગ દરમિયાન રણબીર કપૂરનો નવો લુક સામે આવ્યો છે જેમાં તે એકદમ બાળક જેવો ક્યુટ લાગી રહ્યો છે .રણબીર કપૂરનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. આ વીડિયોમાં રણબીર પાપ ારાઝીને મળતો જોવા મળે છે. એટલું જ નહીં, અભિનેતા તેમની સાથે ફોટા પડાવતો જોવા મળ્યો હતો. આ પ્રસંગે રણબીર કપૂરનો નવો લુક જોવા મળ્યો હતો.બોલીવુડ અભિનેતા રણબીર કપૂર હંમેશા હેડલાઈન્સમાં રહે છે. રણબીર આ દિવસોમાં તેના ઘણા પ્રોજેક્ટ્સને લઈને સમાચારમાં છે. આ સમયે તેની પાસે ઘણી મોટી ફિલ્મો છે, જેના શૂટિંગમાં તે વ્યસ્ત છે. આ દરમિયાન, રણબીરનો નવો લુક જોઈને બધા ચોંકી ગયા છે. તેનો એક વીડિયો સામે આવ્યો છે, જેમાં ચાહકોમાં અભિનેતાનો લુક ચર્ચામાં છે.



જેમાં રણબીર સંપૂર્ણપણે ક્લીન શેવ્ડ દેખાય છે. એટલું જ નહીં, તેણે પોતાના વાળ પણ ખૂબ ટૂંકા કાપી નાખ્યા છે. અભિનેતાના આ લુકને જોઈને ચાહકો અલગ અલગ પ્રતિક્રિયા આપી રહ્યા છે. ઘણા યુઝર્સે તેને તેની નવી ફિલ્મનો લુક ગણાવ્યો છે.રણબીર કપૂરનો આ લુક હાલમાં સોશિયલ મીડિયા પર ટ્રેન્ડ કરી રહ્યો છે. જ્યારે ઘણા યુઝર્સ તેનો ક્લીન શેવ્ડ લુક પસંદ કરી રહ્યા છે, તો વળી અમુક લખે છે કે તે એનિમલમાંથી બાળક જેવો બની ગયો.

### પંચાયતની ટીમે દર્શકો પાસે વહેલી રિલીઝ માટે મત માગ્યા

# 'પંચાયત' વેબ સિરીઝની ચોથી સીઝન વહેલી આવી શકે




'પંચાયત' એ એક સૌથી લોકપ્રિય વેબ સિરીઝ છે,તેમાં કોઈ શંકાને સ્થાન નથી. એમેઝોન પ્રાઇમ અને ટીવીએફનો આ સૌથી સફળ શો છે. ત્યારે તેના ફેન્સ તેની દરેક સીઝનની આતુરતાથી રાહ જોતાં હોય છે. તેની ત્રણ સીઝન આવી ચૂકી છે અને સફળ રહી છે. હવે તેની ચોથી સીઝન આવવાની છે અને આ સીઝન પહેલાં તો ૨ જુલાઈએ રિલીઝ થવાની હતી. પરંતુ હવે એવો અંદાજ છે કે આ ટાઇમ ટેબલમાં ફેરફાર થયા છે. કારણ કે સિરીઝની ટીમ દ્વારા વલી સીઝનના પ્રમોશન સાથે એક વીડિયો રિલીઝ કરવામાં આવ્યો છે. જેમાં તેમણે દર્શકો પાસે મત માગ્યા છે કે, તેમને રિલીઝની નવી તારીખ નક્કી કરવા કહ્યું છે. પ્રાઇમ વીડિયો દ્વારા ગુરવારે સોશિયલ મીડિયા પર એક વીડિયો પોસ્ટ કરવામાં આવ્યો હતો. જેની શરુઆતમાં પ્રધાનજી, રિંકી અને વિકાસ ગામમાં આવનારી મંજુ દેવી અને ક્રાંતિ દેવી વચ્ચેની ચૂંટણીની વાત કરતાં દેખાય છે. તેઓ યોજના કરતાં હોય છે કે ચૂંટણીમાં તેમના હવે આગામી પગલાં કેવાં હોવા જોઈએ. ત્યારે રિંકી એવો આઇડિયા આપે છે કે, તેમણે તેની માના ચુંટણી પ્રચાર માટે એક ગીત બનાવવું જોઈએ અને તેઓ પાર્ટીનું એક ઓફિશીયલ થીમ સોંગ બનાવવાનું નક્કી કરે છે. પછી મંજુ દેવીનું ગીત બતાવાયછે, જેમાં તેઓ ચૂંટણી ઢંઢેરા પ્રકારના વાયદાઓની વાતો કરતાં હોય છે. જેમાં ગામની સુવિધાઓને, રસ્તાઓને વગેરેના વિકાસની વાતો કરે છે. તેની દેખાદેખી ભુષણ અને બિનોદ પણ ક્રાંતિ દેવી માટે એક ગીત બનાવી દે છે. તેમનું વચન એવું છે કે તેઓ મંજુ દેવી જે વિકાસનું વચન આપે છે એ બધું જ એનાથી પણ સારું કરી બતાવશે. પછી બંને પક્ષના લોકો એકબીજાની સામે આવી જાય છે અને એકબીજાનો અવાજ દબાવવા પ્રયત્ન કરે છે. ત્યારે સચિવજીની એન્ટ્રી થાય છે તે બંને વચ્ચે મધ્યસ્થી કરે છે. તેઓ દર્શકોને આ સિરીઝ ક્યારે જોવા માગે છે એ અંગે પૂછે છે. તો વારા ફરતી મંજુ દેવી અને ક્રાંતિ દેવી બંને સ્ક્રીન પર આવે છે અને લોકોને તેઓ આ સિરીઝ ક્યારે જોવા માગે છે, તે અંગે મત આપવા જણાવે છે.

# શૈતાન'માં પેશાબના દ્રશ્ય વખતે માધવને સિફતથી ધાબળો ઓઢ્યો

### આર માધવને કહ્યું, તે ખૂબ જ સંવેદનશીલ દ્રશ્ય હતું, એક ક્ષણ એવી આવે છે જ્યારે હું તેની પુત્રીને આખી રાત નાચવાનું કહું છું

હોરર હિટ 'શૈતાન'માં ખલનાયકની ભૂમિકા ભજવનાર આર. માધવને તાજેતરમાં ફિલ્મના કેટલાક સંવેદનશીલ દ્રશ્યો વિશે વાત કરી. કાજોલ સાથેની તેની આગામી હોરર ફિલ્મ 'મા'ના નવા પ્રમોશનમાં, માધવને એક દ્રશ્ય વિશે વાત કરી જેણે તેને સેટ પર ખૂબ જ નર્વસ કરી દીધો. આર માધવને કહ્યું, તે ખૂબ જ સંવેદનશીલ દ્રશ્ય હતું, એક ક્ષણ એવી આવે છે જ્યારે હું તેની પુત્રીને આખી રાત નાચવાનું કહું છું કાજોલે માધવને પૂછ્યું કે શું 'શૈતાન'માં કોઈ એવું દ્રશ્ય છે જે તેને કરવા માટે ખૂબ જ ખલેલ પહોંચાડે છે. માધવને જવાબ આપ્યો અને તે દ્રશ્ય વિશે વાત કરી જ્યારે તેનું પાત્ર અજય દેવગણની ઓન-સ્ક્રીન પુત્રીને આખી રાત નાચવા માટે દબાણ કરે છે, જેના પછી તે તે જ સમયે પેશાબ કરે છે.આર માધવને કહ્યું, 'તે ખૂબ જ સંવેદનશીલ દ્રશ્ય હતું. એક ક્ષણ એવી આવે છે જ્યારે હું તેની પુત્રીને આખી રાત નાચવાનું કહું છું. તે એક એવા તબક્કામાં પહોંચે છે જ્યાં તે પોતાને નિયંત્રિત કરી શકતી નથી અને પેશાબ કરે છે. ફિલ્મમાં તે ખૂબ જ રમુજી છે. પરંતુ અહીં, મને સમજાયું કે એક ખલનાયક તરીકે પણ, જો હું તે ક્ષણ દરમિયાન તેણીને જોઉં, તો તે સંપૂર્ણપણે અલગ સંદેશ મોકલશે. હું ઈચ્છતો હતો કે દર્શકો દયા નહીં, પણ નફરત અનુભવે.માધવને સમજાવ્યું કે કેવી રીતે તેણે તે અસ્વસ્થતા દર્શાવવા માટે તેના હાવભાવ બદલ્યા. તેણે કહ્યું, 'તેથી, મેં મારી જાતને ધાબળામાં લપેટી, જાણી જોઈને તેણી તરફ જોવાનું ટાળ્યું. આ નિર્ણયથી માત્ર પાત્ર માટે કામ થયું નહીં, પણ એક અભિનેતા તરીકે મને રાહત પણ મળી. હું ભૂમિકા પ્રત્યે વફાદાર રહીને



ભાવનાત્મક રીતે મારી જાતને દૂર કરી શક્યો. હું ફક્ત તેની માતાને કહું છું, 'શું તમે તમારી પુત્રીને મદદ કરી શકો છો?તેણે આગળ કહ્યું, 'શૂટિંગ દરમિયાન ઘણી ક્ષણો આવી જે મને ખૂબ જ અસ્વસ્થ કરતી હતી. પરંતુ મારે મારી જાતને ભાવનાત્મક રીતે સુરક્ષિત રાખીને પ્રમાણિક રહેવાના રસ્તાઓ શોધવા પડ્યા. વિકાસ બહલ દ્વારા દિગ્દર્શિત, 'શૈતાન' ૨૦૨૩ ની ગુજરાતી ફિલ્મ 'વશ' ની હિન્દી રિમેક છે. આ ફિલ્મમાં માધવન સાથે અજય દેવગન, જ્યોતિકા અને જાનકી બોડીવાલા એક ડાર્ક રોલમાં છે. આ ફિલ્મમાં એક માણસ પરિવારને બંધક બનાવે છે, જેનો પોતાની પુત્રી પર માનસિક નિયંત્રણ છે. આ ફિલ્મ બોક્સ ઓફિસ પર પણ સફળ રહી હતી, જેણે રૂ. ૧૦૦ કરોડથી વધુની કમાણી કરી હતી.

# બોલિવૂડના ડિરેક્ટર્સ સપનાં પણ અંગ્રેજીમાં જુએ છે

જાવેદ અખ્તર પોતાના વિચારો સ્પષ્ટ અને તટસ્થ રીતે કહેવા માટે જાણીતા વ્યક્તિ છે, પછી તે દેશના રાજકારણની વાત હોય, ભારત-પાકિસ્તાનની વાત હોય, લેખકો કે કલાકારોના અધિકારની વાત હોય કે પછી પોતાની વ્યક્તિગત જીવનની કોઈ વાત હોય. તાજેતરમાં એક ઈન્ટરવ્યુમાં તેમણે આવા મુદ્દાઓ પર વિગતે વાતો કરી હતી. આજકાલ બોલિવૂડે સામાન્ય લોકો સાથેનો સંપર્ક ગુમાવ્યો છે અને તેની વાર્તાઓ વધારે કાલ્પનિક બની રહી છે, તે બાબતે જાવેદ અખ્તરે બોલિવૂડની ટીકા કરી હતી. તેમણે એમ પણ જણાવ્યું હતું કે સાઉથની ફિલ્મના સરખામણીએ હિન્દી ફિલ્મ અંગે વાર્તાની સ્પષ્ટતામાં ઘણો વિરોધાભાસ છે. સાથે તેમણે પોતાના બંને સંતાનો ફરહાન અને ઝોયાની ફિલ્મ વિશે પણ વાત કરી હતી. બહુ ભવ્ય ફિલ્મ બનાવવાની હોડમાં બોલિવૂડ



પોતાનો આત્મા ગુમાવી રહ્યું છે, એવું જાણીતા ગીતકાર જાવેદ અખ્તરને લાગે છે. તેમણે હિન્દી સિનેમાનાં અસ્તિત્વ અને ઓળખ ટકાવી રાખવાની ચર્ચાને ફરી ચાલુ કરી છે. તેમણે કેટલાંક કારણો પણ જણાવ્યા કે કેમ બોલિવૂડની ફિલ્મમાં ઊંડાણ અનુભવાતું નથી અને લકોને પોતાની લાગે એવી વાર્તાઓ મળતી નથી. તેમણે કહ્યું, ''એ લોકોને સપના પણ અંગ્રેજીમાં આવે છે.'' જાવેદ અખ્તરે આ ઈન્ટરવ્યુમાં કહ્યું કે આજકાલના નવા ફિલ્મ મેકર્સનો સંસ્કૃતિ કે મૂળ વતન સાથે સંપ૪ક જ નથી રહ્યો.

# આયુષ્યમાન ખુરાના નવેમ્બરમાં બરજાત્યાની ફિલ્મનું કામ શરૂ કરશે



આ વર્ષની શરૂઆતમાં એવા અહેવાલો હતા કે સૂરજ બરજાત્યાનો નવો પ્રેમ હવે આયુષ્યમાન ખુરાના હશે. હવે સૂરજ બરજાત્યાની આગામી ફિલ્મમાં તે લીડ રોલમાં જોવા મળશે. આ રોમેન્ટિક ફિલ્મમાં શર્વરી વાઘ પણ લીડ રોલમાં હશે. હવે એવા અહેવાલ છે કે સૂરજ બરજાત્યાની આ ફિલ્મનું શૂટિંગ નવેમ્બર ૨૦૨૫માં શરૂ થશે. સુત્રો દ્વારા મળતી માહિતી અનુસાર આયુષ્યમાન જેવી મેડોકની 'થામા' પુરી કરશે કે તરત તે સૂરજ બરજાત્યાની પ્રેમભરી દુનિયામાં પ્રવેશ કરશે. સુત્રએ જણાવ્યું, ''આયુષ્યમાન પ્રેમનો રોલ કરવા માટે ખુબ ઉત્સુક છે અને સૂરજ બરજાત્યાની ફિલ્મનું નવેમ્બર ૨૦૨૫માં શૂટિંગ શરૂ કરશે.'' આ સુત્રએ આગળ એવું પણ કહ્યું કે આ ફિલ્મનું શૂટિંગ લગબગ છ મહિના સુધી ચાલશે અને ૨૦૨૬ના પાછળના ભાગમાં આ ફિલ્મ રિલીઝ થઈ શકે છે. સામાન્ય રીતે બરજાત્યાની ફિલ્મ મોટા પરીવારો સાથે વિશાળ સ્ટારકાસ્ટ અને સંગીત આધારીત ફિલ્મ હોય છે, પરંતુ આ ફિલ્મ અંગે સુત્રના જણાવ્યા અનુસાર, ''સૂરજ બરજાત્યાની આ ફિલ્મ એક રમુજી અને રોમેન્ટિક ફિલ્મ બનાવવા માગે છે, જેમાં એક ન્યુક્લિયર ફેમિલીની વાત છે. ફિલ્મની સ્ક્રિપ્ટ લખાઈ ચૂકી છે અને તેઓ હવે અન્ય કલાકારોનું કાસ્ટિંગ કરી રહ્યા છે. આ ફિલ્મમાં પણ કેટલાંક પીઢ અને અનુભવી કલાકારો હશે, હાલ કાસ્ટિંગ ચાલી રહ્યું છે.'' હજુ આ ફિલ્મનું નામ જાહેર થયું નથી, 'મેને પ્યાર કિયા', 'હમ આપકે હે કૌન', 'હમ સાથ સાથ હૈ', 'મૈ પ્રેમ કી દિવાની હું', 'વિવાહ', 'પ્રેમ રતન ધન પાયો' અને 'ઊંચાઈ' પછી બરજાત્યાની આ આઠમી ફિલ્મ હશે. આયુષ્યમાન ખુરાના આ ફિલ્મમાં કાસ્ટ થઈ ચૂક્યો છે. આયુષ્યમાન ખુરાના દિનેશ વિજાનની 'થામા'નો પણ હિસ્સો છે અને કરણ જોહર એક સ્પાય કોમેડી પ્રોડ્યુસ કરે છે, તેમાં પણ આયુષ્યમાન છે. સાથે તે યશરાજ ફિલ્મ્સ સાથે પણ 'પોશમ પા'માં કામ કરી રહ્યો છે. જ્યારે શર્વરી વાયઆરએફના સ્પાય વર્લ્ડમાં 'આલ્ફા'માં કામ કરી રહ્યો છે અને અન્ય કેટલીક મોટી ફિલ્મ માટે વાટાઘાટો ચાલે છે.

# ફેન ફોલોઈંગ વધારવા આરજે મહવશ ચહલનો ઉપયોગ કરતી હોવાનો આરોપ

**મહવશ યુઝર્સ પર ભડકી**

**બીજી તરફ છૂટાછેડા પછી ધનશ્રી પોતાની પ્રોફેશનલ લાઈફને લઈને ચર્ચામાં**

ધનશ્રી વર્મા સાથે છૂટાછેડા બાદ માત્ર યુઝવેન્દ્ર ચહલ જ નહીં, પરંતુ તેની રુમર્ડ ગર્લફ્રેન્ડ RJ મહવશ પણ સોશિયલ મીડિયા પર સતત ચર્ચામાં છે. ખાસ કરીને જ્યારે ક્રિકેટ કે યુઝવેન્દ્ર ચહલની વાત આવે છે. પંજાબ કિંગ્સના સપોર્ટમાં પોસ્ટ શેર કર્યા બાદ મહવશ ફરી એકવાર ચર્ચામાં છે. તાજેતરમાં જ મહવશે એ ખુલાસો કરીને બધાને ચોંકાવી દીધા છે કે, ચહલ ત્રણ ફ્રેક્ચર સાથે IPL 2025 રમ્યો હતો, ત્યારબાદ તે એક ટ્રોલરની નિશાન બની ગઈ જેણે મહવશના ઈન્સ્ટાગ્રામ ફેન ફોલોઈંગ અને તેની લોકપ્રિયતા પર સવાલ ઉઠાવ્યા હતા. પરંતુ ફેમશ કન્ટેન્ટ ક્રિએટર અને એક્ટ્રેસે તેના સવાલોનો એવો જવાબ આપ્યો કે, દરેક લોકો તેના વખાણ કરી રહ્યા છે. ત્યારથી તે ઈન્ટરનેટ પર છવાઈ ગઈ છે.સોશિયલ મીડિયા પર RJ મહવશ પર નિશાન સાધતા યુઝરે લખ્યું કે, 'તે માત્ર ચહલના નામ પર ફોલોઅર્સ વધારી રહી છે. મને વિશ્વાસ છે કે, તેણે તાજેતરમાં જ ક્રિકેટ જોવાનું પણ શરૂ કર્યું હશે. અન્ય એક ઈન્સ્ટાગ્રામ યુઝરે આ જ પોસ્ટ નીચે લખ્યું કે, જે દર્શાવે છે કે મહવશે યુજીને મળ્યા પછી મહવશે ક્રિકેટમાં રસ દાખવવાનું શરૂ કર્યું. આ કોમેન્ટ જોતાં જ મહવશે તેમની ક્લાસ લગાવી દીધી. તેણે કોમેન્ટ બોક્સમાં કહ્યું, 'હું ૨૦૧૯થી ક્રિકેટની યજમાની કરી રહી છું, તારું જ્ઞાન શૂન્ય છે છોટુ! રિસર્ચ કરો!' મહવશે જે રીતે તેને જવાબ આપ્યો તેની દરેક વ્યક્તિ પ્રશંસા



કરી રહી છે.મહવશે પોતાની પોસ્ટમાં ખુલાસો કર્યો હતો કે, IPL ઈતિહાસના સૌથી મોંઘા સ્પિનર ચહલે ફ્રેક્ચર હોવા છતાં પણ ખૂબ જ સારી મેચ રમી હતી. ક્રિકેટરની પ્રશંસા કરતા એક્ટ્રેસે આ પોસ્ટમાં લખ્યું હતું કે, 'બીજી મેચમાં તેની પાંસળીઓમાં ફ્રેક્ચર થઈ ગયુ હતું અને બાદમાં તેની આંગળીમાં ફ્રેક્ચર થયું હતું. આ છોકરો આખી સીઝનમાં ૩ ફ્રેક્ચર સાથે મેચ રમ્યો છે!' આરસીબીની જીત બાદ તેણે પંજાબ કિંગ્સના સપોર્ટમાં આ પોસ્ટ શેર કરી હતી. તમને જણાવી દઈએ કે, મહવશ ઘણીવાર ચહલ સાથે જોવા મળે છે, પરંતુ બંનેએ હજુ સુધી પોતાના સંબંધો વિશે કંઈ નથી કહ્યું, જે સાબિત કરે છે કે તેઓ એકબીજાને ડેટ કરી રહ્યા છે.

# ફિલ્મ આઝાદ મારા પુત્રના હાથમાંથી સરકી ગઈ: સિદ્ધાર્થ નિગમની માતા



**સિદ્ધાર્થની માતાએ કહ્યું, હું તેને મીટિંગ માટે સાથે લઈ ગઈ હતી. આખી સ્ક્રિપ્ટ સંભળાવવામાં આવી હતી**

અભિનેતા સિદ્ધાર્થ નિગમે ટીવી તેમજ ફિલ્મોમાં પણ કામ કર્યું છે. તેમણે બાળ કલાકાર તરીકે પોતાની કારકિર્દીની શરૂઆત કરી હતી. આ પછી તેઓ 'ધૂમ ૩' અને 'કિસી કા ભાઈ કિસી કી જાન' સહિતની ફિલ્મોમાં પણ દેખાયા. જોકે, હવે તેમની માતાએ ખુલાસો કર્યો છે કે તેઓ 'આઝાદ' ફિલ્મનો પણ ભાગ બની શક્યા હોત, પરંતુ તે ભૂમિકા અજય દેવગનના ભત્રીજા અમન દેવગનને મળી ગઈ, જેના કારણે ફિલ્મ તેમના પુત્રના હાથમાંથી સરકી ગઈ.સિદ્ધાર્થ નિગમની માતાએ આપેલા ઈન્ટરવ્યુમાં ખુલાસો કર્યો હતો કે તેમના પુત્રની જગ્યાએ અજય દેવગનના ભત્રીજા અમન દેવગનને ફિલ્મ 'આઝાદ'માં લેવામાં આવ્યો છે. રવિના ટંડનની પુત્રી રાશા થડાની અને અમન દેવગને આ ફિલ્મથી ડેબ્યૂ કર્યું હતું. તેમાં અજય દેવગન અને ડાયના પણ મહત્વપૂર્ણ ભૂમિકાઓમાં હતા. આ ફિલ્મ ૧૭ જાન્યુઆરી, ૨૦૨૫ ના રોજ રિલીઝ થઈ હતી. માતાએ જણાવ્યું હતું કે તે તેમના પુત્ર સાથે મીટિંગમાં ગઈ હતી, જ્યાં આખી સ્ક્રિપ્ટ પણ સંભળાવવામાં આવી હતી.સિદ્ધાર્થની માતાએ કહ્યું, 'હું તેને મીટિંગ માટે સાથે લઈ ગઈ હતી. આખી સ્ક્રિપ્ટ સંભળાવવામાં આવી હતી અને અમે એક વર્ષ રાહ જોઈ. હું ખુશ હતી કારણ કે ફિલ્મ સારી હતી અને સિદ્ધાર્થને બોલિવૂડમાં મુખ્ય ભૂમિકા તરીકે પણ લોન્ચ કરી શકાય છે. મને સ્ક્રિપ્ટ ખરેખર ગમી. પરંતુ અચાનક, બે વર્ષ પછી, સિદ્ધાર્થે મને 'આઝાદ'નું પોસ્ટર બતાવ્યું અને કહ્યું, 'મા, તે રિલીઝ થઈ ગઈ છે અને આ લોકો ફિલ્મમાં છે. સિદ્ધાર્થની માતાએ કહ્યું, હું તેને મીટિંગ માટે સાથે લઈ ગઈ હતી. અમન દેવગન કારણે આખી સ્ક્રિપ્ટ સંભળાવવામાં આવી હતી, પછી અમે જોયું કે ફિલ્મમાં અજય દેવગનનો ભત્રીજો અને રાશા છે. મારા જીવનમાં પહેલીવાર મને ખરાબ લાગ્યું. જ્યારે આવી ઘટનાઓ બને છે, ત્યારે માતા તરીકે દુઃખ થાય છે. પછી મને સમજાયું કે બંને સ્ટાર કિડ્સ છે અને તે જ ફરક પાડે છે.'

# “ખેલો ઈન્ડિયા-ફિટ ઈન્ડિયા” પહેલના અંતર્ગત અમદાવાદ મંડળ પર સાઈકિલિંગ અભિયાન નું આયોજન



। અમદાવાદ, તા.૮ ।

પશ્ચિમ રેલવે ના અમદાવાદ મંડળ દ્વારા ૮ જૂન ૨૦૨૫ (રવિવાર) ના રોજ “ખેલો ઈન્ડિયા-ફિટ ઈન્ડિયા” પહેલના અંતર્ગત એક સાઈકિલિંગ અભિયાનનું આયોજન કરવામાં આવ્યું. આ આયોજન “સંડે ઑન સાઈકિલ” થીમ પ આધારિત હતી. આ આયોજનનો મુખ્ય ઉદ્દેશ્ય રેલ કર્મચારીઓ અને આમ નાગરિક માં સ્વાસ્થ્ય, ફિટનેસ અને પર્યાવરણ સંરક્ષણ ના પ્રત્યે જાગરૂકતા વધારવાનો હતો. આ સાઈકિલિંગ રેલી ન્યુ રેલવે ઈન્સ્ટિટ્યૂટ સાબરમતી થી આરંભ થઈને એડીએસએ ક્રિકેટ ગ્રાઉંડ સાબરમતી સુધી આયોજિત કરવામાં આવી. આ કાર્યક્રમમાં રેલવેના અધિકારીઓ,કર્મચારીઓ અને ભારત સ્કાઉટસ અને ગાઈડ ના બાળકો એ ઉત્સાહપૂર્વક ભાગ લીધો. આ આયોજનનો ઉદ્દેશ્ય લોકોને સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃત કરવા અને દૈનિક જીવનમાં ફિટનેસ પ્રવૃત્તિઓ પ્રત્યે પ્રોત્સાહિત કરીને તેમને આળસ, તણાવ, ચિંતા, રોગ થી આઝાદી અપાવવાનો છે. જેથી તેઓ સ્વસ્થ અને ફિટ જીવનશૈલી અપનાવવા માટે પ્રેરણા મળી શકે.

આ અવસર પર અપર મંડળ રેલ પ્રબંધક શ્રી લોકેશ કુમાર, વરિષ્ઠ મંડળ એન્જીનીયર (કોઓર્ડિનેશન) શ્રી વિકાસ ગઢવાલ સહિત મંડળના તમામ વરિષ્ઠ અધિકારીઓ અને રેલ કર્મચારીઓએ ભાગ લીધો.

# ‘વિકસિત કૃષિ સંકલ્પ અભિયાન યાત્રા ૨૦૨૫’ અંતર્ગત સાણંદના ચેખલા ગામમાં ખેડૂત શિબિર યોજાઈ



। અમદાવાદ, તા.૮ ।

અમદાવાદ જીલ્લામાં ‘વિકસિત કૃષિ સંકલ્પ અભિયાન યાત્રા ૨૦૨૫’ અંતર્ગત સાણંદ તાલુકાના ચેખલા ગામમાં ખેડૂત શિબિર યોજવામાં આવી હતી.

આ ખેડૂત શિબિરમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, અરણેજનાં વૈજ્ઞાનિક ડૉ. કે. ડી. ગુલકરીએ ખેતી પાકોની વૈજ્ઞાનિક ખેતી વિષયે સર્વે ખેડૂત ભાઈઓ અને બહેનોને માહિતી આપી હતી, તેમજ કૃષિના અધતન સંશોધનો અપનાવવા સર્વે ખેડૂત ભાઈઓ અને બહેનોને આહ્વાન કરવામાં આવ્યું હતું. અમદાવાદ કેન્દ્રના બાગાયત અધિકારી શ્રીમતિ રીધ્ધીબહેન પટેલે કેન્દ્ર અને ગુજરાત સરકારની ખેડૂતલક્ષી જુદી-જુદી યોજનાઓ બાબતે સર્વે ખેડૂતોને માહિતગાર કર્યા હતા.

વધુમાં, આ કાર્યક્રમમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, અરણેજનાં વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા ડૉ. બી. એચ. પંચાલે બાગાયતી પાકોની ખેતી વિષયે ખેડૂતોને માહિતી આપી હતી. ડૉ. એન. આર. બુમ્બડીયાએ પ્રાકૃતિક કૃષિના મહત્વ અને ખાતર વ્યવસ્થાપન વિષે ઉદબોધન કર્યું હતું. પ્રગતિશીલ ખેડુત શ્રી કાશીરામભાઈ વાઘેલાએ પોતાનાં પ્રાકૃતિક કૃષિના અનુભવો વિશેની વાત સર્વે ખેડૂત ભાઈઓ અને બહેનો સાથે કરી હતી. ડૉ. સમાધાન બાગુલ, વરિષ્ઠ વૈજ્ઞાનિકે ઔષધિય અને સુગંધિત પાકોની વૈજ્ઞાનિક ખેતી વિષે માહિતી આપી હતી.

આ કાર્યક્રમમાં સાણંદ તાલુકાના આત્મા, અમદાવાદ, ખેતીવાડી વિભાગ અને બાગાયત વિભાગનાં અધિકારીઓ તેમજ ભવાનપુર, તેલાવ, સોયલા અને કોલાટ ગામના ૪૫૦ જેટલા ખેડૂત ભાઈઓ અને બહેનોએ ઉપસ્થિત રહ્યા હતા.

### ગૂજરાત વિદ્યાપીઠમાં ‘કુશલ’ યોજનાનો શુભારંભ

# ગૂજરાત વિદ્યાપીઠના ૧૦૦ તેજસ્વી વિદ્યાર્થીઓને પ્રતિવર્ષ ‘કુલાધિપતિ શિષ્યવૃત્તિ’ મળશે




। અમદાવાદ, તા.૮ ।

ગુજરાત વિદ્યાપીઠના પરિસરમાં આયોજિત રાષ્ટ્રીય સેવા યોજના (NSS)ની રાષ્ટ્રીય એકતા શિબિરના ઉદ્ઘાટન સમારોહ દરમિયાન, ગુજરાતના રાજ્યપાલ અને ગૂજરાત વિદ્યાપીઠના કુલાધિપતિ શ્રી આચાર્ય દેવવ્રતજીના વરદ હસ્તે ‘કુલાધિપતિ શિષ્ય અભ્યાસ લબ્ધિ’ (કુશલ) યોજનાના પ્રતીક (લોગો)નું અનાવરણ કરવામાં આવ્યું હતું. આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ્ય વિદ્યાપીઠના પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરી તેમના શૈક્ષણિક ઉત્કર્ષને નવી દિશા આપવાનો છે.

આ ‘કુશલ’ યોજના અંતર્ગત, આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ થી સ્નાતક અને અનુસ્નાતક કક્ષાના પ્રતિવર્ષ ૧૦૦ તેજસ્વી અને પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને ‘કુલાધિપતિ શિષ્યવૃત્તિ’ એનાયત કરવામાં આવશે. આ મહત્વકાંક્ષી યોજના માટે ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા વાર્ષિક રૂપિયા ૧૦ લાખની નાણાકીય જોગવાઈ કરવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે ગૂજરાત વિદ્યાપીઠ મંડળ દ્વારા ગત તા. ૨૧ માર્ચના રોજ ગુરુકુલ કુરુક્ષેત્ર ખાતે યોજાયેલી બેઠકમાં વિદ્યાપીઠ ખાતે શૈક્ષણિક અને સંશોધન પ્રવૃત્તિઓને વધુ પ્રોત્સાહન અને વેગ આપવાના ઉમદા હેતુથી આ ઐતિહાસિક નિર્ણય લેવામાં આવ્યો હતો.

આ શિષ્યવૃત્તિ મેળવનાર વિદ્યાર્થીઓ અન્ય વિદ્યાર્થીઓ માટે પ્રેરણાસ્રોત બનશે અને વિદ્યાપીઠના શૈક્ષણિક વાતાવરણને વધુ ઉન્નત બનાવશે.

આ યોજના ગૂજરાત વિદ્યાપીઠના વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ અને શૈક્ષણિક ઉત્કર્ષની દિશામાં એક સીમાચિહ્નરૂપ પગલું સાબિત થશે, તેવી સૌએ શ્રદ્ધા વ્યક્ત કરી હતી.

# રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કાર કોન્વોય ઉભો રખાવીને બાળકોને પાસે બોલાવી આત્મીય સંવાદ કર્યો

### પાંચમા ધોરણમાં ભણતો વિહાન કહે છે, ‘મારે પણ રાજ્યપાલ બનવું છે’



। અમદાવાદ, તા.૮ ।

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી હંમેશા સામાન્ય નાગરિકો સાથે જોડાયેલા રહે છે. જનતા જનાર્દન સાથે એક સામાન્ય માણસની માફક સંવાદ કરવાનું તેઓ ક્યારેય ચૂકતા નથી. તેઓ ‘જનતાના રાજ્યપાલ’ છે. ગુજરાતના ખેડૂતોના તેઓ એક ખેડૂતની માફક પ્રાકૃતિક ખેતી પદ્ધતિની રીતસર તાલીમ આપે છે, તો જ્યાં વિદ્યાર્થીઓ કે બાળકો મળે ત્યાં તેમને શાળાના ‘આચાર્ય’ની માફક શિક્ષણ, સ્વાસ્થ્ય અને સંસ્કારની સમજણ આપવાનું ચૂકતા નથી.

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી જ્યારે કોઈ કાર્યક્રમ માટે અમદાવાદ જતા હોય ત્યારે તેમનો કૉન્વૉય - મોટર કાફલો સાબરમતી આશ્રમથી જુના વાડજ સ્મશાન માર્ગેથી રિવરફ્રન્ટ પર વળાંક લે ત્યાં તેઓ હંમેશાં બાળકોને ઉભેલા જોતા હોય છે. આ બાળકો નિર્દોષ ભાવે મોટરના કાફલા તરફ હાથ હલાવીને મહાનુભાવોનું અભિવાદન કરતા હોય છે.

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી આજે બપોરે ૧૨ વાગ્યે ગુજરાત વિદ્યાપીઠમાં એન. એસ. એસ. ની રાષ્ટ્રીય એકતા શિબિરનો શુભારંભ કરાવીને પરત રાજભવન, ગાંધીનગર જઈ રહ્યા હતા ત્યારે તેમણે આ સ્થળે બાળકોને ઉભેલા જોયા. તેમણે તરત પોતાની કાર ઉભી રખાવી, બાળકોને નજીક બોલાવ્યા અને ગાડીમાંથી કાઢીને તેમને બિસ્કીટ્સ આપ્યા. તેઓ શું ભણે છે તેની પૃચ્છા કરી અને બાળકો ભણી-ગણીને હોશિયાર થાય, જીવનમાં ખૂબ આગળ વધે, પ્રગતિ કરે અને સમૃદ્ધ થાય એ માટે ઉચ્ચ અભ્યાસ કરવાની પ્રેરણા આપીને આશીર્વાદ આપ્યા હતા. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી એ જે બાળક સાથે સંવાદ કર્યો તે વિહાન મંગલભાઈ રાજપુત રાણીપની શ્રી સ્વામિનારાયણ ઈન્ટરનેશનલ સ્કૂલમાં ધોરણ પાંચમાં સી.બી.એસ.સી. અભ્યાસક્રમ સાથે ભણી રહ્યો છે. વિહાનનો પરિવાર જુના વાડજ સ્મશાન પાસે દશામાના મંદિર પાસે, રિવરફ્રન્ટ રોડ પાસે, સામાન્ય વસાહતમાં રહે છે. આ પરિવાર મૂળ અયોધ્યા, ઉત્તર પ્રદેશનો વતની છે. બે પેઢીથી વ્યવસાય અર્થે અમદાવાદમાં વસે છે. વિહાનના પિતા મંગલભાઈ દશામાના મંદિર પાસે વિહુ કાફે ચલાવે છે.

વિહાન ખૂબ સ્વપ્રસેવી, આશાસ્પદ અને હોશિયાર વિદ્યાર્થી છે. તેને રિવરફ્રન્ટ રોડ પરથી નિકળતા મહાનુભાવોના કૉન્વૉય - કાફલાની કાર જોવાનો જબરો ક્રેઝ છે. જ્યારે પણ કૉન્વૉયની સાઈરન વાગે ત્યારે તે કોઈ પણ પ્રવૃત્તિ કરતો હોય કે જમતો હોય તો તેને છોડીને કાફલો નિહાળવા દોડીને આવી જાય છે. વિહાન કાફલામાંના મહાનુભાવોને દૂરથી વેવ કરતો, અભિવાદન કરતો ઊભો રહે છે.

બે વખત એવું બન્યું છે કે, રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ નાના વિહાનને જોઈને પોતાનો કાફલો રોક્યો હોય, પાસે બોલાવી બિસ્કીટ-ચોકલેટ આપ્યા હોય અને તેની સાથે વાર્તાલાપ કર્યો હોય. આજે રાજ્યપાલે વિહાનને બોલાવીને ખબર અંતર પૂછ્યા ત્યારે વિહાનના માતા કલ્પનાબેન તેની સાથે હતા. રાજ્યપાલશ્રીએ પરિવારના સભ્યો વિશે જાણ્યું અને તેમના નામ પૂછ્યા હતા. નાના વિહાનને રાજ્યપાલશ્રીએ ‘ઠાકુર સાબ’ કહીને સ્નેહ પ્રગટ કર્યો હતો.

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી સાથેની બે વખતની લાગણીસભર મુલાકાત પછી વિહાન કહે છે કે, “રાજ્યપાલ ખૂબ સારા છે, મારે પણ રાજ્યપાલ બનવું છે.”

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની બોર્ડ પરીક્ષા માટે ટોલ ફ્રી હેલ્પલાઇન શરૂ કરવામાં આવશે

। અમદાવાદ, તા.૮ ।

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા આગામી તા.૨૩ જુલાઈ-૨૦૨૫થી શરૂ થતી ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની બોર્ડની જાહેર પરીક્ષા માટે વિદ્યાર્થી, વાલી તેમજ શાળાના સંચાલકો - શિક્ષકોને યોગ્ય માર્ગદર્શન માટે એક ટોલ ફ્રી હેલ્પલાઈન નં. ૧૮૦૦ ૨૩૩ ૫૫૦૦ શરૂ કરવામાં આવશે. આ ટોલ ફ્રી હેલ્પલાઈન નંબર તા.૧૬ જૂન ૨૦૨૫ થી તા.૦૩ જૂલાઈ ૨૦૨૫ દરમિયાન સવારે ૧૧:૦૦ થી સાંજે ૦૬:૦૦ વાગ્યા સુધી કાર્યરત રહેશે એમ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

યાદીમાં વધુમાં જણાવાયું છે કે, વિદ્યાર્થી, વાલી, શાળાના સંચાલકો અને શિક્ષકોને બોર્ડની પરીક્ષા અંગે ટોલ ફ્રી નંબર દ્વારા અનુભવી કાઉન્સેલર તથા સાયકોલોજીસ્ટ માર્ગદર્શન પૂરું પાડશે.

# વડોદરા જિલ્લા વ્યવસાય માર્ગદર્શન સંકલન સમિતિની બેઠક યોજાઈ

। વડોદરા, તા.૮ ।

ગુજરાત સરકારના શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ હેઠળની નિયામક રોજગાર અને તાલીમ કચેરી, ગાંધીનગર હસ્તક, મદદનીશ નિયામક (રોજગાર)ની કચેરી, તરસાલી ખાતે જિલ્લા વ્યવસાય માર્ગદર્શન સંકલન સમિતિની બેઠક યોજાઈ હતી. બેઠકમાં જિલ્લા રોજગાર કચેરી દ્વારા કાર્યાલયમાં તેમજ કાર્યાલય બહાર યોજાતા વિવિધ વ્યવસાય માર્ગદર્શનના કાર્યક્રમોની સમીક્ષા કરવામાં આવી. માર્ચ-૨૦૨૫ સુધીમાં હાથ ધરાયેલાં પ્રોજેક્ટ્સ તથા કામગીરીનું વિસતૃત વિહંગાવલોકન પી.પી.ટી. પ્રેઝન્ટેશન દ્વારા રજૂ કરવામાં આવ્યું હતું. પ્રસ્તુત કાર્યક્રમોમાં ઉમેદવારો માટે ઓનલાઈન નોંધણી, વ્યક્તિગત અને જુથ માર્ગદર્શન, કાઉન્સેલિંગ, ઈન્ટરેસ્ટ ટેસ્ટ, રોજગાર ભરતી મેળા, સ્વરોજગાર માર્ગદર્શન શિબિરો, લશ્કરી ભરતી પૂર્વેની નિવાસી તાલીમ, અગ્નીવીર લશ્કરી ભરતી મેળા, અનુબંધમ અને એનસીએસ પોર્ટલ પર થયેલી પ્રવૃત્તિઓ સહિતની કામગીરીનો સમાવેશ થયો હતો.

# ૯ જૂનથી અમદાવાદ-ભુજ નમો ભારત રૈપિડ રેલનો સાણંદ તથા આંબલી રોડ સ્ટેશન પર વધારાના સ્ટોપેજ

### નમો ભારત રૈપિડ રેલ નો કેટલાક સ્ટેશનો પર સમયમાં આંશિક પરિવર્તન

। અમદાવાદ, તા.૮ ।

પશ્ચિમ રેલવે દ્વારા યાત્રીઓની સુવિધા માટે પ્રતિષ્ઠિત ટ્રેન સંખ્યા ૯૪૮૦૧/૯૪૮૦૨ અમદાવાદ-ભુજ-અમદાવાદ નમો ભારત રૈપીડ રેલને ૯ જૂન,૨૦૨૫થી આંબલી રોડ અને સાણંદ સ્ટેશનો પર પ્રાયોગિક આધાર પર વધારાના સ્ટોપેજ આપવામાં આવી રહ્યા છે. આ વધારાના સ્ટોપેજ ને કારણે આ ટ્રેનના કેટલાક સ્ટેશનો પર આગમન/પ્રસ્થાન ના સમય માં આંશિક પરિવર્તન થશે. જેની વિગતો નીચે મુજબ છે. ૯ જૂન,૨૦૨૫થી ટ્રેન સંખ્યા ૯૪૮૦૧ અમદાવાદ-ભુજ નમો ભારત રૈપીડ રેલ અમદાવાદ થી ૧૭.૩૦ કલાક ને બદલે ૧૭.૨૫ કલાકે ઉપડશે તથા આગમન/પ્રસ્થાન નો સમય સાબરમતી સ્ટેશન પર ૧૭.૩૫/૧૭.૩૭ કલાકે, ચાંદલોડિયા સ્ટેશન પર ૧૭.૪૦/૧૭.૪૨ કલાકે, આંબલી રોડ સ્ટેશન પર ૧૭.૪૭/૧૭.૪૯ કલાકે, સાણંદ સ્ટેશન પર ૧૭.૫૯/૧૮.૦૧ કલાકે, વિરમગામ સ્ટેશન પર ૧૮.૨૭/૧૮.૨૯ કલાકે, ધ્રાંગધ્રા સ્ટેશન પર ૧૯.૧૪/૧૯.૧૬ કલાકે તથા હળવદ સ્ટેશન પર ૧૯.૪૧/૧૯.૪૩ કલાકનો રહેશે તથા અન્ય સ્ટેશનો પર સમયમાં કોઈ ફેરફાર નહીં થાય. એ જ રીતે, ૦૯ જૂન,૨૦૨૫ થી ટ્રેન સંખ્યા ૯૪૮૦૨ ભુજ – અમદાવાદ નમો ભારત રૈપીડ રેલનો આગમન-પ્રસ્થાનનો સમય સાણંદ સ્ટેશન પર ૦૯.૪૮/૦૯.૫૦ કલાકે,આંબલી રોડ સ્ટેશન પર ૦૯.૫૯/૧૦.૦૧ કલાકે, ચાંદલોડિયા સ્ટેશન પર ૧૦.૦૮/૧૦.૧૦ કલાકે, સાબરમતી સ્ટેશન પર ૧૦.૨૦/૧૦.૨૨ કલાકનો રહેશે તથા અન્ય સ્ટેશનો પર સમયમાં કોઈ ફેરફાર નહીં થાય. વિસ્તૃત માહિતી માટે યાત્રી www.enquiry.indianrail.gov.in પર જઈને અવલોકન કરી શકે છે

# રાજ્યમાં RTE હેઠળ ત્રીજા રાઉન્ડમાં વધુ ૨,૨૩૧ બાળકોને પ્રવેશ અપાયા

### ત્રીજા રાઉન્ડમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓએ ૧૩, જૂન સુધીમાં જે તે શાળામાં પોતાનો પ્રવેશ નિયત કરાવી લેવાનો રહેશે

। ગાંધીનગર, તા.૮ ।

RTE એક્ટ-૨૦૦૯ અન્વયે બિન અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાઓમાં ૨૫ ટકા લેખે ધોરણ-૧માં નબળા અને વંચિત જૂથનાં બાળકોને પ્રવેશ આપવા માટે રાજ્ય સરકાર દ્વારા સઘન પ્રયત્નો હાથ ધરવામાં આવ્યા છે. જે અંતર્ગત તા. ૦૬ જૂન, ૨૦૨૫ના રોજ યોજાયેલ RTE પ્રવેશ પ્રક્રિયાના ત્રીજા રાઉન્ડ બાદ વધુ ૨,૨૩૧ જેટલા બાળકોને પ્રવેશ ફાળવવામાં આવ્યો છે. આ ત્રીજા રાઉન્ડમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓએ આગમી તા. ૧૩, જૂન, ૨૦૨૫ - શુક્રવાર સુધીમાં જે તે શાળામાં શાળા સમય દરમિયાન રૂબરૂ હાજર થઈ જરૂરી આધાર પુરાવા જમા કરાવી પ્રવેશ નિયત કરાવી લેવાનો રહેશે.

RTE પ્રવેશ પ્રક્રિયા અંતર્ગત ઉપલબ્ધ જગ્યાઓ પૈકી ત્રીજા રાઉન્ડની પ્રવેશ ફાળવણી બાદ અરજદારો દ્વારા ઓનલાઈન ફોર્મમાં પસંદ ન કરેલ હોઈ, પસંદગીના અભાવે સમગ્ર રાજ્યમાં ગુજરાતી માધ્યમની ૬૨૪, અંગ્રેજીની ૪,૨૩૮, હિન્દીની ૧,૯૧૯ અને અન્ય માધ્યમની ૧૬૫ એમ કુલ ૬,૯૪૬ જેટલી જગ્યાઓ ખાલી છે.

રાજ્ય સરકારનાં સઘન પ્રયાસોથી વાલીઓમાં જાગૃતિ આવતા શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬માં રાજ્યની કુલ ૯,૮૧૪ જેટલી બિન અનુદાનિત પ્રાથમિક શાળામાં જુદા જુદા માધ્યમમાં કુલ ૯૪,૭૯૮ જેટલી જગ્યાઓ RTE હેઠળ ઉપલબ્ધ હતી. જે પૈકી વિદ્યાર્થીઓની પસંદગી અને ૬ કિમીની ત્રિજયાના વિસ્તારમાં ઉપલબ્ધ શાળાઓમાં નિયમોને ધ્યાનમાં લઈ પ્રથમ અને બીજા રાઉન્ડમાં કુલ ૯૩,૨૭૦ જેટલા વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવવામાં આવ્યો છે. જેમાંથી નિયત સમયમર્યાદામાં બંને રાઉન્ડ બાદ કુલ ૮૫,૭૪૪ જેટલા વિદ્યાર્થીઓએ જે-તે શાળામાં રૂબરૂ જઈ પ્રવેશ મેળવી લીધો છે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજે તમારા સ્વાસ્થ્યમાં સુધારાને લગતી પ્રવૃત્તિઓ ફરી શરૂ કરવા માટે શ્રેષ્ઠ દિવસ. ઘર ના જરૂરી સમાન પર ધન ખર્ચ કરી તમને આર્થિક પરેશાની તો આજે જરૂર થશે પરંતુ આના થી તમે ભવિષ્ય ની ઘણી પરેશાનીઓ થી બચી જશો. બાળકો તમારી માટે દિવસ મુશ્કેલ બનાવી શકે છે. તેમનો રસ જળવાઈ રહે તે માટે પ્રેમનો ઉપયોગ શસ્ત્ર તરીકે કરો અને બિનજરૂરી તાણ ટાળો.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે લોકોને મદદ કરવાનો તમારો સ્વભાવ છૂપા આશીર્વાદ સમાન સાબિત થશે કેમ કે શંકા, નાહિંમત થવું, શ્રદ્ધાનો અભાવ,લાલચ, જોડાણ,અહંકાર તથા ઈર્ષા જેવા દુર્ગુણોથી તમને મુક્ત કરશે. આજે તમારી સામે રજૂ કરવામાં આવતી રોકાણ યોજનાઓ તરફ તમારે બેવાર જોઈ લેવું. તમારા નવા પ્રૉજેક્ટ્સ તથા યોજનાઓ વિશે તમારા ભાગીદારને વિશ્વાસમાં લેવા માટે પણ આ સમયગાળો સારો છે.

**મિથુન (ક,છ,ઘ) :**

આજે વાહન ચલાવતી વખતે ખાસ ધ્યાન રાખવું, અન્ય કોઈકની બેદરકારી તમારી માટે સમસ્યા ઊભી કરે શકે છે. તમારા ઘરને લગતું રોકાણ ફાયદાકારક પુરવાર થશે. મિત્રો તથા પરિવાર સાથે આનંદદાયક સમય. લાંબા સમયથી કોઈક સાથે ચાલતો તમારો વિવાદ આજે ઉકેલવાનો પ્રયાસ કરો કેમ કે આવતી કાલે કદાચ બહુ મોડું થઈ જશે.

**કર્ક (ડ,હ) :**

આજે તમારી જાતે જ કોઈ દવા લેવાનું ટાળજો કેમ કે એવું કરવાથી ડ્રગ ડિપેન્ડન્સીની શક્યતા વધી શકે છે. જૂની શિલ્પકૃતિઓ તથા ઘરેણાંમાં રોકાણ લાભ તથા સમૃદ્ધિ લાવશે. પરિવારના સભ્યોની જરૂરિયાતોને પ્રાથમિકતા આપજો. તેમના સુખ-દુઃખમાં સહભાગી થાવ જેથી તેમને અનુભૂતિ થાય કે તમને તેમની પરવા છે. તમારા દિલ અને મગજ પર રૉમાન્સનું રાજ હશે.

**સિંહ (મ,ટ) :**

આજે સારી તબિયત તમને રમતગમતની સ્પર્ધામાં ભાગ લેવામાં મદદરૂપ થશે. લોકોની જરૂરિયાત શી છે તથા તમારી પાસેથી તેમને ચોક્કસ શું જોઈએ છે તે તમે જાણતા હો એવું લાગે છે-પણ તમારા ખર્ચમાં વધુ પડતા ઉડાઉ ન બનતા. લાગણીશીલ જોખમ તમારી તરફેણમાં જશે. તમારો પ્રેમ સંબંધ જાદુઈ થઈ રહ્યો છે, બસ તેની અનુભૂતિને માણો.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજે સામાજિકપણે હળવા-મળવાનો ભય તમને હતાશ કરી નાખશે. તેને દૂર કરવા તમારા આત્મવિશ્વાસને પ્રોત્સાહિત કરો. કમિશન, ડિવિડન્ડ અથવા રૉયલ્ટીઝમાંથી તમે લાભ મેળવશો. એકબીજાના દૃષ્ટિકોણ સમજીને તમારી વ્યક્તિગત સમસ્યાઓને ઉકેલો.તેમને જાહેરમાં ન લાવો અન્યથા તમારી પ્રતિષ્ઠાને હાનિ થવાની શક્યતાઓ વધુ છે.

**તુલા (ર,ત) :**

આજના દિવસે તમારા સ્વાસ્થ્યમાં સુધારો લાવે એવી બાબતો પર કામ કરવા માટે લાભદાયક દિવસ. આજે મિત્રો સાથે પાર્ટી માં તમે કહું પૈસા લૂંટાવી શકો છો છતાંય તમારો આર્થિક પક્ષ મજબૂત રહેશે? તમારી સમસ્યાઓ ગંભીર હશે-પણ તમે જે પીડામાંથી પસાર થઈ રહ્યા છો તેની નોંધ તમારી આસપાસના લોકો નહીં લે-કદાચ તેમને લાગે છે કે આમાં તેમણે માથું ન મારવું જોઈએ.

**વૃશ્ચિક (ન,ય) :**

આજે તમારૂં સૌથી પ્રિય સપનું સાકાર થશે તેવી સંભાવનાઓ છે પણ તમારો આવેશ કાબૂમાં રાખજો કેમ કે વધુ પડતી ખુશી કેટલીક સમસ્યાઓ સર્જી શકે છે. લાંબા-ગાળાના લાભ માટે શેર્સ તથા મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ કરો. પરિવારના સભ્યોની જરૂરિયાતોને પ્રાથમિકતા આપજો. તેમના સુખ-દુઃખમાં સહભાગી થાવ જેથી તેમને અનુભૂતિ થાય કે તમને તેમની પરવા છે.

**ધન (ભ,ધ,ફ) :**

આજે તમને મિત્રો સહકાર આપશે તથા તમને ખુશ રાખશે. જે લોકો પરિણીત છે તે લોકો ને આજે પોતાના બાળકો પર ઘણું બધું ધન ખર્ચવું પડી શકે છે. તમને તરત જરૂર ન હોય તેવી ચીજો પર જો તમે નાણાં ખર્ચશો તો તમે તમારા જીવનસાથીને નારાજ કરશો. કોઈક રસપ્રદ વ્યક્તિને મળવાની શક્યતા છે. વરિષ્ઠપદે કામ કરતા લોકો તરફથી કેટલાક વિરોધ ઊભા થશે.

**મકર (ખ,જ) :**

આજના દિવસે વધુ પડતો ઉત્સાહ તથા ધમાકેદાર જુસ્સો તમારા ચેતાતંત્રને અસર કરી શકે છે, આ બાબત ટાળવા માટે તમારી લાગણીઓ પર અંકુશ મુકો. તમારા વધારાનાં નાણાં એવા સુરક્ષિત સ્થળે મૂકો જે તમને આવનારા સમયમાં વળતરનું વચન આપે. તમારા શોખ પોષવા તથા તમારા પરિવારના સભ્યોને મદદ કરવા માટે પણ તમે તમારો થોડો સમય ખર્ચી શકો છો.

**કુંભ (ગ,શ,સ) :**

આજે તમારે સ્વાસ્થ્યને દરકારની ખાસ જરૂર પડશે. તમારા ખર્ચમાં અણધાર્યો વધારો તમારી માનસિક શાંતિમા ખલેલ પહોંચાડશે. જરૂર પડશે તો તમારા મિત્ર તમારી મદદે આવશે. ઉત્સાહજનક દિવસ કેમ કે આજે તમને તમારા પ્રિયપાત્રનો કૉલ આવશે. આજે તમારું મન ઓફીસ ના કામ માં નહિ લાગે? આજ તમારા મન માં કોઈ દુવિધા હશે જે તમને એકાગ્ર નહિ થવા દે.

**મીન (દ,ચ,ઝ,થ) :**

હસતા રહો કેમ કે એ તમારી તમામ સમસ્યાનું મારણ છે. લોકોની જરૂરિયાત શી છે તથા તમારી પાસેથી તેમને ચોક્કસ શું જોઈએ છે તે તમે જાણતા હો એવું લાગે છે-પણ તમારા ખર્ચમાં વધુ પડતા ઉડાઉ ન બનતા. ઘરને લગતા કેટલાક મુદ્દાઓ પર તરત ધ્યયાન આપવાની જરૂર છે. જો તમે આજે આજે પ્રેમ કરવાની તક નહીં ગુમાવો તો, આ દિવસ તમે તમારા આખા આયુષ્યમાં નહીં ભૂલી શકો.



જયપુરમાં હવા મહેલ નજીક જયપુર ટ્રાફિક પોલીસ કર્મચારીઓ ઇલેક્ટ્રિક સ્વ-સંતુલિત સ્કૂટર પર પેટ્રોલિંગ કરતા નજરે પડે છે.

### ૧૫ જૂનથી ૧૫ સપ્ટેમ્બર ફ્લાઇટ્સ રદ રહેશે

# દિલ્હી એરપોર્ટ ઉપર ૧૧૪ ફ્લાઇટ્સ રદ કરવામાં આવી

## દિલ્હી એરપોર્ટ પર રનવેને અપગ્રેડ કરવા ઇન્સ્ટ્રૂમેન્ટ લેન્ડિંગ સિસ્ટમ (ILS) CAT III ધોરણો અનુસાર વિકસાવવામાં આવશે

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૮ ।**

દિલ્હી ઈન્ટરનેશનલ એરપોર્ટ પર આગામી એક મહિના માટે કેટલીક ફ્લાઈટ્સ રદ કરવામાં આવી છે. દિલ્હી ઈન્ટરનેશનલ એરપોર્ટ લિમિટેડ (DIAL) ના CEO વિદેહ કુમાર જયપુરિયારના જણાવ્યા અનુસાર દિલ્હી એરપોર્ટ ૧૫ જૂનથી ૧૫ સપ્ટેમ્બર સુધી ૧૧૪ દૈનિક ફ્લાઈટ્સ રદ કરવા જઈ રહ્યું છે. રદ કરવામાં આવનારી બધી ફ્લાઈટ્સની ટિકિટનું રિફંડ એરલાઈન્સ દ્વારા મોકલવામાં આવશે. વિદેહ કુમારે જણાવ્યું હતું કે, દિલ્હી એરપોર્ટ પર રનવેને અપગ્રેડ કરવા માટે ફ્લાઈટ્સ રદ કરવામાં આવશે. ભીડની ચિંતાઓને કારણે આ કામ અગાઉ વિલંબિત થયું હતું. હવે ઈન્સ્ટ્રૂમેન્ટ લેન્ડિંગ સિસ્ટમ (ILS) CAT III ધોરણો અનુસાર વિકસાવવામાં આવશે. જે શિયાળાના ધુમ્મસ દરમિયાન સામાન્ય રીતે થતી ઓછી દૃશ્યતાની સ્થિતિમાં સલામત ઉતરાણને સક્ષમ બનાવશે. આ અપગ્રેડ શિયાળાના પડકારજનક મહિનાઓ દરમિયાન કાર્યક્ષમતા જાળવવા માટે મહત્વપૂર્ણ છે. કારણ કે આપણે ઘણીવાર જોઈએ છીએ કે ધુમ્મસને કારણે ફ્લાઈટ્સ ઘણીવાર પ્રભાવિત થાય છે. ભારતનું સૌથી મોટું અને વ્યસ્ત ઈન્દિરા ગાંધી આંતરરાષ્ટ્રીય એરપોર્ટ દરરોજ લગભગ ૧,૪૫૦ ફ્લાઈટ્સનું સંચાલન કરે છે. રનવે RW 10/28 ને અપગ્રેડ કરવાની યોજના છે. જેના કારણે ત્રણ મહિનામાં ૨૦૦ ફ્લાઈટ્સ પ્રભાવિત થશે. જેમાંથી ૧૧૪ રદ કરવામાં આવશે અને ૮૬ ઓછા સમય માટે ચલાવવામાં આવશે. રનવે સપ્ટેમ્બરના મધ્યમાં ફરી ખુલશે પરંતુ ILS અપગ્રેડનું કામ શિયાળાની ઋતુ પહેલા ૨૭ નવેમ્બર સુધીમાં પૂર્ણ થવાની અપેક્ષા છે. આ સમયમર્યાદા સુનિશ્ચિત કરે છે કે એરપોર્ટ શિયાળાની હવામાન પરિસ્થિતિઓ દ્વારા ઉભા થતા પડકારોનો સામનો કરવા માટે સંપૂર્ણપણે તૈયાર છે.

## હનિમૂનમાં ગાયબ થયેલા ઈન્દોરના કપલમાં નવો વળાંક

**। (એજન્સી) ઇન્દોર, તા.૮ ।**

ઈન્દોરનું નવપરિણીત દંપતી ગુમ થવાના કેસનું રહસ્ય વધુ જટિલ બન્યું છે. રાજા રઘુવંશીનું મૃત્યુ થયું છે. તેમનો મૃતદેહ પણ મળી આવ્યો છે. પરંતુ અત્યાર સુધી સોનમનો કોઈ પત્તો નથી. પોલીસથી લઈને પરિવાર સુધી, બધા સોનમને શોધવાનો પ્રયાસ કરી રહ્યા છે. હનીમૂન માટે ઈન્દોર ગયેલા દંપતીનું શું થયું? સોનમ ક્યાં છે? શું તે જીવિત છે કે નહીં? કે પછી કોઈ મોટું ષડયંત્ર છે, જેનાથી દુનિયા અજાણ છે. હવે હનીમૂન કપલ રાજા રઘુવંશી અને સોનમના ગુમ થવાના કેસમાં એવો ખુલાસો થયો છે, જેનાથી અચાનક શંકાઓ ઉભી થઈ છે. હા, ઈન્દોર ગુમ થવાના કેસમાં ૩ લોકોની એન્ટ્રીથી મામલો વધુ જટિલ બન્યો છે. મેઘાલયના એક ટુરિસ્ટ ગાઈડે ખુલાસો કર્યો કે રાજા રઘુવંશી અને સોનમ સાથે વધુ ત્રણ લોકો હતા. ત્રણેય પુરુષો હતા. જે દિવસે રાજા રઘુવંશી અને તેમની પત્ની સોનમ સોહરા વિસ્તારમાંથી ગાયબ થયા, તે દિવસે તે ત્રણ લોકો તેમની સાથે જોવા મળ્યા હતા. હવે પ્રશ્ન એ છે કે તે ત્રણ લોકો કોણ હતા? સોનમ અને રાજા સાથે તેમનો શું સંબંધ હતો? શું તેઓ રાજાના હત્યારા હતા? શું સોનમનું અપહરણ થયું છે? સમાચાર એજન્સી પીટીઆઈ અનુસાર, ટુરિસ્ટ ગાઈડે પોતે પોલીસને તે ત્રણ લોકો વિશે માહિતી આપી છે. એક પોલીસ અધિકારીના જણાવ્યા અનુસાર, રાજા રઘુવંશી અને સોનમ ૨૩ મેના રોજ સોહરાથી ગાયબ થઈ ગયા હતા. ગુમ થયેલા રાજાનો મૃતદેહ ૨ જૂનના રોજ એક ખાડામાંથી મળી આવ્યો હતો, જ્યારે તેની પત્નીની શોધ ચાલુ છે. દરમિયાન, પરિવાર સોનમ માટે દુઃખી છે. મધ્યપ્રદેશના મુખ્યમંત્રીએ આ સમગ્ર મામલાની તપાસ માટે સીબીઆઈ તપાસની વિનંતી કરી છે. ઈન્દોરના ગુમ થયેલા દંપતી કેસમાં નવો ખુલાસો થયો છે. માવલાખૈતના ગાઈડ આલ્બર્ટ પાડેના જણાવ્યા અનુસાર, તેમણે ૨૩ મેના રોજ સવારે ૧૦ વાગ્યાની આસપાસ નોંગરિયાતથી માવલાખૈત સુધી ૩,૦૦૦ થી વધુ સીડીઓ ચઢતા ત્રણ પુરુષ પ્રવાસીઓ સાથે યુગલને જોયું હતું. પાડેએ કહ્યું કે તેમણે યુગલને ઓળખી કાઢ્યું કારણ કે એક દિવસ પહેલા તેમણે તેમને નોંગરિયાત ચઢવા માટે તેમની સેવાઓ ઓફર કરી હતી. પરંતુ તેઓએ નમ્રતાપૂર્વક ના પાડી અને બીજા માર્ગદર્શકને રાખ્યા. પાડેના મતે, 'ચાર પુરુષો આગળ ચાલી રહ્યા હતા, જ્યારે મહિલા પાછળ હતી. ચારેય પુરુષો હિન્દીમાં વાતચીત કરી રહ્યા હતા, પરંતુ હું સમજી શક્યો નહીં કે તેઓ શું કહી રહ્યા છે કારણ કે હું ફક્ત ખાસી અને અંગ્રેજી જ જાણું છું.


# ભારતે ૧૦% બેઝલાઇન ટેરિફ હટાવવા અમેરિકા પર વધાર્યું દબાણ

## ભારતીય વાટાઘાટકારોએ સ્પષ્ટ કરી દીધું છે કે, અમે બ્રિટિશ મોડેલને સ્વીકારવાના પક્ષમાં નથી

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૮ ।**

ભારત અને અમેરિકા વચ્ચે અર્લી હાર્વેસ્ટ ટ્રેડ એગ્રીમેન્ટની દિશામાં ચાલી રહેલી વાટાઘાટોમાં ૧૦% બેઝલાઈન આયાત ટેરિફનો મુદ્દો સૌથી પ્રમુખ મુદ્દો બની ગયો છે. આ ટેરિફ ટ્રમ્પ વહીવટીતંત્ર દ્વારા ૨ એપ્રિલના રોજ તમામ દેશોની આયાત પર લગાવવામાં આવ્યો હતો. હવે ભારત ઈચ્છે છે કે અમેરિકા આ ટેરિફને સંપૂર્ણપણે હટાવી લે. સરકારી સૂત્રોએ જણાવ્યું કે, ભારતીય વાટાઘાટકારોએ સ્પષ્ટ કરી દીધું છે કે, અમે બ્રિટિશ મોડેલને સ્વીકારવાના પક્ષમાં નથી, જેમાં યુએસ અને યુકે વચ્ચે કરાર હોવા છતાં બ્રિટિશ માલ પર બેઝલાઈન ટેરિફ ચાલુ છે.

ભારત તરફથી વાટાઘાટોમાં સામેલ એક અધિકારીએ જણાવ્યું કે, ભારતે અમેરિકાને વિનંતી કરી છે કે, ૧૦% બેઝલાઈન ટેરિફની સાથે-સાથે



૯ જુલાઈથી પ્રસ્તાવિત વધારાના ૧૬% ટેરિફને પણ સંપૂર્ણપણે હટાવવામાં આવે. આદર્શ સ્થિતિમાં કરાર પછી બંને ટેરિફ (૧૦% અને વધારાનો ૧૬%) એકસાથે ખતમ કરવો જોઈએ. જો આવું ન થાય તો ભારતને પણ સમાન અને પ્રમાણસર ટેરિફ જાળવી રાખવાનો અધિકાર રહેશે.

આ નિવેદન ૧૩ ફેબ્રુઆરીએ વોશિંગ્ટનમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા જારી કરાયેલા સંયુક્ત નિવેદનના આધારે આપવામાં આવ્યું હતું, જેમાં "સૈજર્જૈહ-૫૦૦" હેઠળ વર્ષ ૨૦૩૦ સુધીમાં દ્વિપક્ષીય વેપારને ૫૦૦ અબજ ડોલર સુધી વધારવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો હતો.

અન્ય એક અધિકારીએ ભારતના વલણનો પુનરોચ્ચાર કરતા કહ્યું કે, માત્ર એ જ કરાર લાંબા ગાળા સુધી ટકાઉ રહી શકે છે જે સંતુલિત અને પરસ્પર ફાયદાકારક હોય. અમેરિકા વિશ્વનું સૌથી મોટું અર્થતંત્ર છે અને ભારત સૌથી ઝડપથી વિકસતું પ્રમુખ અર્થતંત્ર છે. તેથી બંને દેશો વચ્ચેનો વેપાર કરાર ન્યાયી, સમાન અને લોકોને સ્વીકાર્ય હોવો જોઈએ.

ભારતનું માનવું છે કે, બંને દેશોના વ્યાપારિક હિતો સ્પર્ધાત્મક નથી પરંતુ પરસ્પર પૂરક છે. તેથી ભારત અમેરિકન માલસામાનને વધુ બજાર ઍક્સેસ આપવા માટે તૈયાર છે, જોકે, શરત એટલી જ છે કે અમેરિકા પણ સમાન ભાવના સાથે જવાબ આપે.

યુએસ ટ્રેડ રિપ્રેઝન્ટેટિવના સહાયક બ્રેન્ડન લિંચના નેતૃત્વમાં એક અમેરિકન વાટાઘાટ ટીમ ૪ જૂને દિલ્હી આવી હતી. આ પાંચમી વખત છે જ્યારે બંને દેશોના વાટાઘાટકારો આમને-સામને વાતચીત કરી રહ્યા છે. પહેલા આ મુલાકાત બે દિવસની થવાની હતી, પરંતુ હવે તે ૧૦ જૂન સુધી ચાલશે. વાટાઘાટોના આ રાઉન્ડમાં ટેરિફ સહિતના ઘણા ગંભીર મુદ્દાઓ પર ચર્ચા ચાલી રહી છે. ત્યારબાદ આગામી રાઉન્ડ અમેરિકામાં થશે.

તમને જણાવી દઈએ કે, બંને પક્ષો ૯ જુલાઈ પહેલા એક અર્લી હાર્વેસ્ટ વેપાર કરાર કરવાની દિશામાં ઝડપથી કામ કરી રહ્યા છે. ત્યારબાદ પ્રથમ તબક્કાનો દ્વિપક્ષીય વેપાર કરાર (મ્છ) સપ્ટેમ્બર-ઓક્ટોબર ૨૦૨૫માં લાવવામાં આવશે.

### ન્યાયતંત્ર સ્વતંત્ર હોવું જરૂરી

# કોલેજિયમ સિસ્ટમમાં ખામી હોવાનો સુપ્રીમના જજનો સ્વીકાર

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૮ ।**

સુપ્રીમ કોર્ટના વરિષ્ઠ ન્યાયાધીશ જસ્ટિસ સૂર્યકાંતે ન્યાયપાલિકાની સ્વતંત્રતા અને કોલેજિયમ સિસ્ટમનો જોરદાર બચાવ કરતા કહ્યું કે, તેમાં ખામીઓ હોવા છતાં, આ સિસ્ટમ ન્યાયતંત્રની સ્વાયત્તતા જાળવવા માટે એક મહત્વપૂર્ણ સંસ્થાકીય સુરક્ષા તંત્ર છે. અમેરિકાના સિએટલ યુનિવર્સિટીમાં ૪ જૂનના રોજ ધ ક્વાયટ સેન્ટીનેલઃ કોર્ટ્સ, ડેમોક્રેસી એન્ડ ધ ડાયલોગ એક્રોસ બોર્ડર્સ વિષય પર વ્યાખ્યાન આપતા જસ્ટિસ સૂર્યકાંતે કહ્યું કે, કોલેજિયમ સિસ્ટમ કાર્યપાલિકા અને વિધાનસભાના હસ્તક્ષેપને મર્યાદિત કરે છે, જેનાથી ન્યાયિક નિષ્પક્ષતા સુરક્ષિત રહે છે. જોકે, તેમણે એ સ્વીકાર્યું કે, કોલેજિયમ સિસ્ટમને પારદર્શિતાના અભાવ અને નિર્ણય લેવાની પ્રક્રિયામાં સ્પષ્ટ માપદંડોના અભાવ માટે ટીકાનો સામનો કરવો પડ્યો છે, પરંતુ તાજેતરના વર્ષોમાં સુપ્રીમ કોર્ટ તરફથી પારદર્શિતા અને જાહેર વિશ્વાસ વધારવાની દિશામાં ગંભીર પ્રયાસો કરવામાં આવ્યા છે.

જસ્ટિસ સૂર્યકાંતે ન્યાયપાલિકાની નીતિ નિર્માણમાંવધતી ભૂમિકા પર પોતાના વિચારો વ્યક્ત કરતા પૂછ્યું કે, નીતિ નિર્માણમાં અદાલતો ક્યાં સુધી જઈ શકે છે? ન્યાયિક રચનાત્મકતા ગુણ છે કે એક દોષ છે? તેમણે પોતે આ સવાલોનો જવાબ આપતા કહ્યું કે, જ્યારે અદાલતો બંધારણ અને નૈતિક સ્પષ્ટતાના આધારે નબળા વર્ગોને સશક્ત બનાવવા માટે પગલાં ભરે છે, ત્યારે તેઓ લોકતંત્રને નબળુ નથી પાડતા પરંતુ તેને મજબૂત બનાવે છે. જસ્ટિસ સૂર્યકાંતે કહ્યું કે, ભારતીય ન્યાયપાલિકા બંધારણીય નૈતિકતાનું રક્ષક છે અને તે ભારતીય લોકશાહીની નૈતિક કરોડરજ્જુ છે.

### દેશમાં કોરોનાના કેસ ૬૦૦૦ને પાર

# ૯ દિવસમાં ૫૮ મોત, માત્ર ૧૬ દિવસમાં ૨૩ ગણા વધ્યા કેસ

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૮ ।**

દેશમાં કોરોનાના કેસ ઝડપથી વધી રહ્યા છે. દરેક રાજ્યોમાં કોરોના વાયરસના કેસમાં ઝડપથી વધારો થઈ રહ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં કોવિડના ૩૭૮ નવા કેસ નોંધાયા છે, જેના પછી સક્રિય કેસની કુલ સંખ્યા ૬૦૦૦ ને પાર થઈ ગઈ છે. છેલ્લા ૨૪ કલાકમાં કોવિડને કારણે ૬ લોકોના મોત પણ થયા છે. આરોગ્ય મંત્રાલયની વેબસાઈટ પર ઉપલબ્ધ માહિતી અનુસાર, કેરળ કોરોનાથી સૌથી વધુ પ્રભાવિત રાજ્ય છે. કેરળ પછી, ગુજરાત, પશ્ચિમ બંગાળ અને દિલ્હીમાં કોવિડના વધુ કેસ નોંધાયા છે. જોકે, નિષ્ણાતોના મતે કોવિડનો નવો પ્રકાર ખતરનાક નથી. જો આપણે છેલ્લા ૪૮ કલાકની વાત કરીએ તો દેશમાં કોવિડના કેસમાં ૭૬૯ દર્દીઓનો વધારો થયો છે. આ બધા કેસ એકદમ હળવા છે



અને દર્દી ઘરે સારવાર હેઠળ સ્વસ્થ થઈ શકે છે. આરોગ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર ફક્ત અરુણાચલ પ્રદેશ અને મિઝોરમમાં જ કોવિડનો કોઈ એક્ટિવ કેસ નથી. તમને જણાવી દઈએ કે ૨૨ મેના રોજ દેશમાં ફક્ત ૨૫૭ સક્રિય કેસ હતા, પરંતુ કેસોમાં સતત વધારા બાદ આ સંખ્યા અત્યાર સુધી ૬૧૩૩ પર પહોંચી ગઈ છે. કેન્દ્ર સરકારે રાજ્યોને ઓક્સિજન, આઈસોલેશન બેડ, વેન્ટિલેટર અને આવશ્યક દવાઓની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા નિર્દેશ આપ્યો છે.

## જનરલ મુનીરે ફરી એકવાર કાશ્મીરનો મુદ્દો ઉઠાવ્યો

**। (એજન્સી) ઈસ્લામાબાદ, તા.૮ ।**

પાકિસ્તાન સુધરવાનું નામ નથી લઈ રહ્યું. બકરી ઈદના અવસરે ફરી એકવાર તેણે કાશ્મીરનો રાગ આલાપ્યો છે. પાકિસ્તાની સેના પ્રમુખ જનરલ આસિમ મુનીરે શનિવારે નિયંત્રણ રેખા (LoC) પર આવેલી અગ્રીમ ચોકીઓની મુલાકાત લીધી અને ત્યાં તૈનાત સૈનિકો સાથે મુલાકાત કરી. જનરલ મુનીરે તેમના સૈનિકોને બકરી ઈદની શુભેચ્છાઓ પાઠવી અને તેમની સાથે વાતચીત પણ કરી. પાકિસ્તાની સેનાની મીડિયા શાખા ઈન્ટર-સર્વિસ પબ્લિક રિલેશન્સ (ISPR) દ્વારા જાહેર કરાયેલા નિવેદનમાં જણાવાયું છે કે, જનરલ મુનીરે સૈનિકોના મનોબળ, યુદ્ધની તૈયારી અને સતર્કતાની પ્રશંસા કરી. તેમણે સૈનિકોને કહ્યું કે પરિવારથી દૂર રહીને ઈદ મનાવવી એ આ વાતનું પ્રતીક છે કે તેઓ રાષ્ટ્રસેવાને સર્વોપરી માને છે. એટલું જ નહીં જનરલ મુનીરે તેમના સૈનિકોની વચ્ચે તાજેતરમાં સર્જાયેલી યુદ્ધ જેવી પરિસ્થિતિનો ઉલ્લેખ કર્યો અને દાવો કર્યો કે પાકિસ્તાને ભારતને આકરો જવાબ આપ્યો છે. મુનીરની આ ટિપ્પણી સીધી રીતે ભારતની તાજેતરની સૈન્ય કાર્યવાહીઓના જવાબમાં આપવામાં આવી હોવાનું માનવામાં આવે છે. જનરલ મુનીરે LoC પરની તેમની મુલાકાત દરમિયાન ફરી એકવાર કાશ્મીરનો મુદ્દો ઉઠાવ્યો. તેમણે પાકિસ્તાનના તથાકથિત 'સૈદ્ધાંતિક વલણ'નું પુનરાવર્તન કરતા કશ્મીરી જનતાને સમર્થન આપવાનું ચાલું રાખવાનો સંકલ્પ વ્યક્ત કર્યો. geo.tvના જણાવ્યા મુજબ, મુનીરે કહ્યું કે કાશ્મીરી જનતાનો ન્યાયપૂર્ણ અને સાહસિક સંઘર્ષ ક્યારેય ભૂલાશે નહીં. તેમણે આ વાત પર ભાર આપ્યો કે જમ્મુ-કાશ્મીર વિવાદનું સમાધાન ત્યાંની જનતાની આકાંક્ષાઓ અને સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદના સંબંધિત ઠરાવોના અનુરૂપ જ હોવું જોઈએ. આ પહેલીવાર નથી કે પાકિસ્તાને કોઈ ધાર્મિક કે સૈન્ય અવસરે કાશ્મીરનો મુદ્દો ઉછાળ્યો હોય. હકીકતમાં, કાશ્મીર પાકિસ્તાનની વિદેશ નીતિનું સ્થાયી હથિયાર બની ગયું છે, ખાસ કરીને જ્યારે તેને આંતરિક સંકટો કે આંતરરાષ્ટ્રીય દબાણનો સામનો કરવો પડે છે. ભારતે વારંવાર સ્પષ્ટ કર્યું છે કે જમ્મુ-કાશ્મીર અને લદ્દાખ કેન્દ્રશાસિત પ્રદેશો હતા, છે અને હંમેશા ભારતનો અભિન્ન અને અવિભાજ્ય ભાગ રહેશે. આંતરરાષ્ટ્રીય સમુદાયનું વલણ પણ હવે પહેલાં કરતાં વધુ સંતુલિત અને ભારતના વલણને અનુકૂળ દેખાય છે. ૨૨ એપ્રિલે જમ્મુ-કાશ્મીરના પહલગામમાં થયેલા આતંકવાદી હુમલાએ ભારત-પાકિસ્તાન વચ્ચેના તણાવને ફરી ભડકાવ્યો હતો. આ હુમલામાં ૨૬ પ્રવાસીઓના મૃત્યુ થયા હતા. ત્યારબાદ ભારતે ૭ મેના રોજ પાકિસ્તાન અને પાકિસ્તાન-અધિકૃત કાશ્મીરમાં આતંકવાદી ઠેકાણાઓ પર ચોક્કસ હુમલા કર્યા હતા. ચાર દિવસ સુધી બંને દેશો વચ્ચે સરહદી વિસ્તારોમાં તણાવ જોવા મળ્યો હતો.



સિક્કિમના ભૂસ્ખલનગ્રસ્ત ચેટેન વિસ્તારમાંથી લોકોને બહાર કાઢવામાં આવી રહ્યા છે.

# ૪ વર્ષ બાદ કોંગ્રેસના બે દિગ્ગજ નેતાની મુલાકાતની ચારેકોર ચર્ચા

**। (એજન્સી) જયપુર, તા.૮ ।**

રાજસ્થાન એક એવું રાજ્ય છે જ્યાં દર ૫ વર્ષે કોંગ્રેસ અને ભાજપ વચ્ચે સત્તા બદલાય છે. હાલમાં અહીં ભાજપ સત્તામાં છે. ગત વિધાનસભા ચૂંટણીમાં ભાજપે મોટી જીત મેળવી હતી અને અશોક ગેહલોતની સરકારને દૂર કરી હતી. વિધાનસભા ચૂંટણીમાં હાર સમયે રાજકીય વર્તુળોમાં ચર્ચા હતી કે રાજ્ય કોંગ્રેસમાં પરિવર્તનની જરૂર છે. અશોક ગેહલોત અને સચિન પાયલટ વચ્ચે વર્ષો જૂની રાજકીય દુશ્મનાવટ અંગે પણ ચર્ચા થઈ હતી. પરંતુ લોકસભા ચૂંટણીમાં કોંગ્રેસે અપેક્ષા કરતાં વધુ સારા પરિણામો મેળવીને ભાજપને મોટો ઝટકો આપ્યો હતો. કોંગ્રેસે તેના ગઠબંધન ભાગીદારો સાથે મળીને રાજ્યમાં ૨૦ માંથી ૧૧ બેઠકો જીતી હતી. જો કે, લોકસભા ચૂંટણી પછી, રાજસ્થાનનું રાજકારણ ફરી ઠંડુ પડી ગયું છે. કારણ કે રાજ્યમાં ચૂંટણી માટે હજુ ઘણો સમય બાકી છે. પરંતુ શનિવારે જ્યારે અચાનક સચિન પાયલટે અશોક ગેહલોતના ઘરે મુલાકાત કરવા પહોચ્યા ત્યાં ફરી હલચલ શરુ થઈ છે. એવું કહેવાય છે કે આ પહેલી વાર હતું જ્યારે સચિન પાયલટે અશોક ગેહલોતના ઘરે મુલાકાત લીધી હોય. ગેહલોત-પાયલટની મુલાકાત અને બંધ બારણે થયેલી વાતચીતથી રાજસ્થાનના રાજકારણમાં અચાનક હલચલ ગઈ છે. એક જ પક્ષના બે વિરોધી નેતાઓની મુલાકાતને કારણે રાજસ્થાનના રાજકીય વાતાવરણમાં પરિવર્તનની ચર્ચા થઈ રહી છે. આ મુલાકાતનો અર્થ શું છે? પાયલટ આ સમયે ગેહલોતના ઘરે કેમ ગયા? એવા પ્રશ્નો ઉઠવા લાગ્યા છે. અશોક ગેહલોત અને સચિન પાયલટ વચ્ચે થયેલી મુલાકાતના ફોટો અને વીડિયો પણ સામે આવ્યા છે. એવું કહેવામાં આવ્યું છે કે સચિન પાયલટ પોતે ગેહલોતના નિવાસસ્થાને પહોંચ્યા હતા. બંને નેતાઓએ લગભગ દોઢ કલાક સુધી બંધ રૂમમાં વાતચીત કરી હતી. પાર્ટી અને રાજ્યને લગતા વિવિધ મુદ્દાઓ પર ચર્ચા થઈ હતી. આ સાથે સચિન પાયલટે અશોક ગેહલોતને એક ખાસ કાર્યક્રમ માટે આમંત્રણ પણ આપ્યું હતું. આ મુલાકાત દરમિયાન, સચિન પાયલોટે રાજેશ પાયલટની ૨૫મી પુણ્યતિથિ પર આયોજિત કાર્યક્રમમાં અશોક ગેહલોતને આમંત્રણ આપ્યું હતું. બેઠક પછી, અશોક ગેહલોતે કહ્યું, રાજેશ પાયલટ અને હું ૧૯૮૦ માં પહેલીવાર લોકસભામાં સાથે પહોંચ્યા હતા. અમે લગભગ ૧૮ વર્ષ સુધી સંસદમાં સાથે રહ્યા. તેમના અચાનક અવસાનથી અમને હજુ પણ દુઃખ છે. તેમનું વિદાય પાર્ટી માટે પણ ઊંડો આઘાત હતો. સચિન પાયલટ અને અશોક ગેહલોત વચ્ચે ૩ મહિનામાં આ ત્રીજી મુલાકાત છે. એપ્રિલની શરૂઆતમાં, બંને અમદાવાદ અને જયપુર એરપોર્ટ પર મળ્યા હતા અને ચર્ચા કરી હતી.

## પોરબંદરના માજી સાંસદ બળવંત મણવરનું નિધન

। (એજન્સી) પોરબંદર, તા.૮ ।

ગુજરાત કોંગ્રેસના જૂના જોગી અને એક સમયના લડાયક યોદ્ધા તરીકે જાણીતા બળવંત મણવરનું ૮૩ વર્ષની વયે લાંબી માંદગી બાદ નિધન થતાં રાજકીય શોક છવાયો છે. પાટીદાર નેતા બળવંત મણવર ઉપલેટાના ધારાસભ્ય પણ રહી ચૂકી છે. પોરબંદરના માજી સાંસદ બળવંત મણવરનું ડુમયાણીમાં નિવાસસ્થાને અવસાન થયું છે. તેઓએ માધવસિંહ સોલંકીની સરકારમાં ૧૯૮૦-૮૫ સુધી શિક્ષણમંત્રી તરીકે સેવા આપી હતી હતી. બળવંતભાઈ મણવર ૧૯૮૯માં પોરબંદર મતવિસ્તારથી જનતા દળના સભ્ય તરીકે લોકસભામાં ચૂંટાયા હતા. તેમણે ૧૯૮૯ થી ૧૯૯૧ સુધી આ પદ પર સેવા આપી હતી. તેઓ ૧૯૮૦ થી ૧૯૮૪ સુધી ગુજરાતમાં શિક્ષણ મંત્રી પદે રહ્યા હતા. તેઓ કોંગ્રેસમાં ૧૫ વર્ષ સુધી સેક્રેટરી પદે પણ રહી ચૂક્યા હતા. બળવંત મણવર એમ.એ. અને એલ.એલ.બી.ની ડિગ્રી ધરાવતા હતા. વ્યવસાયે તેઓ શિક્ષક અને ખેડૂત તરીકે જાણીતા હતા.

## વડોદરામાં આઈપીએલની જેમ બરોડા પ્રીમિયર લીગનું આયોજન

। (એજન્સી) વડોદરા, તા.૮ ।

વડોદરાના સયાજીબાગ ખાતે બરોડા ક્રિકેટ એસોસિએશન (BCA) દ્વારા બરોડા પ્રીમિયર લીગ (BPL) ક્રિકેટ ટુર્નામેન્ટના પ્રમોશન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં યોગા, ઝુંબા ડાન્સ, સ્કેટિંગ, ક્રિકેટ અને ચેસ જેવી દેશી તેમજ આધુનિક રમતોનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં લોકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કાર્યક્રમનો શુભારંભ BCAના અધ્યક્ષ, વડોદરા પોલીસ કમિશનર, મ્યુનિસિપલ કમિશનર સહિતના મહાનુભાવોની ઉપસ્થિતિમાં બલૂન ઉડાવીને કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે BPLની પાંચેય ટીમોના ટી-શર્ટનું લોન્ચિંગ પણ કરવામાં આવ્યું હતું. નોંધનીય છે કે, બરોડા ક્રિકેટ એસોસિએશન દ્વારા IPLની જેમ જ બરોડા પ્રીમિયર લીગનું આયોજન કરવામાં આવે છે.





કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહએ મદુરાઈના મીનાક્ષી અમ્માન મંદિરમાં પૂજા કરી.

### સ્યુસાઈડ નોટમાં લખ્યું હું થાકી ગયો છું

## મહેસાણામાં પતિ-પત્નીએ બાળક સાથે કેનાલમાં કૂદી જીવન ટૂંકાવ્યું

### સ્યુસાઈડ મળી છે જેમાં દાવો કરવામાં આવી રહ્યો છે કે, આ પરિવારે વ્યાજખોરના ત્રાસથી આપઘાત કર્યો છે

। (એજન્સી) મહેસાણા, તા.૮ ।

રાજ્યમાં આપઘાતની ઘટનાઓમાં સતત વધારો થઈ રહ્યો છે અને સમયાંતરે વિવિધ કારણોસર જીવન ટૂંકાવવાનાં બનાવો સામે આવી રહ્યાં છે. આ દરમિયાન મહેસાણાના કડીથી સામૂહિક આપઘાતની ઘટના સામે આવી છે. પતિ-પત્ની અને બાળકે નર્મદા કેનાલમાં કૂદીને જીવન ટૂંકાવ્યું હતું. આપઘાત કરતા પહેલા પરિવારે સ્યુસાઈડ નોટ લખી હતી, જેના આધારે પોલીસે તપાસ હાથ ધરી છે.

મળતી માહિતી અનુસાર, મહેસાણાના કડીમાં ૩૮ વર્ષીય ધર્મેશ પંચાલ, ૨૬ વર્ષીય ઉર્મિલાબેન પંચાલ અને ૧૦ વર્ષીય પ્રકાશ પંચાલે નર્મદા કેનાલમાં ઝંપલાવી જીવન ટૂંકાવ્યું છે, આ પરિવાર શંખેશ્વરમાં રહેતો હતો. મૃતકોની કારમાંથી મોબાઈલ અને એક સ્યુસાઈડ નોટ મળી આવી છે. જેમાં દાવો કરવામાં આવી રહ્યો છે કે, આ પરિવારે વ્યાજખોરના ત્રાસથી આપઘાત કર્યો છે. પરંતુ તેમાં વ્યાજખારોના નામનો ઉલ્લેખ નથી. પોલીસે ત્રણેયના મૃતદેહને પીએમ માટે સરકારી હોસ્પિટલમાં ખસેડયા છે અને પોલીસે પરિવારના અન્ય સભ્યોના નિવેદન પણ લીધા છે અને ગુનો નોંધીને આગળની કાર્યવાહી કરી છે.

આપઘાત કરતા પહેલા પરિવારે સ્યુસાઈડ નોટમાં લખ્યું હતું કે, બધાને મારા છેલ્લા રામ રામ, મને પણ જીવન જીવવાની ઈચ્છા હતી. પરંતુ કેટલાક માણસોએ મારી જિંદગી બરબાદ કરી નાખી છે. એ લોકોએ મારો ફાયદો ઉઠાવીને વ્યાજનું પણ વ્યાજ લીધુ છે અને મને ધમકી આપતા હતા. મને માસિક રીતે ખૂબ ટોર્ચરિંગ કરતા હતા. મારી પાસે મરવા સિવાઈ કોઈ રસ્તો નથી. હું એવા ચકડોળમાં ફસાયો કે બહાર નીકળવું મારે માટે શક્ય નથી. આજે હું મરવા જઈ રહ્યો છું તમે આ પત્ર વાંચશો ત્યારે હું આ દુનિયા છોડી ચુક્યો હશે. સરકાર શ્રીને જણાવવાનું કે આ લોકો મારી પત્ની અને બાળકને જીવવા દે. બધા ભેગા મળીને મને બહુ માનસીક ત્રાસ આપતા હતા.

### મોતનું મંજર જોઈ રુંવાડા ઉભા થઈ જશે

## પાંચ દિવસ પહેલા જ સગાઈ થઈ હતી, દુકાનમાં બેઠા બેઠા આવ્યો હાર્ટ એટેક

### યુવા વેપારી ઋષભ ગાંધીને હાર્ટઅટેક આવ્યો : બપોરે દુકાનમાં એટેક આવતા સમગ્ર ઘટના સીસીટીવીમાં કેદ

। (એજન્સી) સુરત, તા.૮ ।

ગુજરાતમાં જીમ, ગરબા અને ક્રિકેટ રમતી વખતે હાર્ટ એટેકથી મૃત્યુની ઘટનાઓ બાદ હવે સુરતમાં એક હૃદયદ્રાવક ઘટના પ્રકાશમાં આવી છે. પાંચ દિવસ પહેલા એક કાપડ ઉદ્યોગપતિની સગાઈ થઈ હતી. આ પછી પરિવારમાં ખુશીનો માહોલ હતો પરંતુ કાપડ ઉદ્યોગપતિનું તેની દુકાનમાં હૃદયરોગના હુમલાથી મૃત્યુ થયું. ગુજરાતમાં હૃદયરોગના હુમલાની એક હૃદયદ્રાવક ઘટના પ્રકાશમાં આવી છે. સુરતમાં ખુરશી પર બેઠેલા એક યુવકે પીવાના પાણીની બોટલ ઉપાડી હતી પરંતુ તે પહેલાં તેને હૃદયરોગનો હુમલો આવ્યો હતો. કાપડ વ્યવસાય સાથે સંકળાયેલા યુવકની પાંચ દિવસ પહેલા સગાઈ થઈ હતી. હૃદયરોગના હુમલાની ઘટના સમયે દુકાનમાં અન્ય ચાર લોકો હાજર હતા પરંતુ તેઓ કંઈ ખાસ કરી શક્યા નહીં. દુકાનમાં હાજર સ્ટાફે તાત્કાલિક કાર મંગાવી હતી પરંતુ યુવાનને હોસ્પિટલમાં મૃત જાહેર કરવામાં આવ્યો હતો. આ હૃદયદ્રાવક ઘટના દુકાનમાં લગાવેલા સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગઈ છે. માહિતી મુજબ, સુરતમાં કાપડ વ્યવસાય સાથે સંકળાયેલા ઋષભ ગાંધી (ઉંમર ૨૭ વર્ષ) ની પાંચ દિવસ પહેલા સગાઈ થઈ હતી. આ કાર્યક્રમ પછી પરિવારમાં ખુશીનો માહોલ હતો. ઋષભ દુકાનમાં સ્ટાફ સાથે હાજર હતો. દુકાનમાં નરેન્દ્ર મોદી સ્ટેડિયમ અને બીજી કેટલીક બાબતો વિશે વાત કરી રહ્યા હતા. પછી ખુરશી પર બેઠેલા ઋષભે પાણી પીવા માટે સામે રાખેલી પાણીની બોટલ ઉપાડી પરંતુ તેનું ઢાંકણ ખોલતા પહેલા જ તેને હાર્ટ એટેક આવ્યો. સ્થળ પર હાજર સ્ટાફે તાત્કાલિક CPR આપીને તેનો જીવ બચાવવાનો પ્રયાસ કર્યો પરંતુ ઋષભનું મોત નીપજ્યું. હાર્ટ એટેકની આ ઘટના CCTVમાં કેદ થયા બાદ, બધા ચોંકી ગયા છે કે ૨૭ વર્ષીય યુવકનું મૃત્યુ કેવી રીતે થયું?

### ઘોડાસરના પુનિત નગર ક્રોસિંગની ઘટના

## પ્રોટેક્શન મની ન આપતા વેપારી પર છરી અને ધોકા વડે હુમલો

। (એજન્સી) અમદાવાદ, તા.૮ ।

અમદાવાદમાં વધુ એક સીસીટીવી વાયરલ થયા છે, જેમાં અમુક શખ્સો છરી, લાકડી અને ધોકાથી મોબાઈલના વેપારી પર તૂટી પડ્યા છે. અમદાવાદના વટવા જીઆઈડીસી પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ ઘોડાસરના પુનિત નગર ક્રોસિંગના જે સમગ્ર બનાવ ગઈ રાત્રીએ બનવા પામ્યો છે. જો વટવા જીઆઈડીસી પોલીસ સ્ટેશનના ચોપડે નોંધાયેલી ફરિયાદની વિગતોની વાત કરવામાં આવે તો વટવા જીઆઈડીસી પોલીસ સ્ટેશન વિસ્તારમાં કમલેશ સમતાણી રાધે મોબાઈલ નામની દુકાન ચલાવે છે અને આ પ્રકારની મોબાઈલની દુકાનો આસપાસના વિસ્તારમાં આ ફરિયાદી કમલેશ સમતાણીને ૪ થી ૫ દુકાનો ચલાવે છે અને મોબાઈલ લે-વેચનો ધંધો કરે છે.

ત્યારે ઈજાગ્રસ્ત ફરિયાદી કમલેશ સમતાણીને છેલ્લા ઘટના દિવસથી જય ગઢવી નામનો ગુનેગાર વોટ્સએપ કોલ કરીને ધમકીઓ આપી રહ્યો હતો કે, જો આ વિસ્તારમાં તમારે મોબાઈલની દુકાન ચલાવવી હોય તો ૫૦ લાખની ખંડણી આપવાની રહેશે. ત્યારે ફરિયાદી છેલ્લા ૧૫ દિવસથી ઉત્તરાખંડ ખાતે પરિવાર સાથે ફરવા માટે ગયા હતા અને ગઈ રાત્રીએ જ્યારે ફરિયાદી કમલેશ સમતાણી રાત્રે એક વાગે એરપોર્ટ ખાતે આવ્યા. ત્યારે જય ગઢવી નામના શખ્સો ફરી ફોન આવ્યો હતો અને કહ્યું હતું કે, તારી દુકાન રાધે મોબાઈલ ખાતે મળવા માટે આવો ત્યારે ફરિયાદી કમલેશ સમતાણી રાત્રે અઢી વાગ્યાની આસપાસ એકલા રાધે મોબાઈલ ખાતે મળવા માટે ગયા હતા.

જય ગઢવી અને વિશાલ ઉર્ફે ઉલિયો સહિતના ૦૯ શખ્સો એ છરી, લાકડી અને ધોકાથી મોબાઈલના વેપારી ફરિયાદી કમલેશ સમતાણી પર જીવલેણ હુમલો કરવામાં આવ્યો હતો. જે સમગ્ર બનાવ સીસીટીવીમાં કેદ થવા પામ્યો હતો. આરોપીઓ જીવલેણ હુમલો કરીને ઘટનાસ્થળ પરથી ફરાર થઈ ગયા હતા અને ઈજાગ્રસ્ત મોબાઈલના વેપારી કમલેશ સમતાણીને સારવાર અર્થે હોસ્પિટલમાં ખેસડયા હતા. બાદમાં વટવા જીઆઈડીસી પોલીસેને જાણ કરતા પોલીસે ૯ શખ્સો સામે ફરિયાદ નોંધીને તપાસ શરુ કરી છે. વટવા જીઆઈડીસી પોલીસે જય ગઢવી અને વિશાલ ઉર્ફે ઉલિયો સહિત ૯ શખ્સો સામે જીવલેણ હુમલો, રાયોટીંગ સહિતની કલમ હેઠળ ફરિયાદ નોંધીને આરોપીને ઝડપવા તજવીજ હાથ ધરી છે. પોલીસની પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે. આ ગેંગનો મુખ્ય આરોપી જય ગઢવી છે. જે ફરિયાદીની રાધે મોબાઈલ દુકાનની પાછળના ભાગમાં રહે છે અને ૫૦ લાખની ખંડણી માંગી હતી.

### ગોપાલ ઈટાલીયાનો કિરીટ પટેલ પર ગંભીર આરોપ

## સહકારી બેંકના ચેરમેન બનવા ૬૦ જેટલી નકલી સહકારી મંડળીઓ ઉભી કરી દીધી

### વિસાવદર વિધાનસભાની પેટા ચૂંટણી માટે આમ આદમી પાર્ટીના ઉમદવાર ગોપાલ ઈટાલીયાએ પ્રચાર શરુ કર્યો

। (એજન્સી) જૂનાગઢ, તા.૮ ।

રાજ્યમાં કડી અને વિસાવદર વિધાનસભાની પેટા ચૂંટણીનું રણશીંગુ ફુકાઈ ચૂક્યું છે. આગામી ૧૯ જૂને સવારથી સાંજ સુધી મતદાન યોજાશે. મતદાન બાદ ૨૩ જૂને મતગણતરી થશે અને તે જ દિવસે પરિણામ જાહેર કરવામાં આવશે. જો કે, આ પહેલા દરેક રાજકીય પાર્ટીઓ દ્વારા આરોપપ્રત્યારોપનો દૌર શરુ થઈ ગયો છે. વિસાવદર વિધાનસભાની પેટા ચૂંટણી માટે આમ આદમી પાર્ટીના ઉમદવાર ગોપાલ ઈટાલીયાએ સૌથી પહેલા પ્રચાર શરુ કરી દીધો હતો. તેઓ છેલ્લા ૫૦થી વધુ દિવસથી આ વિસ્તારમાં પ્રચાર કરી રહ્યા છે. તાજેતરમાં તેમણે ચોકલી,વડાલ સહિતના ગામડાઓમાં ડોર ટુ ડોર પ્રચાર કર્યો હતો. જેમાં મોટી સંખ્યામાં આમ આદમી પાર્ટીના કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. ગોપાલ ઈટાલિયાનું ગામડામાં સ્વાગત કરવામાં આવ્યું હતું.

ગોપાલ ઈટાલીયાએ ગામડાઓના મંદિર અને હવેલીના દર્શન કર્યા હતા. આ ઉપરાંત ગામડાના ખેડૂતોથી લઈ અને વેપારીઓ સાથે વાત કરી હતી. મહેશગીરીનું નામ લીધા વિના ગોપાલ ઈટાલીયા એ કહ્યું હું ભગવાનમાં નથી માનતો એ કોણ નક્કી કરે છે. તેમણે કહ્યું કે, ભેસાણ વિસાવદરમાં સૌથી મોટો મુદ્દો સહકારી મંડળીઓમાં થયેલું કરોડોનું કૌભાંડ છે. આ ઉપરાંત કૃષિ મંત્રી ઘણા સમયથી અહીં ફરે છે ખેડૂતોને ઉનાળુ પાકમાં નુકસાનને લઈને સહાય મળવી જોઈએ. અહીં ખેતી અને ખેડૂતોનો સૌથી મોટો મુદ્દો છે. આપ ઉમેદવાર ગોપાલ ઈટાલિયાએ સહકારી મંડળીઓમાં ભ્રષ્ટાચાર મામલે ગંભીર આક્ષેપો કર્યા છે. તેમણે ભાજપ ઉમેદવાર કિરીટ પટેલ પર આક્ષેપ કર્યા છે. સહકારી બેંકના ચેરમેન બનવા નકલી ૬૦ જેટલી સહકારી મંડળીઓ ઉભી કરી હોવાનો આક્ષેપ કર્યો હતો. ખેડૂતોના નામે લોન અને રોકડ લઈ ખેડૂતોને જ નોટિસ ફટકારી ઉઘરાણી શરૂ કરાઈના આક્ષેપ કરવામાં આવ્યા છે.

### બે બોટ દ્વારા શોધખોળ શરૂ

## સુરતમાં આરોપીએ પોલીસથી બચવા નદીમાં છલાંગ મારી

। (એજન્સી) સુરત, તા.૮।

સુરતથી ફિલ્મી સ્ટાઈલની વિચિત્ર ઘટના સામે આવી છે. આરોપીએ પોલીસથી બચવા માટે નદીમાં છલાંગ લગાવી કૂદકો લગાવી ભાગી ગયો હતો. પોલીસ આરોપીને લઈ જઈ રહી હતી ત્યારે આરોપીએ તકનો લાભ લઈ કૂદકો લગાવીને નદીમાં આવેલા ટાપુ પર પહોંચી ગયો હતો. પોલીસે તાત્કાલિક કંટ્રોલ રૂમ દ્વારા ફાયર વિભાગને જાણ કરી હતી.

ઘટનાની જાણ થતાં ફાયરના જવાનો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. ફાયરના જવાનો અને સ્થાનિક રહીશો બોટની મદદ વડે આરોપી શોધખોળ શરૂ કરી હતી.

આ ઘટનામાં પોલીસે બેદરકારી પણ છતી થઈ છે. આવી ઘટનાઓ ફિલ્મોમાં જ જોવા મળતી હોય છે ત્યારે સુરતમાં હકીકતમાં પોલીસને થાપ આપીને ફિલ્મી સ્ટાઈલમાં નાસી છૂટ્યો છે.

અમદાવાદના પણ સાતમી જૂનના રોજ ઓઢવ વિસ્તારમાં પોલીસ એક વોન્ટેડ આરોપીની ધરપકડ કરવા માટે શિવમ આવાસ યોજનાના ફલેટમાં પહોંચી હતી. અભિષેક તોમર નામના આરોપીએ પહેલાં પોલીસથી બચવા માટે ભાગવાનો પ્રયાસ કર્યો હતો. આ દરમિયાન તે ભાગવાનો પ્રયાસ કરતા પાંચમાં માળની ગેલેરીમાંથી બહાર નીકળી ડક પર પહોંચી ગયો હતો, પરંતુ બાદમાં ત્યાંથી ભાગવાનો માર્ગ ન મળતા આરોપીએ પોલીસને ધમકી આપી હતી કે, જો તમે મારી ધરપકડ કરી તો, હું પાંચમા માળેથી પડતું મૂકીને આત્મહત્યા કરી લઈશ. જો કે, પોલીસે કલાકોની જહેમત બાદ આ આરોપીને સફળતાપૂર્ક ઝડપી લીધો હતો.

### પોલીસ ફરિયાદ ન નોંધતા પરિવારમાં રોષ

## સુસાઇડ નોટમાં SP-PIના નામ લખી પાલનપુરના કોન્સ્ટેબલે ફાંસો ખાધો

### પાલનપુર તાલુકાના જગાણા ગામે પોલીસ કોન્સ્ટેબલ વિઠ્ઠલ ચૌહાણે પોતાના ઘરના રૂમમાં ગળે ફાંસો ખાધો

। (એજન્સી) બનાસકાંઠા, તા.૮ ।

પાલનપુર તાલુકાના જગાણા ગામે પોલીસ કોન્સ્ટેબલ વિઠ્ઠલ ચૌહાણે પોતાના ઘરના રૂમમાં ગળે ફાંસો ખાઈ આપઘાત કરી લીધો છે. આ પગલું ભરતા પહેલા કોન્સ્ટેબલ ચૌહાણે એક સુસાઇડ નોટ લખી હતી અને પોલીસ પર ગંભીર આરોપો મૂક્યા હતા. જેથી પોલીસ વિભાગમાં પણ ખળભળાટ મચી ગયો છે. અને હાલની માહિતી મુજબ આ અંગે પોલીસ પણ ફરિયાદ નોંધી રહી નથી. આપઘાત કરનાર કોન્સ્ટેબલ વિઠ્ઠલ ચૌહાણ ભુજ જિલ્લામાં ફરજ દરમિયાન સસ્પેન્ડ થયા બાદ સુરત ગ્રામ્યમાં ફરજ બજાવતા હતા. તેમણે આપઘાત પહેલાં લખેલી સુસાઇડ નોટમાં અધિકારીઓ દ્વારા માનસિક ત્રાસ આપવામાં આવતો હોવાનો ગંભીર આરોપ લગાવ્યો છે. નોટમાં પશ્ચિમ કચ્છના SP વિકાસ મુંડા, PI બી. પી. ખરાડી તેમજ નલિયા CHCના મેડિકલ ઓફિસર સામે આક્ષેપો કરવામાં આવ્યા છે. સુસાઇડ નોટમાં કોન્સ્ટેબલ વિઠ્ઠલ ચૌહાણે ઉલ્લેખ કર્યો છે કે, ભુજના જખૌ ખાતે ઓધવરાસ બંદોબસ્ત દરમિયાન તેઓ પીધેલી હાલતમાં પકડાયા હતા, જે બાદ તેમને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. તેમણે દાવો કર્યો છે કે, આ ઘટના બાદ અધિકારીઓ દ્વારા સતત તેમને માનસિક ત્રાસ આપવામાં આવતો હતો, જેના કારણે તેમણે આત્મહત્યા જેવું આકરું પગલું ભર્યું છે. આ ઘટના બાદ મૃતકના પરિવારજનોમાં ભારે આક્રોશ જોવા મળ્યો છે. પરિવારે આરોપ લગાવ્યો છે કે, પોલીસ અધિકારીઓ સામે આક્ષેપો હોવાના કારણે પોલીસ ફરિયાદ નોંધવામાં ટાળાટૂળ કરી રહી છે. પરિવારે સ્પષ્ટ જણાવ્યું છે કે, જ્યાં સુધી ફરિયાદ નોંધાય નહીં, ત્યાં સુધી તેઓ મૃતદેહ સ્વીકારશે નહીં. પાલનપુરની સિવિલ હોસ્પિટલ ખાતે પરિવારની મહિલાઓએ SP વિકાસ મુંડા અને PI બી. પી. ખરાડી સામે ફરિયાદ નોંધવાની માંગ સાથે હોબાળો મચાવ્યો હતો.

